અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૨ | અંક : ૧૬૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**સુપ્રીમ કોર્ટનો કર્ણાટક સરકારને સવાલ** તમે અરજીની કોપી કર્ણાટક સરકારને સોંપો : રાજ્ય સરકારની જાણકારી લીધા બાદ જાન્યુઆરીમાં સુનાવણી કરાશે : સુપ્રીમ કોર્ટ

## મસ્જિદમાં જય શ્રી રામના નારા લગાવવા અપરાધ કેવી રીતે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે મસ્જિદની અંદર જય શ્રી રામના નારા લગાવીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં દાખલ કરાયેલા કેસને રદ કરવા સામે હાઈકોર્ટના આદેશને પડકારતા કેસમાં કર્ણાટક સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. મસ્જિદમાં જય શ્રી રામના નારા લગાવવાને લઈને દાખલ કરવામાં આવેલ કેસને રદ કરવા વિરુદ્ધની અરજી પર નોટિસ જારી કરવા માટે હાલમાં સુપ્રીમ કોર્ટે ઈનકાર કરી દીધો છે. કોર્ટે અરજદારને કહ્યું કે, તમે અરજીની કોપી કર્ણાટક સરકારને સોંપો. રાજ્ય સરકારની જાણકારી લીધા બાદ જાન્યુઆરીમાં આ કેસની સુનાવણી કરાશે. સુપ્રીમ કોર્ટે સોમવારે કર્ણાટક સરકારને પૂછ્યું કે શું કોઈ મસ્જિદમાં જયશ્રી રામના નારા લગાવવા એ અપરાધ છે? આ સાથે કોર્ટે પૂછ્યું કે મસ્જિદમાં કથિત રીતે નારા લગાવનારા આરોપીઓની ઓળખ કેવી રીતે થઈ? જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે એમ પણ પૂછ્યું હતું કે શું આરોપીઓની ઓળખ નક્કી કરતા પહેલા સીસીટીવી ફૂટેજ કે અન્ય કોઈપણ પ્રકારના પુરાવાની તપાસ કરવામાં આવી હતી?



કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લાના કડાબા તાલુકાના રહેવાસી અરજદાર હૈદર અલી તરફથી વરિષ્ઠ વકીલ દેવદત્ત કામત રજૂ થયા હતા. જસ્ટિસ પંકજ મિથલ અને સંદીપ મહેતાની બેન્ચે આ મામલાને સમજવાનો પ્રયાસ કરતાં પૂછ્યું કે ધાર્મિક નારા લગાવવા એ અપરાધ કેવી રીતે બની જાય છે? તેના પર કામતે કહ્યું કે, આ અન્ય ધર્મના ધાર્મિક સ્થળે બળજબરીથી પ્રવેશવાનો અને ધમકાવવાનો પણ મામલો છે. ત્યાં પોતાના ધર્મના નારા લગાવીને આરોપીઓએ સાંપ્રદાયિક સૌહાર્દને બગાડવાનો પ્રયાસ કર્યો છે. કામતે આગળ કહ્યું કે, આ કેસમાં સીઆરપીસીની કલમ ૪૮૨નો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કેસની તપાસ પૂર્ણ થાય તે પહેલા જ હાઈકોર્ટે FIR રદ કરી દીધી. તેના પર ન્યાયાધીશોએ કહ્યું કે, એ જોવું પડશે કે આરોપીઓ સામે કયા પુરાવા છે અને પોલીસે તેમના રિમાન્ડ માગતી વખતે નીચલી અદાલતને શું કહ્યું હતું? ૧૩ સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટે મસ્જિદમાં 'જય શ્રી રામ' ના નારા લગાવનારા બે લોકો કીર્તન કુમાર અને સચિન કુમાર વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી રદ કરી દેવામાં આવી હતી. બંને વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૪૭, ૨૯૫ છ અને ૫૦૬ જેવી કલમો હેઠળ ગેરકાયદે પ્રવેશ, ધાર્મિક સ્થળો પર ભડકાઉ કૃત્યો અને ધમકી આપવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. પરંતુ હાઈકોર્ટના જસ્ટિસ નાગપ્રસન્નાની બેન્ચે કહ્યું કે આ વિસ્તારમાં લોકો સાંપ્રદાયિક સૌહાર્દ સાથે રહી રહ્યા છે. ૨ લોકો દ્વારા કેટલાક નારા લગાવી દેવાથી બીજા ધર્મનું અપમાન ન કહી શકાય. જેના આધારે હાઈકોર્ટે એફઆઈઆર રદ કરી દીધી હતી.

### ન્યૂઝ બ્રિફ

#### ભારત-ચીન LAC વિવાદ ઉકેલાય તેવી સંભાવના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ આવતીકાલે ચીન સાથે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (LAC) અંગે વિશેષ પ્રતિનિધિ સ્તરની વાતચીત કરવા ચીન જઈ રહ્યા છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને ચીન સરહદને લઈને આ બેઠક ૧૭ અને ૧૮ ડિસેમ્બરે યોજાશે. જેમાં ડોભાલ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે ચર્ચા કરશે. આ મુલાકાતને બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સીમા વિવાદના ઉકેલની દિશામાં એક મોટા પગલાં તરીકે જોવામાં આવી રહી છે. ગલવાન અથડામણ બાદ આ વિશેષ પ્રતિનિધિ સ્તરની પ્રથમ બેઠક થશે. બંને દેશો વચ્ચે છેલ્લે આ પ્રકારની ચર્ચા ડિસેમ્બર, ૨૦૧૯માં થઈ હતી.

#### મહારાષ્ટ્રમાં ૧૭૦ કરોડના ખર્ચે બન્યું ઈસ્કોન મંદિર

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

નવી મુંબઈના ખડગપુરમાં ૧૨ વર્ષની મહેનત બાદ ભવ્ય ઈસ્કોન મંદિર બનીને તૈયાર થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આગામી મહિને ૧૫ તારીખે આ મંદિરનું ઉદઘાટન થશે. મંદિરનું નામ રાધા મદનમોહનજી મંદિર રાખવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ મંદિરના નિર્માણમાં ૧૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. મંદિરના ટ્રસ્ટી અને પ્રમુખ સુરદાસ પ્રભુએ કહ્યું કે, આ મંદિર આધુનિક સમયમાં એક મોટું આધ્યાત્મિક કેન્દ્ર બનશે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીં કલ્ચરલ સેન્ટર અને વૈદિક સંગ્રહાલયનો પણ શિલાન્યાસ કરશે. તેમાં ભારતની મહાન સંસ્કૃતિની છબી જોવા મળશે.

ઈન્દિરા ગાંધીની જેમ બાંગ્લાદેશના લઘુમતીઓની રક્ષા કરો : કોંગ્રેસ

## સરકારે બાંગ્લાદેશમાં લઘુમતીઓને બચાવવા જોઈએ : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધીએ આજે સંસદમાં ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અને બાંગ્લાદેશની આઝાદીને યાદ કરીને મોદી સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા છે. આજે બાંગ્લાદેશનો સ્વતંત્રતા દિવસ છે, ત્યારે પ્રિયંકા ગાંધીએ મોદી સરકારને પડોશી દેશોમાં હિન્દુઓ, ખ્રિસ્તીઓ સહિત અન્ય લઘુમતીઓને બચાવવાની અપીલ કરી છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, આજે વિજય દિવસ છે. ૧૯૭૧માં ભારતે યુદ્ધ કરી પાકિસ્તાનને ભોય ભેગું કર્યું હતું, જેના કારણે બાંગ્લાદેશનું નિર્માણ થયું હતું. આ યુદ્ધને ઈન્દિરા ગાંધીની નિર્ણાયક સરકાર અને બહાદુર સૈનિકોએ અંજામ આપ્યો હતો. પ્રિયંકાએ ઈન્દિરા ગાંધીની ઈચ્છા શક્તિનો ઉલ્લેખ કરી મોદી સરકારને અપીલ કરી છે કે, 'તમે પણ તેમની જેમ બાંગ્લાદેશના લઘુમતીઓની રક્ષા કરો.' તેમણે લોકસભામાં સોમવારે કહ્યું કે, 'મોદી



સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ, ખ્રિસ્તીઓ પર થઈ રહેલા અત્યાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવવો જોઈએ. ૧૯૭૧ના જે બહાદુરો અને શહિદોએ યુદ્ધ લડ્યું હતું, હું તેઓને નમન કરું છું. હું દેશની જનતાને પણ નમન કરું છું. કારણ કે તેમના વગર પાકિસ્તાન સામે વિજય મેળવવો અસંભવ હતો. તે વખતે આપણે એકલા હતા અને બંગાળી ભાઈ-બહેનોનો અવાજ કોઈ સાંભળતું ન હતું. તે સમયે ભારતની જનતા સાથે આવી અને નેતૃત્વ સાથે ઉભી રહી.'

તેમણે વધુમાં કહ્યું કે, 'હું ઈન્દિરા ગાંધીને નમન કરવા ઈચ્છું છું. તેઓ આ દેશના મહાન શહીદ છે. તેમણે પડકારજનક સ્થિતિમાં આવું નેતૃત્વ કરી દેખાડ્યું, જેના કારણે તે દેશનો વિજય થયો. એ લડાઈ સિદ્ધાંતોની હતી. મારો પહેલો મુદ્દો એ છે કે, બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ અત્યાચાર થઈ રહ્યા છે, તેની સામે મોદી સરકારે અવાજ ઉઠાવવો જોઈએ. સરકારે ત્યાં પીડિત હિન્દુઓ અને ખ્રિસ્તીઓનો મુદ્દો ઉઠાવવો જોઈએ. તેમણે મોદી સરકાર પર આકરા પ્રહારો કરાત કહ્યું કે, '૧૯૭૧માં ભારતે પાકિસ્તાન સામે યુદ્ધ કરીને બાંગ્લાદેશનો વિજય અપાવ્યો હતો. તે વખતે પાકિસ્તાનના ૯૩૦૦૦ સૈનિકોએ ભારત સામે ઘૂંટણીએ પડી આત્મસમર્પણ કર્યું હતું. પાકિસ્તાની સેનાએ ભારતીય સેનાની તાકાત સામે શરણાગતિ સ્વિકારી લીધી હતી. ત્યારે ભારતીય સૈન્ય મથકમાંથી 'પાકિસ્તાનની શરણાગતિ'ની તસવીર ઉતારી દેવાઈ છે. આજે પણ પાકિસ્તાન તે શરણાગતિની તસવીર જોઈને ચિડાઈ જાય છે.

સેન્સેક્સ ઘટીને ૮૧,૭૪૮.૫૭ પર બંધ થયો

## સપ્તાહની શરૂઆત જ ખરાબ! શેર બજાર ફરી ઘટાડા સાથે બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

વૈશ્વિક બજારના મિશ્ર સેન્ટિમેન્ટ વચ્ચે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં સોમવારે સ્થાનિક શેરબજારો ઘટાડા સાથે બંધ થયા હતા. ત્રીસ શેરનો મ્જીઈ સેન્સેક્સ આજે ઘટાડા સાથે ખુલ્યો હતો. ઈન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન તે ઘટીને ૮૧,૫૫૧.૨૮ પોઈન્ટ થઈ ગયો હતો. અંતે, સેન્સેક્સ ૦.૪૭% અથવા ૩૮૪.૫૫ પોઈન્ટ ઘટીને ૮૧,૭૪૮.૫૭ પર બંધ થયો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી-૫૦ પણ ૦.૪૯% અથવા ૧૨૦.૫૦ પોઈન્ટના



ઘટાડા સાથે ૨૪,૬૪૭.૮૦ પર બંધ થયો હતો. નિફ્ટીની ૪૦ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા છે. માત્ર ૯ કંપનીઓના શેર લીલા નિશાનમાં રહ્યા જ્યારે એકના શેરમાં કોઈ ફેરફાર થયો ન હતો. સેન્સેક્સ કંપનીઓમાં ટાઈટનના શેર સૌથી વધુ ૧.૯૩% ઘટીને બંધ થયા. ઉપરાંત, અદાણી પોર્ટ્સ, અલ્ટ્રા સિમેન્ટ, ટીસીએસ, એનટીપીસી, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા, જેએસડબ્લ્યુ સ્ટીલ, હિન્દુસ્તાન યુનિલિવર ઈન્ફોસિસ, ટાટા મોટર્સના શેરમાં મુખ્યત્વે ઘટાડો થયો હતો.

બજારમાં ઘટાડા છતાં ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, પાવર ગ્રીડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એક્સિસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકના શેર વધારા સાથે બંધ રહ્યા હતા. ફેડરલ બેંક ઓફ અમેરિકા, સેન્ટ્રલ બેંક ઓફ અમેરિકા દ્વારા વ્યાજ દર ઘટાડવા અંગેની અનિશ્ચિતતાઓને કારણે આઈટી શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી.

ત્રીજા દિવસે વરસાદે બચાવી લીધી આબરૂ

## ઓસ્ટ્રેલિયાના ૪૪૫ રન સામે ભારતે ૫૧ પર ગુમાવી ૪ વિકેટ

। (એજન્સી) બ્રિસ્બેન, તા.૧૬ ।

એડિલેડ બાદ ભારતીય ટીમના સ્ટાર બેટરો નિરાશાજનક પ્રદર્શન બ્રિસ્બેનમાં પણ ચાલુ રહ્યું. દિવસભર મેચમાં વરસાદ પડતો રહ્યો હતો. ભારતીય બેટરો ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલિંગ આક્રમણનો સામનો ન કરી શક્યા અને તેને લીધે ટીમ બેકફૂટ પર આવી ગઈ છે.

ત્રીજા દિવસે સ્ટમ્પના સમયે ભારતીય ટીમની પહેલી ઈનિંગનો સ્કોર સ્કોર ૫૧/૪ રહ્યો હતો. આ પહેલા ઓસ્ટ્રેલિયાની ટીમે પહેલી ઈનિંગમાં ૪૪૫ રન બનાવ્યા હતા. ભારત હજુ પણ પહેલી ઈનિંગમાં ઓસ્ટ્રેલીયાથી ૩૯૪ રનથી પાછળ છે. બીજા દિવસે ઓસ્ટ્રેલિયાના બેટર સ્ટીવ સ્મિથ (૧૦૧ રન) અને ટ્રેવિસ હેડ (૧૫૨ રન)એ કરેલી સદીઓ પછી એલેક્સ કેરીએ ૮૮ બોલમાં ૭૦ રનની ઈનિંગ રમી ટીમ માટે શાનદાર સ્કોર બનાવવાનો પાયો નાખ્યો




હતો. પહેલી ઈનિંગમાં ભારત તરફથી જસપ્રિત બુમરાહે ૭૬ રનમાં ૬ વિકેટ લીધી હતી.

કેએલ રાહુલે કરેલા ૩૩ રન સિવાય ભારતનો કોઈ પણ ટોપ ઓર્ડરનો બેટર ક્રીઝ પર તાકી શકાયો ન હતો.. રિષભ પંત ૯ રન, યશસ્વી જયસ્વાલ ૪, વિરાટ કોહલી ૩ અને શુભમન ગિલ ૧ રન બનાવીને આઉટ થઈ ગયા હતા. વિરાટ કોહલી જેવા ખેલાડી ફરી એકવાર ઓફ સ્ટમ્પની બહાર બોલનો સામનો કરી રહ્યા હતા. એમાં કોઈ શંકા નથી કે પરિસ્થિતિ પડકારજનક હતી.

## ફ્રાન્સના મેયોટ પર ત્રાટકેલા 'ચીડો' વાવાઝોડાએ વિનાશ વેર્યો: ૧૪નાં મોત

। (એજન્સી) કેપટાઉન, તા.૧૬ ।

હિંદ મહાસાગરમાં આવેલાં ફ્રાન્સના મેયોટ વિસ્તાર ઉપર ત્રાટકેલાં 'ચીડો' વાવાઝોડાએ સમગ્ર વિસ્તારમાં ભારે વિનાશ વેર્યો હતો. જેમાં ૧૪ લોકોના મોત થયા હતા એમ ફ્રાન્સના ગૃહ મંત્રાલયે રવિવારે કહ્યું હતું. મંત્રાલયે વધુમાં કહ્યું હતું કે મૃત્યુ પામેલા લોકોનો અને ઈજાગ્રસ્ત લોકો અસલી આંકડો નક્કી કરવો મુશ્કેલ છે, કેમ કે મૃત્યુઆંક વધે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. મેયોટ સ્થિત હોસ્પિટલે કહ્યું હતું કે ૯ લોકોની હાલત અત્યંત ગંભીર અને નાજૂક છે અનેઅન્ય ૨૪૬ લોકોને ઈજાઓ પહોંચી છે.આ વાવાઝોડુ હિંદ મહાસાગરના દક્ષિણ-પૂર્વ પટ્ટા ઉપર ફૂંકાયું હતુ જેના કારણે મડાગાસ્કર અને કોમોરોસ જેવા ટાપુઓ પણ તેની ઝપટમાં આવી ગયા હતા પરંતુ ફ્રાન્સનો મેયોટ વિસ્તાર સીધો આ વાવાઝોડાના માર્ગમાં આવતો હતો જેથી આ વિસ્તારમાં ભારે વિનાશ સર્જાયો હતો એમ કહેતા એક સરકારી અધિકારીએ ઉમેર્યું હતું કે મેયોટના ૯૦ વર્ષના ઈતિહાસમાં આ સૌથી વિનાશક અને ખતરનાક વાવાઝોડું હતું.પેરિસ ખાતે બોલાવાયેલી ઈમરજન્સી મિટિંગ પૂરી થયા બાદ ફ્રાન્સના ગૃહમંત્રી નો રિટેલોએ શનિવારે રાત્રે કહ્યું હતું કે મેયોટ વિસ્તારમાં મૃત્યુઆંક વધે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. ફ્રાન્સના હવામાન ખાતાએ કહ્યું હતુ કે પ્રતિ કલાક ૨૨૦ કિ.મીની ઝડપે ફૂકાયેલા આ વાવાઝોડાએ મેયોટ વિસ્તારના મકાનો ઉપર આવેલાં લોંખડના પતરાં પણ ઉખેડી નાંખ્યા હતા.

વૈશ્વિક દબાણની અસર

## બાંગ્લાદેશમાં મંદિરો પર હુમલા કરનારાઓની ધરપકડો શરૂ થઈ

। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૧૬ ।

બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ સતત હિંસા થઈ રહી છે. ૫ ઓગસ્ટે સત્તા પરિવર્તન પછી, નવી સરકાર હેઠળ ઘણા હિંદુ મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી અને હિંદુઓ પર નિર્દયતાથી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. આખરે સમગ્ર વિશ્વમાં ટીકા થયા બાદ બાંગ્લાદેશના મોહમ્મદ યુનુસ પ્રશાસનને કાર્યવાહી કરવાની ફરજ પડી છે. બાંગ્લાદેશી સત્તાવાળાઓએ આ મહિનાની શરૂઆતમાં સુનમગંજ જિલ્લામાં હિન્દુ સમુદાયના ઘરો અને દુકાનો તેમજ એક હિન્દુ મંદિરની તોડફોડના સંબંધમાં ચાર લોકોની ધરપકડ કરી છે. ચીફ કાઉન્સેલની ઓફિસમાંથી એક અખબારી યાદી મુજબ, શકમંદો – અલીમ હુસૈન, ૧૯; સુલતાન અહેમદ રાજુ, ૨૦; ઈમરાન હુસૈન, ૩૧; અને શાહજહાં હુસૈન (૨૦)ની દોરાબજાર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.



૩ ડિસેમ્બરના રોજ સ્થાનિક રહેવાસી આકાશ દાસે ફેસબુક પર એક પોસ્ટ મૂકી હતી, જેના પછી વિસ્તારમાં સાંપ્રદાયિક તણાવ ફેલાઈ ગયો હતો. જોકે દાસે પછીથી પોસ્ટ હટાવી દીધી હતી, પરંતુ સ્ક્રીનશોટ વાયરલ થયો હતો. આ પછી પોલીસે દાસની ધરપકડ કરી હતી. હવે આ કેસમાં ધરપકડફ્ર કરવામાં આવી છે. દાસની પોસ્ટ બાદ, ગુસ્સે ભરાયેલા ટોળાએ લોકનાથ મંદિર અને હિન્દુ સમુદાય પર હુમલો કર્યો અને તોડફોડ કરી. પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર અને સેનાના જવાનોની દરમિયાનગીરીથી અધિકારીઓએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

તમારું અંગ્રેજી સારું છે પણ કર્મો નહીં..

## રાજ્યસભામાં બંધારણ મુદ્દે ચર્ચા વચ્ચે ખડગેનો નિર્મલા પર કટાક્ષ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

પીએમ મોદીએ લોકસભામાં બંધારણ પરની ચર્ચાનો જવાબ આપ્યો હતો. આજે પણ રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા થઈ રહી છે. સીતારમણ અને ખડગે વચ્ચે શાબ્દિક યુદ્ધ જોવા મળ્યું હતું. બંધારણ પરની ચર્ચા દરમિયાન પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પર હુમલો કરવા બદલ નિર્મલા સીતારમણને આડે હાથ લેતાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, મારે તેમને જણાવવું પડશે કે મને પણ વાંચતા આવડે છે. મેં મ્યુનિસિપાલિટી સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. નિર્મલા સીતારમણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. તેમની અંગ્રેજી સારી છે, તેમની હિન્દી સારી હશે એ નિશ્ચિત છે, પણ તેમના કર્મો સારા નથી. કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં કહ્યું કે, હવે અમારે તેમને કહેવું પડશે કે, અમે પણ થોડું-ઘણું વાંચતા આવડે છે. અમે તો મ્યુનિસિપાલિટી સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. તેમણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. ચોક્કસપણે તેમની અંગ્રેજી સારી હશે, તેમની હિન્દી પણ સારી હોય શકે છે. બધું સારું હોઈ શકે, પરંતુ તેમના કર્મો સારા નથી. ખડગેએ અહેમદ ફરાઝની શાયરી તુમ ખંજર ક્યોં લહરાતે હો.....' થી સરકાર પર કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, 'જે લોકો રાષ્ટ્રધ્વજને નફરત કરે છે, જે આપણા 'અશોક ચક્ર'ને નફરત કરે છે, જે બંધારણને નફરત કરે છે. આવા લોકો અમને શીખવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

ફૈસલાબાદમાં પોતાની ફરજ બજાવવાનું શરૂ કરી દીધું

## પાકિસ્તાન પોલીસમાં જોડાનાર પ્રથમ હિન્દુ ઓફિસર રાજેન્દ્ર મેઘવાર બન્યા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૬ ।

રાજેન્દ્ર મેઘવારને પાકિસ્તાન પોલીસ સર્વિસમાં સામેલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન પોલીસમાં ઓફિસર બનનાર તે પ્રથમ હિન્દુ છે. જણાવી દઈએ કે, ત્યારથી રાજેન્દ્ર મેઘવાર ચર્ચાનો વિષય બની ગયા છે. પાકિસ્તાન પોલીસની સ્થાપના પછી આ પ્રથમ વખત છે, જ્યારે કોઈ હિંદુ અધિકારીની આ પ્રકારની પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. રાજેન્દ્ર મેઘવારે શુક્રવારે ૬ ડિસેમ્બરે ફૈસલાબાદના ગુલબર્ગ વિસ્તારમાં ASP તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. પાકિસ્તાન ટુડેએ અહેવાલમાં મદદનીશ પોલીસ અધિક્ષક રાજેન્દ્ર મેઘવારના જણાવ્યા અનુસાર, પોલીસ દળમાં કામ કરવાથી તેઓને તેમના સમુદાયમાં યોગદાન આપવાની તક મળશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસ દળમાં રહેવાથી તેમને લોકોની સમસ્યાઓ હલ કરવાની તક મળશે, જે અન્ય વિભાગોમાં સરળતાથી થઈ શકતી નથી. ચાલો તેમના વિશે જાણીએ. રાજેન્દ્ર મેઘવાર પાકિસ્તાનમાં એક હિંદુ અધિકારી છે, જેમના સંઘર્ષથી તેમને સફળતા મળી છે. તેમણે સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરીને સફળતા હાંસલ કરી હતી. લઘુમતી સમુદાયમાંથી હોવા છતાં, તેણે પોતાનું સ્વપ્ન સાકાર કર્યું હતું. પોલીસ અધિકારી બનવાની તેમની સફરમાં અનેક અવરોધો આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ સૂચવે છે કે, રાજેન્દ્ર પાકિસ્તાનના સિંધના ગ્રામીણ વિસ્તાર બદીનનો છે. તેણે પોતાના સમર્પણ અને મહેનતથી આ અવરોધોને પાર કર્યા હતા.

મૂર્તિઓ મળી આવ્યા બાદ કાર્બન ડેટિંગ કરવામાં આવશે

## વહીવટીતંત્રને કૂવો ખોદતી વખતે 3 મૂર્તિઓ મળી આવી

। (એજન્સી) સંભલ, તા.૧૬ ।

હાલમાં જ પ્રશાસને ઉત્તર પ્રદેશના સંભલમાં જૂના શિવ મંદિરને ખોલ્યું છે, જે ૪૬ વર્ષથી બંધ હતું. આ મંદિરમાં પ્રાચીન શિવલિંગની સાથે હનુમાનજીની મૂર્તિ અને કૂવો પણ મળી આવ્યો છે. હવે વહીવટીતંત્રને કૂવો ખોદતી વખતે ૩ મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓ માતા પાર્વતી, ગણેશ અને કાર્તિકેયની છે. આ મંદિર ૧૯૭૮થી બંધ હતું. વહીવટી તંત્રે આ મંદિરને સાફ કરાવ્યું અને ૧૫ ડિસેમ્બરે આ મંદિરમાં ધાર્મિક વિધિ અને મંત્રોના જાપ સાથે પૂજા આરતી કરવામાં આવી. ડેપ્યુટી એસપી અનુજ ચૌધરીનું કહેવું છે કે, મંદિરમાંથી ત્રણ મૂર્તિઓ મળી આવી છે. કૂવો ખોદવાનું કામ હાલમાં પણ ચાલુ રહેશે. ખોદકામ દરમિયાન મા પાર્વતી, ગણેશજી અને કાર્તિકેયજીની મૂર્તિઓ મળી આવી હતી. આ પ્રતિમાઓની કાર્બન ડેટિંગ કરવામાં આવશે. અહીં આરસની બનેલી પ્રતિમા પણ છે, જે કાર્તિકેયજીની હોય તેવુ લાગે છે. ૨ પ્રતિમાઓ ખંડિત છે. સંભલનું આ મંદિર પ્રાચિન અને ૪૦૦ વર્ષ જૂનું છે, જે કાર્તિક શંકર મંદિર કહેવાય છે. ૮૨ વર્ષના વિષ્ણુ શરણ રસ્તોગી કહે છે કે અહીં ખગ્ગુ સરાઈમાં તેમના પરિવારના લગભગ ૪૦ થી ૪૨ ઘર હતા. આ આખી શેરીમાં તેનો પરિવાર રહેતો હતો. પરિવારના તમામ ધાર્મિક કાર્યક્રમો આ મંદિરમાંથી કરવામાં આવતા હતા અને કુવામાંથી પાણી લઈ મંદિરમાં પૂજા અર્ચના કરવામાં આવતી હતી.

## એક મહિના સુધી માંગલિક-શુભ કાર્ય બંધ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

૧૫મી ડિસેમ્બરે રાત્રે ૧૦.૧૯ કલાકે સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે. આ રાશિમાં સૂર્યના પ્રવેશવાની સાથે જ શુભ કાર્યો બંધ થઈ જશે. તેને ખરમાસ અથવા તો કમુરતા કહેવામાં આવે છે. આ સ્થિતિ લગભગ એક મહિના સુધી ચાલુ રહેશે. આ સમયે જ્યોતિષીય કારણોસર શુભ કાર્યો કરી શકાતા નથી. સૂર્ય ફરી મકર રાશિમાં પ્રવેશ કરશે, પછી જ શુભ કાર્યો શરૂ થઈ શકે છે. ૧૫ જાન્યુઆરીએ સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરશે. હકીકતમાં સૂર્ય ધન રાશિમાં પ્રવેશયા બાદ સૂર્યનો પ્રકાશ અને સ્થિતિ બંનેની સ્થિતિ નબળી પડી જાય છે. સૂર્યને તમામ ગ્રહોમાંથી સૌથી બળવાન ગ્રહ માનવામાં આવે છે. તેથી કોઈપણ શુભ અને માંગલિક કાર્ય માટે સૂર્યનું તેજ ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ જ કારણે ખરમાસ દરમિયાન લગ્ન અને માંગલિક કાર્યો કરવામાં આવતા નથી. સૂર્ય પિતા પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે તેથી તેમનું તેજ ઓછું થવું માંગલિક કાર્યો કરવા માટે ઉત્તમ માનવામાં આવતું નથી. સૂર્યને લીધે ગુરુની પણ શક્તિ નબળી પડી જાય છે. જેથી કરીને બે મોટા ગ્રહોની શક્તિ ઘટવાના કારણે દરેક શુભકાર્ય કરવામાં સ્થિરતાનો અભાવ રહે છે. અને માંગલિક અને શુભ કાર્યોમાં સૂર્ય અને ગુરુનું હોવાનું જરૂરી માનવામાં આવે છે. ખરમાસ લગ્ન કે લગ્ન સંબંધી શુભ કાર્યો કરી શકાતા નથી. આ સમયગાળા દરમિયાન, નવા મકાનનું નિર્માણ કે ખરીદ-વેંચાણ અને મિલકત સંબંધિત કામ પર પ્રતિબંધ રહે છે. નવો ધંધો શરૂ કરવાને પણ વર્જિત માનવામાં આવે છે. અન્ય શુભ કાર્યો જેવા કે મુંડન વગેરે પણ પ્રતિબંધિત હોય છે. આ સિવાય આ સમયગાળા દરમિયાન કોઈ નવા ઉપવાસ અને પૂજા વિધિ શરૂ કરવાનું પણ ટાળવું જોઈએ. કહેવાય છે કે આવા ઉપવાસ અને પૂજાનું પરિણામ સારું નથી મળતું. કોઈ નવું કામ શરૂ કરવું કે નવી દુકાનનું ઉદ્ઘાટન કરવું એ પણ ખરમાસ દરમિયાન મોકૂફ રાખવી જોઈએ. આ તમારા વ્યવસાયમાં અવરોધ લાવી શકે છે. આજથી બેસી રહેલા ખરમાસની અસર આગામી એક મહિના સુધી બધી જ રાશિઓ પર પડશે. આ પરિવર્તન કેટલીક રાશિઓ માટે અશુભ અને અન્ય રાશિના જાતકો માટે સાધારણ રીતે ફાયદાકારક રહેશે. મેષ, મિથુન, સિંહ, વૃશ્ચિક અને ધનુ રાશિના લોકો માટે ધનુરાશિ મધ્યમ રહેશે. વૃષભ, કન્યા અને મકર રાશિ માટે આ પરિવર્તન નકારાત્મક રહેશે. જ્યારે કર્ક, તુલા, કુંભ અને મીન રાશિના લોકો માટે તે ખૂબ જ શુભ રહેશે. ખરમાસના નકારાત્મક પ્રભાવથી બચવા માટે દરરોજ સવારે સૂર્યદેવને હળદર મિશ્રિત જળ ચડાવવું જોઈએ. આ પછી વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવો. તાંબાની વીંટી પહેરવી જોઈએ. દિવસની શરૂઆત ગોળ ખાવાથી કરો. પૂર્વ તરફ માથું રાખીને સૂવાની શરૂઆત કરો. આ સિવાય ખરમાસ દરમિયાન દાન, પુણ્ય, ભક્તિ અને આરાધના કરવાથી જીવનની તમામ મુશ્કેલીઓ દૂર થાય છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોમનાથની ચિંતન શિબિરમાં કરેલી જાહેરાતનો ત્વરિત અમલ

## ગુજરાતને ટેક્નોલોજી ડ્રીવન ગવર્નન્સ અને સામાજીક આર્થિક વિકાસમાં અગ્રેસર રાખવાના વિઝન સાથે A.I ટાસ્કફોર્સ રચના કરવામાં આવી

### સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્રસચિવની અધ્યક્ષતામાં ૧૦ સભ્યોની ટાસ્કફોર્સમાં ICT, IIT, IIITના ડિરેક્ટર્સ સહિત પાંચ જેટલા વિવિધ તજજ્ઞોનો સમાવેશ

। સોમનાથ, તા.૧૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ટેકનોલોજી ડ્રીવન ગવર્નન્સ અને સામાજિક આર્થિક વિકાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાના વિઝનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સમુચિત ઉપયોગ કરવાની જાહેરાત રાજ્ય સરકારની તાજેતરની વાર્ષિક ચિંતન શિબિરમાં સોમનાથ ખાતે કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે 'જે કહેવું તે કરવું'ની કાર્યસંસ્કૃતિ વિકસાવી છે તેનું તાદશ્ય ઉદાહરણ મુખ્યમંત્રીશ્રીની તાજેતરની જ આ જાહેરાતને પગલે રાજ્ય સરકારે A.I. ટાસ્કફોર્સની રચનાથી પૂરું પાડ્યું છે. નાગરિકોને યોજનાઓ, સેવા-સુવિધાઓનો લાભ અસરકારક રીતે અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે ઝડપથી મળી રહે તે માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વિનિયોગ એ હાલના સમયની માંગ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ દિશામાં આગળ વધતા ગિફ્ટ સિટીમાં આર્ટીફિશયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે તાજેતરમાં માઈક્રોસોફ્ટ સાથે MOU કરેલા છે. આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ, સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સેન્ટર નાગરિકોને અસરકારક, સમયબદ્ધ સેવા પહોંચાડવા, મૂળભૂત સ્તરે નવીનતાને પ્રોત્સાહન આપીને અને ઉત્પાદન, હેલ્થકેર અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજીકલ પ્રગતિને વેગ આપી સરકાર અને ઉદ્યોગ એમ બંને માટે વિસ્તૃત સાથ સહકાર પ્રદાન કરશે. રાજ્ય સરકારની સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબીરમાં મુખ્યમંત્રીશ્રીએ સુશાસનની વ્યાપકતાથી સોશિયલ ચેલેન્જીસના ઉપાયો માટે A.I.નો હોલીસ્ટિક એપ્રોચ સાથે વ્યૂહાત્મક ટેકનોલોજી તરીકે ઉપયોગ કરીને નિર્ણય પ્રક્રિયામાં ગતિ અને પારદર્શીતા લાવવા સાથે સેચ્યુરેશન એપ્રોચ પાર પાડવામાં A.Iનો ઉપયોગ ઉપકારક બને તેવી આપેલી પ્રેરણાને પગલે હવે આ છૈ.. ટાસ્કફોર્સની રચના કરી છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્ફોર્સના અધ્યક્ષ તરીકે તેમજ સભ્યસચિવ તરીકે ICT અને ઈ-ગવર્નન્સના નાયબ નિયામક સેવાઓ આપશે. પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળા માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરીને તેના સ્કોપ ઓફ વર્ક અને ફંક્શનીંગ વધુ સમય માટે લંબાવવા સાથે યોગ્ય સુધારાઓ પણ કરાશે.

### નિકાસ ૪૦ ટકા ઘટી

## છ દાયકા બાદ હીરા ઉદ્યોગે આટલી ભયંકર મંદી જોઇ

### ક્રિસમસ ઉપર પણ વેપાર નહીંવત, સૌથી કફોડી હાલત રત્નકલાકારોની થઇ હોવાનો ઉદ્યોગકારોનો એકરાર

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરતના હીરા ઉદ્યોગે છ દાયકા બાદ આટલી ભયંકર મંદી જોઈ છે. પોલિશ્ડ ડાયમંડની નિકાસ ૪૦ ટકા ઘટી ગઈ છે. જ્વેલરીની નિકાસ પણ સતત ઘટી રહી છે. છેલ્લા ૫૮ વર્ષમાં ક્રિસમસ ઉપર પણ આટલો ઓછો વેપાર જોવા મળ્યો છે. ૧૯૬૬ પછી પહેલી વખત આ ક્ષેત્રમાં આવી વિકરાળ મંદી જોવા મળી છે, જ્યાં ક્રિસમસના પર્વ પર પણ બજાર નબળું રહ્યું છે. આ આખી સ્થિતિમાં સૌથી વધારે કપરી સ્થિતિ રત્નકલાકારોની થઈ હોવાનો હીરા ઉદ્યોગકારોએ એકરાર કર્યો છે. રત્નકલાકારોની આવક લગભગ અડધી થઈ ગઈ છે. ત્રણ વર્ષ પહેલાં જે કટિંગ અને પોલિશ્ડ ડાયમંડની જે નિકાસ થતી હતી તે પણ સાવ ઘટી ગઈ છે. હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, આમ તો છેલ્લે વર્ષ ૨૦૦૮માં પણ હીરા ઉદ્યોગે મંદીનો માર વેઠ્યો હતો. જોકે, આવી ભયંકર મંદી છેલ્લે વર્ષ ૧૯૬૬માં જોવા મળી હતી. ૧૯૬૬ પછી આવી તીવ્ર મંદી છેલ્લાં ત્રણ વર્ષથી જોવા મળી રહી છે. આની પાછળ મુખ્ય વૈશ્વિક પરિબળો પણ કારણભૂત છે. યુક્રેન-રશિયાના યુદ્ધના કારણે, રશિયા ઉપર લાદવામાં આવેલા જી૭ દ્વારા પ્રતિબંધો અને અમેરિકાની અંદર મંદીનો માહોલ તેમજ ફુગાવાનો ઊંચો દર મુખ્ય કારણો તો છે જ. ઉપરથી ચીનમાં પણ કોરોના પછી જે પ્રમાણેની પરિસ્થિતિ છે તેના કારણે હજી ત્યાંનું માર્કેટ પહેલાં જેવું ખુલ્યુ નથી. વૈશ્વિકસ્તરે કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ હોય કે ડાયમંડ જ્વેલરી હોય, તેની ૭૦થી ૭૫ ટકા ખપત અમેરિકામાં થાય છે. અમેરિકામાં પણ કોરોના પછી ફુગાવાનો દર ખૂબ ઊંચો રહ્યો છે. હજી ત્યાં ડિમાન્ડ નથી નીકળતી. આની સીધી અસર ભારતના અને ખાસ કરીને ગુજરાતના ડાયમંડ કટિંગ પોલિશિંગ ઈન્ડસ્ટ્રી ઉપર પડી છે. તેમણે એકરાર કર્યો હતો કે, મંદીના કારણે રત્નકલાકારોને સીવીડી ડાયમંડ અને એચડીએફસીમાં કામ તો મળે છે, પરંતુ તેમની માસિક કમાણી ઓછી થઈ છે. ઉદાહરણ તરીકે કોઈ રત્નકલાકાર ૩૫,૦૦૦ કમાતો હતો તો હાલમાં તેની આવક ઘટીને માત્ર ૧૫થી ૨૦ હજાર થઈ છે. તેનું તો બજેટ જ સાવ ખોરવાઈ ગયું છે. તેમના માટે બાળકોના શિક્ષણ, મકાન ભાડું, લાઈટ બિલ, આરોગ્યની નાનીમોટી તકલીફ હોય તો તેને પહોંચી વળવું મુશ્કેલ બન્યું છે. તેમણે ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છડાયમંડ ઉદ્યોગના અગ્રણીઓ આ અંગે કહે છે કે, આ પ્રકારની સ્થિતી પાછળ મુખ્ય ત્રણ કારણ લાગે છે.

### લઘુતમ તાપમાન પણ ઘટી શકે છે । આણંદ, ભરૂચ, સુરત, નર્મદા, સુરત, અમદાવાદ અને ગાંધીનગરમાં ઠંડીનું પ્રમાણ ત્રણ દિવસ સુધી વધારે રહેશે

## ગુજરાતમાં આગામી ત્રણ દિવસ કડકડતી ઠંડી પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાત રાજ્યમાં અત્યારે કડકડતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ત્રણ દિવસ સુધી ઠંડીનું પ્રમાણ વધુ જોવા મળશે. ત્યારપછી જોકે તાપમાન નોર્મલ થશે અને અત્યારે જેટલી ઠંડી છે એટલી બધી નહીં પડી શકે. ધીમે ધીમે હવે શિયાળો જામી રહ્યો છે તેવામાં લઘુતમ તાપમાન સતત ઘટી રહ્યું છે. હવામાન વિભાગે રવિવારે આગાહી કરી છે કે કોલ્ડવેવના લીધે ઘણા જિલ્લાઓમાં ઠંડી પડી શકે છે. ત્રણ દિવસ પછી ઠંડી ઓછી થશે અને તાપમાનમાં અત્યાર કરતા થોડો વધારો નોંધાશે.

ગુજરાત રાજ્યમાં વેધર અપડેટ પ્રમાણે જોઈએ તો હવામાન વિભાગે જણાવ્યું કે અમદાવાદમાં આગામી સાત દિવસ સુધી ધીમે ધીમે કરીને ઠંડીનો ચમકારો પણ ઘટતો જશે. કોલ્ડ વેવની વાત કરીએ તો અત્યારે ગુજરાતમાં આનાથી કોઈ ગંભીર સ્થિતિ નહીં થાય પરંતુ કચ્છમાં યલો એલર્ટ જારી કરાયું છે. એટલે કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ શીત લહેરની ચેતવણી પણ આપવામાં આવી છે. બાકી આણંદ, ભરૂચ, સુરત, નર્મદા, સુરત, અમદાવાદ અને ગાંધીનગરમાં ઠંડીનું પ્રમાણ ત્રણ દિવસ સુધી વધારે રહેશે બાદમાં ઠંડીનું પ્રમાણ થોડુ ઘટી પણ શકે છે.

ગત ૨૪ કલાક સુધીના ડેટા પર નજર કરીએ તો ગુજરાતનું સૌથી ઠંડુ શહેર નલિયા બન્યું છે. નલિયામાં શનિવારે ૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આની સાથે ડિસામાં ૮.૯ ડિગ્રી, અમરેલીમાં ૧૦, સુરેન્દ્રનગરમાં ૧૨.૬, રાજકોટમાં ૧૨.૬ અને કેશોદમાં ૧૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આની ઉપરાંત અમદાવાદ કેન્દ્ર દ્વારા જારી કરાયેલા હવામાનના ડેટા પર નજર કરીએ તો શહેરમાં ૧૩.૫ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ રીતે અત્યારે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં સતત ઠંડા પવન ફુંકાઈ રહ્યો છે અને જોર જામી રહ્યું છે.

હવામાન નિષ્ણાંતોની આગાહી પ્રમાણે ગુજરાતમાં નોર્થ-ઈસ્ટ પવનનું જોર વધ્યું છે. આની સાથે સાથે ઠંડી પણ જોરદાર પડી રહી છે. હવે ઠંડીના લીધે જનજીવન પણ પ્રભાવિત થયું છે પરંતુ ફરી પવનની દિશા બદલાવવાનાં કારણે ઠંડીના જોરમાં પણ ઘટાડો જોવા મળશે. ૭૨ કલાકમાં ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ઠંડીનું પ્રમાણ ઘટશે અને તાપમાનમાં પણ વધારો જોવા મળશે. ૧૭થી ૨૬ ડિસેમ્બર સુધી થોડી ઓછી ઠંડી પડવાની ધારણા છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો આ દિવસોમાં ત્યાં ૨૬થી ૨૮ ડિગ્રી, મધ્ય ગુજરાતમાં ૨૮થી ૩૦, દ.ગુજરાતમાં ૨૮થી ૩૧ ડિગ્રી તાપમાન રહેશે. જ્યારે સૌરાષ્ટ્રમાં આ દિવસોમાં ૨૬થી ૩૦ ડિગ્રી આસપાસ તાપમાન રહી શકે છે.

એટલું જ નહીં જાન્યુઆરી મહિનામાં ગુજરાત રાજ્યમાં ક્યાંક ક્યાંક વરસાદી છાંટા પણ પડી શકે છે. ડિસેમ્બરના એન્ડથી મિડલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાનું છે. જેથી કડકડતી ઠંડી વચ્ચે નવા વર્ષ જાન્યુઆરીથી ઠંડી તો વધશે પણ ક્યાંય ક્યાંય જિલ્લાઓમાં વરસાદી ઝાપટા પણ પડી શકે છે.

### ૩ વર્ષમાં ૮૪૦ કરોડનું રોકાણ કરશે

## સુચી સેમિકોનએ ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ કર્યો

### ગુજરાત સરકારે પ્લાન્ટ માટે ૨૦% પ્રોત્સાહન મંજૂર કર્યું, કોમર્શિયલ સપ્લાય આવતા વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં શરૂ થશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

સુચી સેમીકોને ગુજરાતમાં પ્રથમ સેમીકંડક્ટર પ્લાન્ટ શરૂ કર્યો છે. કંપનીએ ટેસ્ટિંગ અને એસેમ્બલિંગના ટ્રાયલની શરૂઆત કરી છે. કંપનીની યોજના ૩ વર્ષમાં ૧૦ કરોડ અમેરિકી ડોલરનું રોકાણ કરવાની છે. સુચી ગ્રૂપના ચેરમેન અને સુચી સેમિકોનના સ્થાપક અશોક મહેતાએ જણાવ્યું હતું કે કંપનીએ EPECS (ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ અને સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનના પ્રમોશન માટે સ્કીમ) અને ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ કેન્દ્ર પાસેથી પ્રોત્સાહન માટે અરજી કરી છે, પરંતુ તેણે હજુ સુધી તેનો લાભ લીધો નથી. પ્રોત્સાહનો ઉત્પાદન બંધ કરવા માંગતા નથી. મેહતાએ કહ્યું- અમારી પાસે એક સંપૂર્ણ તૈયાર કારોબારી યોજના છે. અમારી કારોબારી યોજના મુખ્ય રૂપથી પ્રોત્સાહન માટે નથી. અમે કારોબાર કરવા માટે એક પ્લાન્ટ સ્થાપિત કર્યો છે. કેન્દ્રની મંજૂરી ત્યારે મળશે જ્યારે અમે તેની જરૂરીયાત પૂરી કરીશું. અમે ત્રણ વર્ષમાં ૧૦ કરોડ ડોલર (લગભગ ૮૪૦ કરોડ રૂપિયા) ના રોકાણની યોજના બનાવી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે પ્લાન્ટ માટે ૨૦% પ્રોત્સાહન મંજૂર કર્યું છે. મહેતાએ કહ્યું કે, જ્યારે કોવિડ દરમિયાન સેમિકન્ડક્ટર્સની અછત હતી, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કટોકટીને તકમાં ફેરવવાનું કહ્યું હતું. તે સમયે અમે સેમિકન્ડક્ટર બિઝનેસમાં પ્રવેશવાનું નક્કી કર્યું હતું. અમે ઉદ્યોગના નિષ્ણાતો સાથે ઘણી શોધખોળ કર્યા પછી ફેક્ટરી શરૂ કરવાનો નિર્ણય લીધો. મહેતા ટેક્સટાઈલ કંપની સુચી ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક પણ છે. સુચી સેમિકોનના સહ-સ્થાપક શીતલ મહેતાએ જણાવ્યું હતું કે સેમિકન્ડક્ટરનો કોમર્શિયલ સપ્લાય આવતા વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં શરૂ થશે.

## રણની સંસ્કૃતિ અને પ્રવાસનને ઉજાગર કરતો રણોત્સવ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ને સાકાર કરવાનો અવસર

। અમદાવાદ, તા.૧૨ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સફેદ રણ ધોરડો ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કચ્છી કલા અને સંસ્કૃતિને રજૂ કરતી વિવિધ પ્રસ્તુતિઓને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નિહાળી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવોની સાથે ભારતીય પોસ્ટલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા "રણોત્સવ" થીમ આધારિત નવીન વિશેષ પોસ્ટલ કવરનું અનાવરણ કર્યું હતું. અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ એવા શ્રી સરદાર પટેલની પુણ્યતિથિએ તેમને વંદન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જેવી રીતે સરદાર સાહેબે દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારત બનાવ્યું તેવી જ રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના જ પદ ચિહ્નો પર ચાલીને "એક ભારત શ્રેષ્ઠ ભારતનું" નિર્માણ કર્યું છે. આ માટે તેમણે દેશના તમામ રાજ્યોની ભાષા, સંસ્કૃતિ અને પ્રવાસનને મહત્વ આપ્યું છે. રણની સંસ્કૃતિ અને પ્રવાસનને ઉજાગર કરતો આજનો આ રણોત્સવ પણ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ને સાકાર કરવાનો જ અવસર છે. ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે લોકો કહેતા કે માત્ર દરિયો, રણ, ડુંગર ધરાવતું ગુજરાત શું વિકાસ કરવાનું હતું. દાયકાઓ સુધી રાજ્યના વિકાસની ગતિવિધિઓ વાપીથી તાપીના પટ્ટા સુધી જ સીમિત રહી હતી.

## ગુજરાતનું કોઈ એવું ગામ નહીં હોય જ્યાં પોટલી ન મળતી હોય

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૬ ।

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલા ગુજરાતમાં પ્રજાશક્તિ ડેમોક્રિટીક પાર્ટી સક્રિય થઈ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના સુપ્રીમો શંકરસિંહ વાઘેલાએ ગુજરાત અધ્યક્ષની સાથે પાલનપુર ખાતે પહોંચી પાર્ટીના કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી અને તેમાં બનાસકાંઠાના જિલ્લા પ્રમુખ તરીકે દોલાભાઈ ખાગડાની જાહેરાત કરી હતી. શંકરસિંહ વાઘેલાએ રાજ્યમાં દારૂબંધી હટાવી દેવી જોઈએ તેવું નિવેદન કર્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીકમાં છે અને તેની પહેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ તેમની નવીન પ્રજાશક્તિ ડેમોક્રેટિકપાર્ટીને સક્રિય કરવાનું કામ શરૂ કર્યું છે. ત્યારે આવનારા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ત્રિપાંખીઓ જંગ દેખાય તો નવાઈ નહીં. શંકરસિંહ વાઘેલાએ પાલનપુરની ખાનગી હોટલ ખાતેની ડેમોક્રેટિક પાર્ટીની બેઠક યોજી હતી અને ત્યાં તેમની પાર્ટીના ગુજરાત અધ્યક્ષ રિદ્ધિરાજસિંહની ઉપસ્થિતમાં બનાસકાંઠાના અધ્યક્ષ તરીકે લાખણીના દોલાભાઈ ખાગડાની વરણી કરી હતી. જોકે તે બાદ વિવાદિત નિવેદન કરતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું કે ગુજરાતમાંથી દારૂબંધી હટી જવી જોઈએ અને એનું કારણ એ છે કે ગુજરાતનું કોઈ એવું ગામ નહીં હોય જ્યાં કોથળીઓ નહીં મળતી હોય. ત્યારે રાજસ્થાન મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં દારૂબંધી નથી.

વિશેષ

### સુરત ખાતે આહિર સમાજના સમૂહલગ્નોત્સવમાં ૧૮૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા

## આહિર સમાજના ૩૧માં સમૂહલગ્નોત્સવવમાં સહભાગી બની નવદંપતિઓને આશીર્વચન પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




। (માહિતી) સુરત ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સુરત શહેરના ગોડાદરા ખાતે સુરત આહિર સમાજ સેવા સમિતિ દ્વારા આયોજિત ૩૧માં સમૂહલગ્ન સમારોહમાં સહભાગી થઈ ૧૮૯ નવયુગલોને આશીર્વચન આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રભુતામાં પગલા પાડનારા નવદંપતિઓ લગ્ન જીવનમાં એકબીજાનો સહારો બની એકબીજાના સુખે સુખી થઈને સધિયારો આપી જીવન ઉજળુ બનાવે તેવી શુભકાનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આહિર સમાજનો દિવ્ય અને ભવ્ય ગૌરવવંતો ઈતિહાસ રહેલો છે. સમાજને જયાં પણ જરૂર હશે ત્યા સરકાર તેમની સાથે હોવાનુ જણાવીને શિક્ષણથી લઈને અનેકક્ષેત્રોમાં સમાજ આગળ વધી રહ્યો છે. દરેક સમાજ સમુહલગ્નમાં જોડાયો છે. લગ્નમાં જોડાનાર પરિવારને આર્થિક બચત થતી હોય છે જે નાણા બાળકોના શિક્ષણ, આરોગ્ય પાછળ ખર્ચ કરી શકતો હોવાનું તેમણે જણાવ્યું હતું. સમૂહલગ્નએ સમાજની એકતાનો મહોત્સવ છે. આશરો તો આહીરનો એ સમાજની આગવી ઓળખ રહી છે. સૌ સમાજો આગળ વધે તે માટે વડાપ્રધાને સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસ સાથે આગળ વધવાનો કાર્યમંત્ર આપ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, સમૂહલગ્ન એ સદભાવ, સમભાવ અને મમભાવના પ્રેરણાનું કેન્દ્ર બન્યું છે. સમાજના આર્થિકરીતે નબળા પરિવારો સમૂહલગ્નમાં જોડાઈને સરળતાથી પોતાનો પ્રસંગપાર પાડી શકે છે. સમાજમાં સંપ, એકતા, ભાઈચારાના અવિરત જનસેવાની ભાવના વિકસે છે ત્યારે સમગ્ર રાજય અને રાષ્ટ્રના વિકાસની ગતિ તેજોમય બને છે. સમાજના નવયુગલો જન્મદિવસ કે અન્ય પ્રસંગના દિવસે વડાપ્રધાનશ્રીના એક પેડ મા કે નામ અનુસરીને માતાને નામે એક વૃક્ષનું વાવેતર કરવાનો સંકલ્પ કરવાનો તેમજ જળસંચયના કાર્યમાં જોડાવાનો અનુરોધ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. સુપ્રસિધ્ધ રામકથાકાર મોરારજીબાપુએ સૌ દંપતિઓને આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, સૌ યુગલો જીવનમાં પ્રેમ, કરૂણાની ભાવના સાથે લગ્નજીવન સુખમય બને તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ સૌ નવદંપતિઓનું લ્ગનજીવન સુખમય બને તેવી શુભકામનાઓ પાઠવી હતી. આહિર સમાજ સેવા સમિતિ સુરતના પ્રમુખ જીતુભાઈ કાછડે જણાવ્યું હતું કે, સાત લગ્નથી શરૂ થયેલી શ્રુંખલા આજે ૩૧માં સમૂહ લગ્નોત્સવ સુધી પહોંચી છે જે બદલ સમાજના સૌ શ્રેષ્ઠીઓને વંદન કર્યા હતા. વધુમાં કહ્યું કે, અત્યાર સુધીમાં સરકારની કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ સાત કરોડની રકમ સમાજની દીકરીઓના ખાતામાં જમા થઈ છે. સમાજના લોકો વધુમાં વધુ સમૂહલગ્નમાં જોડાઈને જે નાણાની બચત થાય તે શિક્ષણ પાછળ ખર્ચ કરવા અનુરોધ કર્યો હતો. આ અવસરે ૩૧માં સમુહ લગ્નના ભોજન ખર્ચના દાતા શ્રી વરજાંગભાઈ જીલરીયાનું મુખ્યમંત્રીના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સમૂહલગ્નોત્સવમાં ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, બિહારના ઈન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી સંતોષકુમાર, મેયર શ્રી દક્ષેશ માવાણી, ધારાસભ્યશ્રીઓ, મનપાના આરોગ્ય સમિતિના ચેરમેન મનિષાબેન આહિર, અગ્રણી ભરતભાઈ ડાંગર, રઘુભાઈ હુંબલ, ડાહ્યાભાઈ, સહિત સમાજશ્રેષ્ઠીઓ, આહિર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### રાજનાથ સિંહ અને ગુજરાતના રાજ્યપાલની ઉપસ્થિતિ । આર્ય સમાજના ૧૫૦મા સ્થાપના દિવસના અવસરે નવી દિલ્હીના ભારત મંડપમ પ્રગતિ મેદાનમાં સમારોહ યોજાયો

# મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મ જયંતી પર સ્મૃતિ ટપાલ ટિકિટનું વિમોચન





। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જયંતીની ઉજવણીની શૃંખલામાં નવી દિલ્હી સ્થિત ભારત મંડપમ-પ્રગતિ મેદાન ખાતે ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં સ્મૃતિ ટપાલ ટિકિટનું વિમોચન કરવામાં આવ્યું હતું. આર્ય સમાજની સ્થાપનાના ૧૫૦મા વર્ષના આરંભ પ્રસંગે યોજાયેલા આ સમારોહમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, સ્વાતંત્ર્ય સંગ્રામથી પહેલાં સમાજને યોગ્ય દિશા આપવા માટે મહર્ષિ દયાનંદ, સ્વામી વિવેકાનંદ, રાજા રામમોહન રાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા સમાજ સુધારકોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી. તેમણે વેદો અને ભારતીય દાર્શનિક પરંપરાઓ પર પ્રકાશ પાડતાં આજે તેના મહત્ત્વ પર પણ ભાર મુક્યો હતો. રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ૨૦૦ વર્ષ પહેલાં જ્યારે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનો જન્મ ગુજરાતમાં થયો હતો, ત્યારે દેશમાં અંગ્રેજ શાસન હતું. તે સમય હતો જ્યારે ગુલામીની બેડીઓમાં જકડાયેલા લોકો તેમની ચેતનાને ભૂલી રહ્યા હતા. અંગ્રેજ શાસકો ભારતીય સંસ્કૃતિને ભૂલાવવાના પ્રયત્નો કરી રહ્યા હતા. ભારતીયોને રાજકીય અને સાંસ્કૃતિક રીતે ગુલામ બનાવવાના વિવિધ યોજિત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. તેવા સમયમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજ દ્વારા લોકોમાં રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક આત્મવિશ્વાસ જણાવવાનું કાર્ય કર્યું હતું. રાજનાથ સિંહે કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતી માત્ર વેદોના મીમાંસા કરનારા ઋષિ નહોતા, પરંતુ સમગ્ર દેશમાં નૂતન સાંસ્કૃતિક યાત્રાનો પ્રકાશ પાથરનારા મહર્ષિ હતા.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રેરણાદાયી ઉદબોધનમાં ભારતીય સાંસ્કૃતિક વારસો, વૈદિક પરંપરાઓ અને આર્ય સમાજના ઐતિહાસિક યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન અને તેમના દ્વારા સ્થાપિત આર્ય સમાજના ઉદ્દેશ્યોને યાદ કરતાં કહ્યું કે, આર્ય સમાજના વિચારો ભારતના પુનર્જાગરણનો મૂળ આધાર છે. આ ગૌરવભર્યું છે કે આર્ય સમાજે હિન્દી ભાષા અને ભારતીય સંસ્કૃતિને સાચવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અત્યારના સમયમાં ભારતના આત્મનિર્ભર અભિયાન અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના રોડમૅપનું સ્વાગત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત પ્રાચીન ઋષિ-મુનિઓની પરંપરાને આગળ વધારતાં વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આર્ય સમાજના ૧૦ નિયમોમાં ઉલ્લેખિત છઠ્ઠા નિયમ ‘સંસાર પર ઉપકાર કરવો’ પર વિશેષ ભાર મુક્યો હતો. તેમણે કહ્યું કે, આર્ય સમાજે હંમેશા શારીરિક, આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષના દ્રષ્ટિકોણને સ્વીકાર્યો છે. આર્ય સમાજનો હેતુ વિશ્વ બંધુત્વ અને સર્વજનના કલ્યાણનો છે. આ જ વેદોની શિક્ષા અને મહર્ષિ દયાનંદની વિચારસરણી છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, જે રીતે આપણા દેશની સંસ્કૃતિ, પરંપરાઓ અને પરંપરાગત મૂલ્યોને જીવંત રાખી દેશ પુનર્વિકાસની દિશામાં આગળ વધી રહ્યો છે, તે આર્ય સમાજના વિચારો સાથે સુસંગત છે. આર્ય સમાજે ભારતીય રાષ્ટ્રવાદ, વૈદિક પરંપરાઓ, ભારતીય વસ્ત્રો અને ખોરાક પર ગર્વ કરવાની પ્રેરણા આપી છે. આ બધું મહર્ષિ દયાનંદનું અનન્ય યોગદાન છે.’’ આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીએ આર્ય સમાજે રાષ્ટ્ર અને સમાજના ઉત્થાનમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી અને પ્રધાનમંત્રીના ‘વિકસિત ભારત’ના દ્રષ્ટિકોણનું સમર્થન કર્યું હતું. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, આર્ય સમાજે ન માત્ર નારી શિક્ષાને પ્રોત્સાહન આપ્યું પરંતુ અછૂતોદ્ધાર અને જાતિવાદ સમાપ્ત કરવાની દિશામાં પણ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે મહર્ષિ દયાનંદના વિચારોનું ભવિષ્યના મહાપુરુષોએ અનુકરણ કર્યું. રાજ્યપાલે ઉમેર્યું કે ‘‘તે સમયનાં ભારત અનેક પ્રકારની કુરુતિઓથી પીડિત હતું. વિદેશીઓની ગુલામીની જંજીરોમાં ભારતમાતા બંધાયેલી હતી. બાળવિવાહ જેવી કુપ્રથા, નારીશિક્ષાનો અભાવ અને ભારતીય સંસ્કૃતિ તથા પરંપરાનું અવમૂલ્યન જેવી ગંભીર ચિંતાઓના ઉકેલ માટે મહર્ષિ દયાનંદએ બહાદુરીપૂર્વક પગલાં લીધાં.’’

મહર્ષિ દયાનંદ સરસ્વતીના શિષ્ય સ્વામી શ્રદ્ધાનંદ દ્વારા વર્ષ ૧૯૦૨માં ગુરુકુલ કાંગડીની સ્થાપનાનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, ગુરુકુલોની સ્થાપનાનો હેતુ એવો દેશભક્ત યુવા તૈયાર કરવાનો હતો, જે માત્ર ભારતની સ્વતંત્રતામાં જ નહીં, પરંતુ દેશની સંસ્કૃતિ, પરંપરાઓ અને વૈદિક મૂલ્યોને પુનર્જીવિત કરવામાં યોગદાન આપે.

આર્ય સમાજે આ દિશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે વધુમાં કહ્યું કે, ગુરુકુલ શિક્ષણ પદ્ધતિથી દેશભક્ત, વિદ્વાન પ્રચારકો તૈયાર થયા, જેઓએ સ્વતંત્રતા સંગ્રામમાં આગવી કામગીરી કરી. ભાઈ પરમાનંદ, સરદાર ભગતસિંહ અને રામ પ્રસાદ બિસ્મિલ જેવા ક્રાંતિકારીઓના ઉલ્લેખ સાથે તેમણે જણાવ્યું કે, આ મહાન વિભૂતિઓ માટે પ્રેરણાનો સ્રોત આર્ય સમાજ હતો.

**ન્યૂઝ બ્રિફ**

## અમેરિકાના ૧૮ ઈ-સિમકાર્ડથી ચાલી રહ્યો હતો છેતરપિંડીનો ખેલ

। (એજન્સી) નોઇડા, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના નોઈડાના સેક્ટર ૬૩ પોલીસ સ્ટેશન વિસ્તારના એ બ્લોકમાં પકડાયેલા નકલી કોલ સેન્ટર કેસમાં ૭૬ આરોપીઓ પાસેથી ૧૭-૧૮ યુએસ ઈ-સિમ મળી આવ્યા છે. આ ઈ-સિમનો ઉપયોગ કરીને અમેરિકી નાગરિકોને નકલી એમેઝોન પાર્સલ પહોંચાડવા અને લોન મેળવવાના નામે છેતરપિંડીભર્યા કોલ કરવામાં આવતા હતા. સેક્ટર ૬૩ પોલીસ સ્ટેશનની પ્રાથમિક તપાસમાં આ હકીકતો સામે આવી છે. ગૌતમ બુદ્ધ નગર કમિશનરેટની સેન્ટ્રલ નોઈડા ઝોન પોલીસે યુએસ એમ્બેસી અને વિદેશી તપાસ એજન્સીનો સંપર્ક કર્યો છે. પોલીસ અનુસાર, કોલ સેન્ટર ઓપરેટરો પાસેથી મળેલી માહિતીના આધારે, આરોપીઓ Skype એપ દ્વારા અમેરિકન વ્યક્તિ સાથે જોડાયેલા હતા. તે આરોપીઓને ઈ-સિમ આપ તો હતો. વૈકલ્પિક નંબરો પર ઓટીપી મેળવીને ઈ-સિમ જારી કરવામાં આવ્યું હતું. તે અમેરિકન નાગરિકોને ક્રિપ્ટો કરન્સીમાં ચૂકવવામાં આવતું હતું. તે પછી કોલ સેન્ટર ઓપરેટરો તેમના સ્ટાફને ઈ-સિમ આપીને છેતરપિંડી કરતા હતા. આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલ નંબરોમાં સેંકડો પીડિત અમેરિકન નાગરિકોના નંબર મળી આવ્યા હતા. પોલીસ આ નંબરો પર ISD કોલ કરીને પીડિતોનો સંપર્ક કરવાની દિશામાં કામ કરી રહી છે.

## હું ભારતમાં પરફોર્મ નહીં કરું, દિલજીત દોસાંઝે કરી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંઝ આ દિવસોમાં તેની મ્યુઝિકલ ટૂર ‘દિલ-લુમિનાટી’ને કારણે ચર્ચામાં છે. તે દેશના અલગ અલગ શહેરોમાં લાઈવ શો દ્વારા ચાહકોનું મનોરંજન કરી રહ્યો છે. આ દરમિયાન દિલજીત દોસાંઝનું એક નિવેદન ચર્ચામાં આવ્યું છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી સરકાર ભારતમાં કોન્સર્ટ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારશે નહીં ત્યાં સુધી તેઓ ભારતમાં કોઈ કોન્સર્ટ નહીં કરે. દિલજીતે આ નિવેદન શનિવારે રાત્રે ચંદીગઢમાં પરફોર્મન્સ દરમિયાન આપ્યું હતું. દિલજીત દોસાંઝનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કોન્સર્ટ દરમિયાન સ્ટેજ પર દિલજીત દોસાંઝે દેશમાં નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નિરાશા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, હું સંબંધિત અધિકારીઓને કહેવા માંગુ છું કે ભારતમાં લાઈવ શો માટે કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. આ (કોન્સર્ટ) એક મોટું આવક પેદા કરતું ફિલ્ડ છે અને ઘણા લોકોને રોજગાર પણ પ્રદાન કરે છે.

### કેન્દ્ર સરકારે સંસદમાં માહિતી આપી

# બેંકોએ છેલ્લા ૧૦ વર્ષમાં રૂ. ૧૨ લાખ કરોડની લોન માફ કરી

### છેલ્લા પાંચ વર્ષમાં PSU બેંકોએ તેની અડધો અડધ એટલે કે ૬.૫ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।


ભારતમાં છેલ્લા ૧૦ વર્ષમાં કોમર્શિયલ બેંકો દ્વારા કુલ ૧૨.૩ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરવામાં આવી છે. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં અડધો અડધ એટલે કે ૫૩ ટકા અથવા તો ૬.૫ લાખ કરોડ રૂપિયાની લોન માફી જાહેર ક્ષેત્રની બેંકો એટલે કે PSU બેંકો દ્વારા કરવામાં આવી છે.



સરકારે સંસદમાં આ અંગે પૂછાયેલા સવાલોના જવાબમાં માહિતી આપી હતી કે FY15થી FY24માં બેંકો દ્વારા કુલ ૧૨.૩ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરવામાં આવી છે જ્યારે FY20થી FY24 એટલે કે છેલ્લા પાંચ વર્ષમાં PSU બેંકો દ્વારા ૬.૫ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરવામાં આવી છે. FY19માં બેંકિંગ સેક્ટર દ્વારા લોન માફી ૨.૪ લાખ કરોડ રૂપિયાની ટોચે પહોંચી હતી જ્યારે FY24માં લોન માફી ૧.૭ લાખ કરોડ રૂપિયાના સૌથી નીચા સ્તરે આવી ગઈ હતી. તે સમયે લગભગ ૧૬૫ લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ બાકી હતી અને તે જોતા આ આંકડો કુલ બેંક ક્રેડિટનો એક ટકો થાય છે. જાહેર ક્ષેત્રની બેંકો પાસે હાલમાં બેંકિંગ સેક્ટરની ઈક્રીમેન્ટલ ક્રેડિટનો ૫૧ ટકા હિસ્સો છે જે FY23માં ૫૪ ટકા કરતા ઓછો છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ડેટા અનુસાર ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં જાહેર ક્ષેત્રની બેંકો અને ખાનગી ક્ષેત્રની બેંકોની કુલ NPA અનુક્રમે ૩,૧૬,૩૩૧ કરોડ રૂપિયા અને ૧,૩૪,૩૩૯ કરોડ રૂપિયા હતી. આ ઉપરાંત આઉટસ્ટેન્ડિંગ લોનની ટકાવારી તરીકે કુલ NPA જાહેર ક્ષેત્રની બેંકોમાં ૩.૦૧ ટકા અને ખાનગી ક્ષેત્રની બેંકોમાં ૧.૮૬ ટકા હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ભારતની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંકોમાં સામેલ છે અને તે બેંકિંગ એક્ટિવિટીમાં તે પાંચમા ભાગનો હિસ્સો ધરાવે છે. SBIએ આ સમયગાળા દરમિયાન બે લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી હતી. જ્યારે પંજાબ નેશનલ બેંકે ૯૪,૭૦૨ કરોડ રૂપિયાની લોન માફ કરી હતી. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન સપ્ટેમ્બરના અંત સુધી PSU બેંકોએ અગાઉના પાંચ વર્ષમાં ૬.૫ લાખ કરોડ રૂપિયાની સામે ૪૨,૦૦૦ કરોડ રૂપિયાની લોન રાઈટ ઓફ કરી છે. PSB રાઈટ-ઓફ અંગેના પ્રશ્નના જવાબમાં ચૌધરીએ જણાવ્યું હતું કે, બેંકો NPAને રાઈટ-ઓફ કરે છે. લોન રાઈટ ઓફ કરવાના સંદર્ભમાં RBIની ગાઈડલાઈન્સ અને બેંકોના બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી પોલિસી અનુસાર ચાર વર્ષ પૂર્ણ થવા પર સંપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. જોકે, લોન રાઈટ ઓફ કરવાનો મતલબ તેને સંપૂર્ણ પણે માફ કરી દેવાનો નથી. તેનાથી લોન લેનારા લોકોની લાયાબિલિટિસ માફ કરવામાં આવતી નથી અને તેથી તેનાથી લોન લેનારાઓને ફાયદો નતો નથી. બેંકો તેમની રિકવરીની કાર્યવાહી ચાલું રાખે છે.

### સ્પેશિયલ ટીમ પર ઉઠાવ્યા સવાલ

# ટીમ ઈન્ડિયાના ખરાબ પ્રદર્શન પર ભડક્યા સંજય માંજરેકર




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૫ ટેસ્ટ મેચોની સિરીઝમાં ભારતીય બેટર્સનું પ્રદર્શન અત્યાર સુધી કઈ ખાસ જોવા મળ્યું નથી. પર્થ ટેસ્ટ મેચની બીજી ઈનિંગને બાદ કરતા ભારતીય બેટર્સ કશું ઉકાળી શક્યા નથી. એડિલેડ મેચની બંને ઈનિંગ્સમાં તેમની હાલત ખરાબ જોવા મળી અને ટીમ ઈન્ડિયાએ હારનો સામનો કરવો પડ્યો. હવે બ્રિસ્બેન ટેસ્ટની પહેલી ઈનિંગમાં પણ ત્રીજા દિવસના ટી ટાઈમ સુધીમાં તો ભારતની ચાર વિકેટ પડી ગઈ અને સ્કોર ૪૮ પર હતો. ત્યારબાદ પૂર્વ ક્રિકેટર અને જાણીતા કોમેન્ટેટર સંજય માંજરેકરે આકરા પ્રહાર કર્યા છે. માંજરેકરે નામ લીધા વગર બીસીસીઆઈની સાથે સાથે ભારતીય ટીમના કોચ ગૌતમ ગંભીર અને તેમના કોચિંગ સ્ટાફને મુશ્કેલ સવાલ પૂછ્યા છે. ગંભીરની કોચિંગ ટીમમાં આસિસ્ટન્ટ કોચ રયાન ટેન ડેશકાટે, આસિસ્ટન્ટ કોચ અભિષેક નાયર અને બોલિંગ કોચ મોર્ને મોર્કલ છે. ફિલ્ડિંગ કોચની જવાબદારી ટી દિલીપે સંભાળેલી છે. જ્યારે રાહુલ દ્રવિડના કાર્યકાળમાં પણ તેઓ આ પદે હતા. તેમણે ભારતીય ટીમમાં બેટિંગ કોચની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા. યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી અને ઋષભ પંત સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ઋષભ પંત ૯, યશસ્વી જયસ્વાલ ૪, વિરાટ કોહલી ૩ અને શુભમન ગિલ ૧ રન કરીને આઉટ થઈ ગયા હતા. માંજરેકરે ભારતીય સ્ટાફમાં બેટિંગ કોચની ભૂમિકા વિશે સવાલ કર્યો છે. પૂર્વ ખેલાડીએ કહ્યું કે ભારતીય બેટિંગમાં પ્રમુખ ટેક્નિકલ મુદ્દા ઘણા લાંબા સમયથી વણઉકેલાયેલા છે અને આ માટે મેનેજમેન્ટે જવાબદાર હોવાની જરૂરિયાત છે. તેમણે એક્સ પર લખ્યું કે મને લાગે છે કે ભારતીય ટીમમાં બેટિંગ કોચની ભૂમિકાની તપાસ કરવાનો સમય આવી ગયો છે. કેટલાક ભારતીય બેટર્સની સાથે પ્રમુખ ટેક્નિકલ મુદ્દા આટલા લાંબા સમય સુધી વણઉકેલાયેલા કેમ છે? હાલના પ્રવાસમાં ભારતીય બેટિંગની સ્થિતિ ખરાબ જોવા મળી રહી છે. પર્થમાં બીજી ઈનિંગને બાદ કરતા ટીમ ઈન્ડિયા ૨૦૦ રનનો આંકડો પાર કરી શકી નથી.

# નશામાં ચૂર રહેવુ એટલે તેનો અર્થ કૂલ દેખાવું નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

નશામાં ચૂર રહેવું એટલે તેનો અર્થ કૂલ દેખાવ નથી. તેનાથી દૂર રહેવુ જોઈએ. સુપ્રીમ કોર્ટે સોમવારે એક કેસની સુનાવણી કરતાં દેશના યુવાનોને સલાહ આપી હતી. કોર્ટે કહ્યું કે, આજના યુવાનો વ્યસનને કૂલ સ્ટેટસ સાથે જોડે છે. તેની કુટેવને સોશિયલ સ્ટેટસ બનાવી રહ્યા છે. જે અત્યંત દુઃખદ છે. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહે ડ્રગ તસ્કરી મામલે સુનાવણી કરતાં આ નિવેદન આપ્યું હતું. આ કેસમાં અંકુશ વિપિન કપૂર પર આરોપ છે કે, તે ડ્રગ્સની દાણચોરીનું નેટવર્ક ચલાવી રહ્યો હતો. તેણે પાકિસ્તાનના દરિયાઈ માર્ગથી મોટાપાયે હેરોઈનની દાણચોરી ભારતમાં કરાવી હતી. જસ્ટિસ નાગરત્નાએ




ચુકાદો સંભાળવતી વખતે કહ્યું કે, વ્યસનની કુટેવની યુવાનોની સામાજિક, આર્થિક અને માનસિક સ્થિતિ પર અત્યંત ખરાબ અસર કરે છે.તે દેશના યુવાનોની ચમકને જ નષ્ટ કરી દે છે. તેમનું સંપૂર્ણ તેજ છીનવી લે છે. નશાની કુટેવથી યુવાનોને બચાવવા માટે વાલીઓ, સમાજ અને સરકારી એજન્સીઓને સંયુક્તપણે પ્રયાસ કરવા પડશે. અમે પણ અમુક માર્ગદર્શિકાઓ નક્કી કરીશું અને તે મુજબ કાર્યવાહી કરીશું જેથી યુવાનોને બચાવી શકાય. કોર્ટે વધુમાં કહ્યું કે, ચિંતાની વાત છે કે, સમગ્ર ભારતમાં ડ્રગ્સનું રેકેટ ચાલી રહ્યું છે. જેની અસર સમાજના તમામ વર્ગ, વયજૂથ અને ધર્મ પર થઈ રહી છે. ડ્રગ્સની આવકનો ઉપયોગ દુશ્મન હિંસા અને આતંકવાદ ફેલાવવા કરી રહ્યા છે. આજની યુવા પેઢીમાં ડ્રગ્સ-નશાની લતથી તેમના ભવિષ્ય પર અસર થાય છે. ડ્રગ્સની દાણચોરી કરનારા મોટાભાગે બચી જાય છે. પરંતુ તેનો ભોગ બાળકો-યુવાનો બને છે. વાલીઓની જવાબદારી છે કે, બાળકોને સુરક્ષિત માહોલ પ્રદાન કરે. જો બાળકો ભાવનાત્મક રૂપે પરિવાર સાથે જોડાયેલા હોય તો તેમનામાં સંસ્કારોનું સિંચન થાય છે.

### નેહરુએ એડવિનાને લખેલા પત્રો પરત કરો

# PM મેમોરિયલના સભ્યે રાહુલને લખ્યો પત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વડાપ્રધાન મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી (PMML) સોસાયટીના સભ્ય રિઝવાન કાદરીએ વિપક્ષ નેતા રાહુલ ગાંધીને ચિઠ્ઠી લખી છે. આ ચિઠ્ઠીમાં તેમણે કહ્યું છે કે, પંડિત જવાહરલાલ નેહરુ સાથે સંબંધિત દસ્તાવેજોના ‘૫૧ બોક્સ’ પરત કરવામાં આવે. કાદરીએ જવાહરલાલ નેહરુ સાથે સંબંધિત અને ‘સોનિયા ગાંધી પાસે રાખવામાં આવેલા’ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો પરત કરવા માટે રાહુલ ગાંધીની મદદ માંગી છે.



રિઝવાન કાદરીએ આરોપ લગાવ્યો કે, ૨૦૦૮માં યુપીએ શાસન દરમિયાન ૫૧ બોક્સમાં ભરેલા નેહરુના અંગત પત્રો સોનિયા ગાંધીને પહોંચાડવામાં આવ્યા હતા. નેહરુએ આ પત્રો એડવિના માઉન્ટબેટન, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, જયપ્રકાશ નારાયણ, પદ્મજા નાયડુ, વિજયા લક્ષ્મી પંડિત, અરુણા આસફ અલી, બાબુ જગજીવન રામ અને ગોવિંદ બલ્લભ પંત વગેરેને લખ્યા હતા. PMMLના સભ્ય રિઝવાન કાદરીએ ૧૦ ડિસેમ્બરે રાહુલ ગાંધીને ચિઠ્ઠી લખી. આ પહેલા તેમણે સપ્ટેમ્બરમાં સોનિયા ગાંધીને પણ પત્ર લખ્યો હતો.


PMML માને છે કે, આ ઐતિહાસિક મહત્ત્વના દસ્તાવેજો છે અને જેના સુધી પહોંચવું જરૂરી છે. આ પત્રો જવાહરલાલ નેહરુ મેમોરિયલ દ્વારા ૧૯૭૧માં નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરી (હવે PMML)ને આપવામાં આવ્યા હતા. હવે રાહુલ ગાંધીને સોનિયા ગાંધી પાસેથી મૂળ પત્ર મેળવવા અથવા તેની ફોટોકોપી અથવા ડિજિટલ કોપી મેળવવા માટે કહેવામાં આવ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ‘અમે સમજીએ છીએ કે આ દસ્તાવેજો ‘નેહરુ પરિવાર’ માટે વ્યક્તિગત મહત્ત્વ ધરાવે છે. પરંતુ PMML માને છે કે, આ ઐતિહાસિક સામગ્રીને વધુ વ્યાપકપણે સુલભ બનાવવાથી વિદ્વાનો અને સંશોધકોને ઘણો ફાયદો થશે.’

ઈતિહાસકાર અને લેખક તથા પ્રાઈમ મિનિસ્ટર મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી સોસાયટીના સભ્ય રિઝવાન કાદરીએ કહ્યું કે, ‘સપ્ટેમ્બર ૨૦૨૪માં મેં સોનિયા ગાંધીને પત્ર લખીને વિનંતી કરવામાં આવી હતી કે ૨૦૦૮માં નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીમાંથી પરત લેવામાં આવેલા ૫૧ બોક્સ સંસ્થાને પાછા આપવામાં આવે. અમે કહ્યું હતું કે, અમને તેને જોવાની અને સ્કેન કરવાની પરવાનગી આપવામાં આવે અથવા તેની એક નકલ અમને આપવામાં આવે જેથી અમે તેનો અભ્યાસ કરી શકીએ.

# પ્રથમ ટી૨૦માં ભારતે વેસ્ટ ઈન્ડિઝને ૪૯ રને હરાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝની મહિલા ટીમો વચ્ચે ત્રણ મેચની સિરીઝ રમાઈ રહી છે. સિરીઝનો પ્રથમ મુકાબલો નવી મુંબઈના ડીવાઈ પાટિલ સ્ટેડિયમમાં રમાયો હતો, જેમાં ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝને ૪૯ રને પરાજય આપ્યો છે. લક્ષ્યનો પીછો કરતા વેસ્ટ ઈન્ડિઝની ટીમે હારનો સામનો કરવો પડ્યો છે. મેચમાં ભારતની જીત અપાવવામાં જેમિમા રોડ્રિગ્સ, સ્મૃતિ મંધાના અને તિતાસ સાધુનું મહત્વનું યોગદાન રહ્યું હતું. બેટિંગ કરતા જેમિમા રોડ્રિગ્સે ૩૫ બોલમાં ૯ ચોગ્ગા અને ૨ સિક્સની મદદથી ૭૩ રનની ઈનિંગ રમી હતી. રોડ્રિગ્સ રન આઉટ થઈ હતી. તો



બોલિંગ કરતા તિતાસ સાધુએ ૪ ઓવરમાં ૩૭ રન આપી ભારત માટે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. મુકાબલામાં વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, જે તેના માટે ખોટો સાબિત થયો હતો. પહેલા બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૧૯૫-૪ રન બનાવ્યા હતા. આ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝ માટે કરિશ્મા રામહરૈકે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ભારત તરફથી સ્મૃતિ મંધાના અને ઉમા છેત્રીએ ઈનિંગની શરૂઆત કરી હતી.

## સાળી પ્રેમમાં એવી પાગલ થઈ કે પતિને રસ્તામાંથી હટાવ્યો

। (એજન્સી) બારાં, તા.૧૬ ।

રાજસ્થાનના બારાં પોલીસહદ વિસ્તારમાં આવેતા દાયકા મુખ્ય નહેર નજીક પડેલી યુવકની લાશ મામલામાં ફક્ત ૩૬ કલાકમાં ખુલાસો થઈ ગયો છે. પોલીસે આ મામલામાં બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. યુવક ધર્મરાજ બૈરવાની હત્યા ષડયંત્ર રચીને પત્નીએ જીજા સાથે મળીને કરી નાખી હતી. આ બંને એકબીજાના પ્રેમમાં ગળાડૂબ હતા. બંનેએ ધર્મરાજને રસ્તામાંથી હટાવવા માટે તેને મોતને ઘાટ ઉતારી દીધો. બંનેને આજે કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ પર લેવામાં આવશે.

## તંત્રી લેખ...

# વન નેશન, વન ઈલેક્શન, દેશને ફાયદો ખરો પણ કેટલો?

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સોમવારે લોકસભામાં વન નેશન, વન ઈલેક્શનને લગતાં બે બિલ રજૂ કરવાની છે તેથી ફરી એક વાર આ મુદ્દો ચર્ચામાં છે. આ બંને ખરડાને ૧૨ ડિસેમ્બરે કેન્દ્રીય કૅબિનેટની મંજૂરી મળી હતી તેથી ગમે ત્યારે તેને રજૂ કરાશે એ નક્કી હતું, પણ મોદી સરકાર આટલો જલદી ખરડો લાવી દેશે એવી કલ્પના નહોતી. કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ વન નેશન, વન ઈલેક્શન માટે ૧૨૯મું બંધારણ સુધારા ખરડો રજૂ કરશે ત્યારે તેમાં શું હશે તેની ખબર સોમવારે જ પડશે, પણ રામનાથ કોવિંદ સમિતિની ભલામણો પ્રમાણે બંધારણમાં સુધારો કેન્દ્રસ્થાને હશે એ સ્પષ્ટ છે. કોવિંદ સમિતિએ બંધારણની કલમ ૮૨માં સુધારો કરવાની ભલામણ કરી છે. આ સુધારા હેઠળ કલમ ૮૨(અ) ઉમેરીને લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ એક સાથે સમાપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવશે. આ સિવાય કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓ માટે પણ એ જ પ્રકારનું બિલ પણ મુકાશે. ભારતમાં અત્યારે લોકસભા અને રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ અલગ-અલગ સમયે યોજાય છે. વન નેશન, વન ઈલેક્શન હેઠળ લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની એક સાથે ચૂંટણી યોજવાનો મોદી સરકારનો ઈરાદો છે. લોકસભા અને રાજ્ય વિધાનસભાના સભ્યોને ચૂંટવા માટે મતદારો એક જ દિવસે, એક જ સમયે તેમનો મત આપે એવી જૂની વ્યવસ્થા મોદી સરકાર પાછી લાવવા માગે છે. આઝાદી પછી, ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાઈ હતી, પણ ૧૯૬૮ અને ૧૯૬૯માં ઘણી વિધાનસભાઓનું સમય પહેલા વિસર્જન કરી દેવામાં આવ્યું હતું. ડિસેમ્બર ૧૯૭૦માં લોકસભા પણ સમય પહેલાં વિસર્જન કરી દેવાયું હતું તેથી વન નેશન, વન ઈલેક્શન પ્રથા બંધ થઈ ગઈ હતી. મોદી સરકાર એ જ વ્યવસ્થા ફરી શરૂ કરવા માગે છે. બલકે લોકસભા અને વિધાનસભાની સાથે સાથે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી પણ યોજવા માગે છે. મોદી સરકારે તેના માટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ એક સમિતિની રચના કરી હતી. સમિતિએ લગભગ ૧૯૧ દિવસ સુધી હિતધારકો અને નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા પછી, ૧૪ માર્ચ, ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પોતાનો અહેવાલ સુપરત કર્યો. કોવિંદ સમિતિએ પાંચ મુખ્ય ભલામણો કરી છે. પહેલી ભલામણ આગામી લોકસભા ચૂંટણી એટલે કે ૨૦૨૯ સુધી તમામ રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ લંબાવવાની છે. બીજી ભલામણ એ છે કે, ત્રિશંકુ વિધાનસભાના કિસ્સામાં એટલે કે કોઈની પાસે બહુમતી નથી એ સંજોગોમાં કે અવિશ્ર્વાસ પ્રસ્તાવ પસાર થાય ત્યારે પૂરાં પાંચ વર્ષ માટે નહીં પણ બાકીની મુદત માટે નવી ચૂંટણીઓ યોજવી જોઈએ. ત્રીજી ભલામણ એ છે કે, પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થઈ શકે છે. બીજા તબક્કામાં ૧૦૦ દિવસની અંદર સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ કરવી જોઈએ.


## NIDEM ખાતે ૭મા ડિફેન્સ એસ્ટેટ ડે લેક્ચરમાં ઉપરાષ્ટ્રપતિના સંબોધનનો મૂળપાઠ

હાલના દિવસોમાં મારા માટે આ વાતાવરણ આનાથી વધુ સુખદ અને આરોગ્યપ્રદ ન હોઈ શકે. ચાણક્ય ઓડિટોરિયમમાં પ્રવેશતા જ મને મહાન, સુપ્રસિદ્ધ વ્યક્તિની યાદ અપાવે છે કે જેઓ જાણતા હતા કે વસ્તુઓને કેવી રીતે સંભાળવી અને સૌથી મહત્ત્વની વાત એ છે કે જ્યારે હું અહીં કેન્દ્રીય સીટ પર બેઠો, ત્યારે મને રાજ્યસભાના અધ્યક્ષ તરીકેના મારી સ્થિતિની યાદ આવી ગઈ. જ્યારે હું ખુરશી પર બેસું છું ત્યારે મારી જમણી બાજુ સરકાર હોય છે, ડાબી બાજુ વિપક્ષ હોય છે. અહીં મારી જમણી બાજુ ડિફેન્સ એસ્ટેટના મહાનિર્દેશક (DGDE) શ્રી જી.એસ. રાજેશ્વરન છે અને સદનસીબે મારા ભાઈ અને રચનાત્મક, દિશાસૂચક, પ્રેરક અને હંમેશા મદદરૂપ થનાર એવા ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ વિભાગના સચિવ શ્રી નિતેન ચંદ્રા છે. હું આજે સંસદના ઉપલા ગૃહમાં આ મેસેજ લઈને જઈ રહ્યો છું, જ્યાં અમે બંધારણ પર ચર્ચા શરૂ કરવાના છીએ. આપણે ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતના બંધારણને અપનાવવાની શતાબ્દીના છેલ્લા ક્વાર્ટરમાં પ્રવેશી રહ્યા છીએ. તેથી, મારા દિવસની શરૂઆત આશા અને આશાવાદ સાથે થાય તે સુનિશ્ચિત કરવા બદલ હું ખરેખર તમારા બધાનો ઋણી છું અને ચોક્કસપણે શા માટે નહીં? હવે આપણે એક એવા રાષ્ટ્રમાં છીએ જે આશા અને સંભાવનાઓથી ભરપૂર છે. એક એવું રાષ્ટ્ર કે જેને ક્યારેય સંભાવનાઓવાળું રાષ્ટ્ર કહી શકાતું નથી, આ એક એવું રાષ્ટ્ર છે જે આગળ વધી રહ્યું છે, આ વિકાસ અજેય છે. શાસનના દરેક પાસાઓમાં વૃદ્ધિ જોવા મળી છે. પછી તે સમુદ્ર હોય, જમીન હોય, આકાશ હોય કે અંતરિક્ષ હોય. તમને સંબોધન કરવું એ મારા માટે સૌભાગ્યની વાત છે અને આ મારા માટે ભારતીય સંરક્ષણ રાજ્ય સેવાની પરિવર્તનકારી અસરની પ્રશંસા કરવાનો પણ પ્રસંગ છે. આશરે ૧૮ લાખ એકર સંરક્ષણ જમીનનું તમારી સંરક્ષકતા ભારતના વ્યૂહાત્મક સંરક્ષણ માળખાકીય માળખા અને ટકાઉ વિકાસનો પાયો બનાવે છે. કલ્પના કરો, ૧૮ લાખ એકર. હું એક ખેડૂતનો દીકરો છું. હું જાણું છું કે, વિશ્વના ઘણા દેશોમાં આ પ્રકારનો વાવેતર વિસ્તાર ન પણ હોય અને તેથી, તેની કાળજી લેવી, મિલકતની સંભાળ રાખવી, તેની ઓળખ અને તેની સુરક્ષા મહત્વપૂર્ણ છે. અધિકારોના આકારમાં ઓળખ, તે અધિકારોને અપડેટ કરવા, માત્ર પોતાના માટે જ નહીં, પણ અન્ય લોકો માટે અને નિયમનકાર માટે પણ. જમીનના રેકોર્ડ અપડેટ કરવામાં તમે અદ્ભુત રીતે નોંધપાત્ર કામ કર્યું છે તેની હું પ્રશંસા કરું છું. અમેઝિંગ! મોટાભાગે વિવાદો એટલા માટે ઉભા થાય છે કારણ કે વિસ્તાર અથવા માલિકીના સંદર્ભમાં અધિકારોની કોઈ યોગ્ય વ્યાખ્યા નથી. તમે તેને નોંધપાત્ર રીતે દૂર કર્યું છે. હું તમને અભિનંદન આપું છું. હું તમને એ કારણ માટે પણ અભિનંદન આપું છું કે તમે તકનીકી પ્રગતિ સાથે ગતિ જાળવી રાખી છે અને તે દ્રષ્ટિકોણથી પણ તેને અપડેટ કરી રહ્યાં છો પરંતુ મિત્રો, આ એસ્ટેટ પરંપરાગત સંપત્તિઓથી આગળ વધવી જોઈએ જે તેઓ પહેલા હતા. આને આત્મનિર્ભર પારિસ્થિતિકી તંત્ર તરીકે વિકસિત કરવો પડશે અને સૈન્ય તત્પરતા, સમુદાય કલ્યાણ, પોષણ સુરક્ષા વધારવી પડશે. તમે ઘણા આગળ છો પરંતુ તમારે એટલી ઝડપથી આગળ વધવાનું છે કે બીજા તમને પકડી શકે. આ વિસ્તારને સુખાકારી કેન્દ્રોમાં રૂપાંતરિત કરવાનો આનાથી મોટો પ્રસંગ કોઈ હોઈ શકે નહીં. મને કોઈ શંકા નથી કે આ કરવામાં આવશે. ૨૦૪૭માં વિકસિત ભારત તરફના આપણા માર્ગમાં, ઉત્પાદક ઉપયોગ સાથે સચોટ જમીન વ્યવસ્થાપન સર્વોપરી છે.

---

**કળીયુગની પૌરાણિક દંતકથા મુજબ પરિક્ષિતના બાણથી ઘવાયેલા કળીયુગ એ થોડા આશ્રય સ્થાન માંગ્યા હતાં**

# કળીયુગમાં કૂદકે ને ભૂસકે વધતી અરાજકતા બુદ્ધ પુરુષની કરુણા વગર કેમ ખત્મ થાય!!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ટૂંકમાં આખો પરિવાર સત્ય અને મર્યાદાને અનુસર્યો, કે એમ કહો કે સત્વ ગુણની પ્રધાનતા સિદ્ધ કરી, આનાં પરથી કહી શકાય કે એ સમયનાં સમાજમાં તપ કર્મની બોલબાલા હતી, તો મિથિલા જેવી નગરીમાં વેદ વેદાંતનો શાસ્ત્રાર્થ રાજ ભવનમાં પણ થતો, આમ સત્વની પ્રધાનતા હતી, ત્રેતાયુગમાં વચનનાં સત્યને કારણે સમાજમાં ન્યાય થતો.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે હરિ મંદિરમાં પૂજા કરતી હતી, અને મન કંઈક સંસારી ઉલઝનમાં અટવાયેલું હતું, એટલે શંકર પર અભિષેક કરવાનો મંત્ર યા તે રૂદ્ર શિવા.. ગણેશ અને શ્રીયંત્રની પૂજામાં બોલાયો,પણ લાલજીનો વારો આવ્યો એટલે જમુનાજી માં કેસર ઘોળી.. એમ જ બોલાયું! એટલે થયું કે જેની એક એક લીલા ઋજુ અને મધુર છે, એ રૌદ્ર કંઈ રીતે હોય શકે! પછી તો ચિંતનની ધારા સમય ચક્રનાં પૈડે છેક સતયુગ સુધી પહોંચી, અને દરેક કાળનાં મુખ્ય ગુણ અને એની સામે સમતોલ કરતાં મુખ્ય ભાવની ભૂમિકાનું સુંદર છણાવટ ભર્યું ચિંતન સહજ જ હૃદયમાં મંદાકિનીનાં ખળખળ કરતાં નીર જેમ વહ્યું. સતયુગ: સમય ચક્રનાં આ પડાવનું ચિંતન કરીએ તો, શિવ અને પાર્વતીનાં ગૃહ વિહારનો સમય. સતયુગમાં ગુણની રીતે ત્રિગુણાતીત એટલે સત્વ રજસ અને તમસથી પરે ની માનસિકતા વધુ જોવા મળતી. આપ સૌને થશે કે આવું વિધાન કેમ ! કારણકે ત્યારે જ દુર્ગાનાં કાલી અને ચંડી સ્વરૂપનો ઉલ્લેખ છે! શુંભ નિશુંભ અને મહિષાસુર જેવા અનેક રાક્ષસોનાં વધની કથા છે. વધ અને હત્યામાં ફેર છે! વધ અહિંસાની ભાવનાથી અને સામેની વ્યક્તિનાં ઉદ્ધાર માટે ઈશ્વરીય શક્તિ દ્વારા કરવામાં આવે છે, એમાં બદલાની કોઈ ભાવના હોતી નથી! જ્યારે હત્યા તમસ ગુણની પ્રધાનતા એ આચરેલું એક ક્રૂર કર્મ છે! જે મોટેભાગે કોઈને કોઈ પ્રકારનાં બદલાની ભાવનાથી કરવામાં આવે છે. એટલે આજના સમાજમાં અંતરમાં ત્રિગુણાતીત ભાવ નિત્ય રાખવો અથવા બુદ્ધિની એ કક્ષા સુધી જવું અશક્ય છે. ત્રેતાયુગ; સમયનો આ મોડ તપાસીએ તો ખ્યાલ આવશે કે, ભગવાન શ્રી રામ સહિત રાજા દશરથનો આખો પરિવાર સત્વ ગુણની પ્રધાનતા ધરાવે છે! સૌ કૈકેયી માટે કદાચ સંમત ન થાય, કારણ કે એનાં કારણે અયોધ્યામાં રામરાજ્ય ૧૪ વર્ષ બાદ થયું! પરંતુ આ વનવાસની ઘટનાનું મૂળ રાજા દશરથ એ આપેલા બે વચનો છે! કૈકેયી એ રાજા દશરથને જીવનાં જોખમે યુદ્ધમાં મદદ કરી એટલે દશરથ દ્વારા એને બે વચન મળ્યાં. કૈકેયી પતિવ્રતા ધર્મ નિભાવ્યો, અને દશરથ રાજા એ પણ એ વચન માટે પુત્રને વનવાસની આજ્ઞા કરી! પુત્ર એ પિતાનાં વચનને કોઈ દલીલ વગર સ્વીકારી! સીતા એટલે કે રામની પત્ની એ પોતાને વનવાસની કોઈ આજ્ઞા નહોતી, છતાં પતિ સાથે ગયાં, લક્ષ્મણ પણ ભ્રાતૃપ્રેમ



માટે સાથે ગયા! ભરતને રાજગાદી મળી છતાં નંદીગ્રામ એટલે કે શ્રીરામ જેમ વનમાં રહ્યા! ટૂંકમાં આખો પરિવાર સત્ય અને મર્યાદાને અનુસર્યો, કે એમ કહો કે સત્વ ગુણની પ્રધાનતા સિદ્ધ કરી. આનાં પરથી કહી શકાય કે એ સમયનાં સમાજમાં તપ કર્મની બોલબાલા હતી, તો મિથિલા જેવી નગરીમાં વેદ વેદાંતનો શાસ્ત્રાર્થ રાજ ભવનમાં પણ થતો,આમ સત્વની પ્રધાનતા હતી. ત્રેતાયુગમાં વચનનાં સત્યને કારણે સમાજમાં ન્યાય થતો અને એ રીતે સમાજ વ્યવસ્થા સ્વસ્થ રહી શકી. દ્વાપર: દ્વાપર એટલે કૌરવ પાંડવ વચ્ચેનાં ભીષણ યુધ્ધનો સમય ! જરાં પાછળ નજર કરીએ તો રામ અને રાવણમાં માનવ દાનવ, જ્યારે કૌરવ પાંડવ તો માનવ માનવ કરતાં પણ ભાઈ ભાઈ હતા! અને અહીં પણ યુદ્ધનો મુખ્ય મુદ્દો તો રાજગાદી અને સ્ત્રી જ હતો! પણ એકંદરે સમાજ રજસની પ્રધાનતાને કારણે ભોગ પ્રેરિત સુખ પાછળ દોડતો હતો, અને એટલે જ જોઈ શકાય છે, ધૃત ક્રિડા, મદીરા પાન અને સતત મારું મારું ની અવદશા! દશરથને ત્રણ રાણી જ્યારે દ્રૌપદીને પાંચ પતિ! પણ એ જ સમયમાં શ્રીકૃષ્ણ ચરિત્રની અવતાર લીલા જોઈએ તો પૃથ્વી પર પ્રેમ તત્વની પુષ્ટિ માટે સત્યને વિઘટિત કર્યું, અથવા એમ કહો કે પરમ સત્યને અનુસર્યા, અને ગોકુળના ગોપ, ગોપી, ગાયથી, શરૂ કરીને જીવનનાં અંતિમ ચરણ સુધી સૌમાં પ્રેમને પ્રસાદ જેમ વહેંચ્યો! છતાં પોતે પ્રેમથી વંચિત રહ્યાં. જે જે પ્યારું લાગ્યું, જીંદગીએ એ જ એની પાસેથી છીનવી લીધું! કાળની ગતિ તો જુવો! ઈશ્વર અવતારનું પણ એક પારધીનાં હાથે મૃત્યુ! એનાં પરથી કહી શકાય કે દ્વાપરમાં ભોગની કે સુખની બોલબાલા હતી, અને રજસ ગુણની પ્રધાનતા, અને એમાં સમતોલન જાળવવા માટે કે ન્યાય માટે કૃષ્ણની પ્રેમ ભાવની પૂર્તિ એ જ સમાજ ટકી શક્યો. કળીયુગ: કળીયુગની પૌરાણિક દંતકથા મુજબ પરિક્ષિતના બાણથી ઘવાયેલા કળીયુગ એ થોડા આશ્રય સ્થાન માંગ્યા હતાં, અને રાજા એ કહ્યું હતું કે તું પ્રત્યક્ષ રહી નહીં શકે, પણ માનવીનાં અંતરમાં વિસ્તરીને તારું સામ્રાજ્ય બનાવી શકીશ, અને એમ કરતાં કરતાં આજે તો એનું વિસ્તરણ અધધધ...સમયનાં આજનાં દોરની વાત કરવા જેવી જ નથી, છતાં કરીએ તો ગુણની બાબત આજે સમાજમાં ૮૦/૨૦ નો રેશિયો છે. જેમાં ૮૦% તમસ અને ૨૦% માં રજસ, સત્વ ગુણની પ્રધાનતા જોવાં મળે છે. રામચરિત માનસમાં તુલસીદાસજી એ કળીયુગનું જે વર્ણન કરેલ છે, એ વાંચીએ ત્યારે આપણને એમ થાય કે, શું આપણો સમાજ આવો છે? કેટલી ગંદી માનસિકતા! કે જ્યાં પરિવારમાં પણ સ્ત્રીને અસુરક્ષાનો ભાવ થાય, સ્ત્રી શું અહીં તો દીકરી પણ.. જ્યાં જુવો ત્યાં અત્યાચાર અને બલાત્કાર! કામ ભાવની પૂર્તિ માટે ન જાણે કેટલુ અધ પતન.. તો ક્યાંક જીત માટે કે સિદ્ધિ માટે તામસી તંત્રનાં પ્રયોગો! અરેરાટી થઈ જાય એવાં. તમસની પ્રધાનતાને કારણે સમાજમાં આક્રમક વલણ વધતું જાય છે, જેને કારણે હિંસા પ્રર્વતી રહી છે. આ હિંસાને ઓછી કરવા માટે સત્ય પ્રેરક ન્યાય કામ આવે નહીં! તો પ્રેમ, હુંફ, લાગણીથી એકલ દોકલનો ઉદ્ધાર કે સુધારો શક્ય છે! પણ કરુણા એક એવો ભાવ છે, જે તમસની આક્રમકતાને ઓછી કરી શકે! કરુણા ભલભલા ગુનાહને માફ કરી સ્વીકાર કરે છે, અને બુદ્ધ પુરુષોનાં કે સંતોની કરુણાનાં ઉત્તમ ભાવથી જ સમાજ આટલી વિકૃતિ હોવા છતાં ટકી શક્યો છે. આમ તો ચોવીસ અવતારની કથામાં કળીયુગમાં કલ્કી અવતારની વાત છે! પણ કુદકે ને ભૂસકે વધતી અરાજકતા ને સમ કરવા કોઈ એક અવતાર અત્યારે આ વિષમ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકે એમ નથી, એવું લાગતાં ઈશ્વરે બુદ્ધ પુરુષ કે સંતોનાં અવતારને પૃથ્વી પર મોકલવાનું નક્કી કર્યું હશે! મૂળ વાત એ છે કે કળીયુગ આપણે કારણે જ આટલો વિસ્તર્યો છે, તો સદગુરુ એ સૂચવેલી થોડી જાગૃતિ રાખીને જે જે એનાં સ્થાન બતાવ્યા છે, ત્યાંથી આપણે જ એને કાઢીને સમયને સતયુગ તરફ ગતિ કરાવી શકીશું! આપણે સૌ જાગૃતિ રાખી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**ગુરુના સંસ્કાર વિદ્યાર્થીમાં આવે છે, આજકાલ ભણાવનારા પ્રોફેસરો વિલાસી હોય છે એટલે ભણનાર વિદ્યાર્થીઓ વિલાસી થાય છે**

# વિદ્યાર્થી જીવનમાં ખૂબ સંયમ છે વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં વિલાસી જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરમાત્માના સાક્ષાત્કાર માટે અતિ સંયમની જરૂર છે, વિદ્યાર્થી અતિ સંયમ ન રાખે તો વિદ્યા મળતી નથી, જીવનમાં સંયમ વગર દિવ્યતા આવતી નથી માટે સંયમ વિદ્યા, જ્ઞાન સાથે વૈરાગ્યને ખૂબ વધારો, એક વખત જે સુખનો, જે વિષયનો ત્યાગ કર્યો તેની ફરીથી ઇચ્છા થાય તો તે એકલું ખાવા જેવું થયું, માટે એક વખત ત્યાગ કર્યો પછી ત્યાગેલી ચીજનીઇચ્છા કરવી નહીં, માટે સુદામા સાથે મૈત્રી કરજો.**

દેવદિવાળી પછી શૈક્ષણિક નવા સત્રનો પ્રારંભ આધાર અપારના ગુંચવાડામાં શિક્ષકો વિદ્યાર્થીઓ અને શિક્ષણને ફસાવીને થયેલ છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ગુરુ સેવા વગર જ્ઞાન નથી, ગુરુ સેવા વગર પ્રભુ પ્રસન્ન થતા નથી એ આદર્શ શ્રીકૃષ્ણે જગતને બતાવ્યો છે. પ્રાચીનકાળમાં ગુરુઓ વિરક્ત હતા અને શિષ્ય આવા ગુરુની સેવા કરી વિરક્ત થતા. વિદ્યા એ વૈરાગ્ય વગર દીપે અને અન્યનહીં ભગવાનના વિદ્યાર્થી જીવનમાં ખૂબ સંયમ છે વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં વિલાસી જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે.શ્રીકૃષ્ણ ગુરુને ઘરે પાણી ભરે છે અને ગુરુને ઘરે વનમાંથી લાકડાં લઈ આવે છે. ગુરુના સંસ્કાર વિદ્યાર્થીમાં આવે છે.આજકાલ ભણાવનારા પ્રોફેસરો વિલાસી હોય છે એટલે ભણનાર વિદ્યાર્થીઓ વિલાસી થાય છે.પ્રાચીનકાળમાં ગુરુઓમાં પરિપૂર્ણ સંયમ હતો એટલે વિદ્યાર્થીઓમાં પણ સંયમ આવતો સંયમ જ સુખ આપે છે. વિદ્યાર્થી અવસ્થામાં સંયમની બહુ જ જરૂર છે.આજકાલ પૈસા કમાવાની વિદ્યા શીખવાડવામાં આવે છે, પણ સંસાર સંબંધમાંથી છોડાવનારી વિદ્યા શીખવાડવામાં આવતીનથી.આત્મા શું? પરમાત્મા શું? આત્મા-પરમાત્માનો સંબંધ શું? જીવનનું લક્ષ્ય શું? આ કોઈ કહેતું નથી. સાચી વિદ્યા એજ જે જીવને પ્રભુનાં ચરણ સુધી લઈ જાય મુક્તિ અપાવે તે જ વિદ્યા. શ્રીકૃષ્ણ જ્યારે ગુરુકુળમાં હતા, ત્યારે સૌરાષ્ટ્રનો એક ગરીબ બ્રાહ્મણ ત્યાં ભણવા આવ્યો. તેની સાથે શ્રીકૃષ્ણને મૈત્રી થઈ. આ મિત્રનું નામ સુદામા. શ્રીકૃષ્ણ ના અનેક મિત્રો હશે પણ ભાગવત માં આ એકનું નામ આપ્યું છે. ઈન્દ્રિયોને દમ,ઈન્દ્રિયનિગ્રહ કરે તે સુદામા. ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યા વિના વિદ્યા મળતી નથી,વિદ્યા ફળતી નથી. વિદ્યાર્થી આલમમાં ઈન્દ્રિયોને દમવાની ખૂબ જરૂર છે. તે સૂચવવા શ્રીકૃષ્ણના બીજા કોઈ સહાધ્યાયીનું કામ ભાગવત માં લખ્યું નથી.ફક્ત સુદામાનું નામ લખ્યું છે.સુદામા સાથે મૈત્રી કરે તો જ સરસ્વતીની ઉપાસના થાય. પરમાત્માના સાક્ષાત્કાર માટે અતિ સંયમની જરૂર છે. વિદ્યાર્થી અતિ સંયમ ન રાખે તો વિદ્યા મળતી નથી.જીવનમાં સંયમ વગર દિવ્યતા આવતી નથી માટે સંયમ વિદ્યા, જ્ઞાન સાથે વૈરાગ્યને ખૂબ વધારો. એક વખત જે સુખનો, જે વિષયનો ત્યાગ કર્યો તેની ફરીથી ઈચ્છા થાય તો તે એકલું ખાવા જેવું થયું. માટે એક વખત ત્યાગ કર્યો પછી ત્યાગેલી ચીજનીઈચ્છા કરવી નહીં. માટે સુદામા સાથે મૈત્રી કરજો. સુદામા સાથે મૈત્રી કરશો તો સરસ્વતી પ્રસન્ન થશે અને દ્વારિકાનાથ પણ મળશે. સુદામા એ ઉત્તમ સંયમનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ-સુદામાના ગુરુ સાંદીપનિ છે.આત્મતત્ત્વનું સંદીપન કરી- કરાવી શકે તેનું નામ સાંદીપનિ, તે જ ગુરુ! કશું બહારથી લાવીને આપે છે તેવું નથી. આત્મતત્ત્વ જે અંદર છે તેનો જ ગુરુ અનુભવ કરાવે છે.જે મળ્યું છે તે મેળવવાનું છે, પ્રાપ્તની



પ્રાપ્તિ છે. ભગવાન પૃથ્વી ઉપર પધારે એટલે એમને પણ ગુરુની જરૂર પડે છે. તેઓ પણ ગુરુસેવા કરે છે. ભગવાને સંયમ સાથે મૈત્રી કરી સદાચારી જીવન ગાળ્યું. આજે પણ વિદ્યાર્થી સુદામાની સાથે મૈત્રી કરી વિદ્યાભ્યાસ કરે, તો વિદ્યા સફળ થાય, સંસારીઓ સાથે રહી બ્રહ્મચર્ય પાળવું કઠણ છે.સાત્ત્વિક વાતાવરણ હૃદયને પ્રફુલ્લ કરે છે. પિતા-પુત્રના વંશને બિંદુવંશ કહે છે ગુરુ-શિષ્યના વંશને નાશવંત કહે છે. નાશવંત બિંદુવંશ કરતાં શ્રેષ્ઠ છે,એટલે પિતા કરતાં ગુરુ શ્રેષ્ઠ છે. ભગવાને વિદ્યાભ્યાસ પૂરો કર્યો. ગુરુને ગુરુદક્ષિણા માગવા કહ્યું. સાંદીપનિ કાંઈ માગતા નથી. સાંદીપનિ બોલ્યા, ક્ષીપ્રા નદીને કિનારે મારો આશ્રમ છે.વૃક્ષો ફળ આપે છે, નદી જળ આપે છે. કોઈ વસ્તુની મને અપેક્ષા નથી. જળ અને ફળથી જેને સંતોષ છે એ ખરો બ્રાહ્મણ.તે જ સદગુરુ થવાને લાયક છે. બ્રાહ્મણનું જીવન વિલાસ ભોગવવા માટે નથી, તપ માટે છે. જેની જરૂરિયાત ઓછી તેના હાથે પાપ થતું નથી. પ્રભુએ કહ્યું, તમને જરૂર નથી, પણ ગુરુદક્ષિણા આપ્યા વગર મારી વિદ્યા સફળ ન થાય, માટે કાંઈક માગો. સાંદીપનિએ કહ્યું,મેં તને જ્ઞાન દીધું તેમ તું બીજાને દેજે!લાયક શિષ્ય મળે તો કશા ફળની નાશા વગર એને વિદ્યા દેજે અને વિદ્યા વંશને વધારજે! આ મારી દક્ષિણા! શ્રીકૃષ્ણે ગુરુની આજ્ઞા માથે ચડાવી અને આખી દુનિયા સાક્ષી છેકે,એમણે એ આજ્ઞાનું પલન કર્યું છે.પરજ્ઞાની યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્યજ્ઞાનનું દાન કર્યું. અર્જુનની તો સેવા કરી પણ એના ઘોડાઓની પણ સેવા કરી છે. મહાભારતમાં એવું વર્ણન આવે છે કે,યુદ્ધમાં થાકેલો અર્જુન રાત્રે સૂઈ જાય પણ શ્રીકૃષ્ણ સૂતાનથી ભગવાન રાત્રે અર્જુનના ઘોડાઓ ની સેવા કરે છે ઘોડાઓને વાગેલાં બાણ કાઢે,મલમ લગાડે,બદલામાં અર્જુન પાસેથી કાંઈ લીધું નથી. અર્જુન ભલે શ્રીકૃષ્ણને ગુરુ માને, ભગવાન અર્જુનને ચેલા માનતા નથી.ભગવાને ઉદ્ધવને જ્ઞાનોપદેશ કર્યો.અર્જુનને જ્ઞાનોપદેશ કર્યો, પણ કોઈ પાસેથી કાંઈ લીધું નથી. ગુરુ નિરપેક્ષ અને શિષ્ય નિષ્કામ હોય તો બેડો પાર થઈ જાય. પણ આજકાલ તો લોકો આશા રાખે છે,મહારાજના આશીર્વાદથી મારે ત્યાં બાબો થાય, મને સંપત્તિ મળે. પરંતુ સંતતિ અને સંપત્તિનો આશીર્વાદ ખરા સંત આપતા નથી સંત તો વિકારવાસનાનો નાશ કરી અલૌકિક ભજનાનંદનું દાન કરે છે. ત્યારે ભગવાન ગુરુપત્નીને કહે છે તમે કંઈક કહો!ગુરુપત્ની પુત્ર શોકથી દુઃખી હતાં.તે કહે છે,અમે પ્રભાસની જાત્રાએ ગયા ત્યારે મારો એકનો એક બાળક સમુદ્રમાં ડૂબી મરણ પામ્યો છે. ગુરુદક્ષિણામાં એ બાળક મને લાવી આપો. ભગવાન તે બાળક લેવા ગયા. સમુદ્રમાંથી પંચજન્ય શંખ મળ્યો. તે ધારણ કર્યો. પ્રભુ મુરલીધર મટી શંખધર બન્યા.અપાર પરિશ્રમ કરી પ્રભુ મરી ગયેલા ગુરુદેવના બાળકને લઈ આવ્યા છે.ગુરુ તેમજ ગુરુપત્નીને આશીર્વાદ આપ્યા છે,સરસ્વતી તમારા મુખ માં, લક્ષ્મીજી તમારા ચરણમાં અને તમારી કીર્તિ જગતમાં થશે.બેટા,મારી વિદ્યાનો વંશ વધારજે. ગોપીઓએ પણ ભગવાન પાસે કંઈ માગ્યું નથી. એટલે ભગવાન ગોપીઓના ઋણમાં હંમશને માટે રહ્યા છે. માટે ભગવાન પાસે કંઈ માગો નહીં. શ્રીકૃષ્ણ વિદ્યાભ્યાસ કરી મથુરા આવ્યા છે.યાદવોને પરમાનંદ થયો છે. મથુરાના રાજમહેલમાં મુકામ છે. ઉદ્ધવાગમનનો પ્રસંગ આવે છે. ઉદ્ધવાગમનની કથા કહેવામાં કથાકારની કસોટી છે એમ દક્ષિણના મહાત્માઓ માને છે. ઉદ્ધવાગમનમાં જ્ઞાન અને ભક્તિ નો મધુર કલહ છે અને મધુર પણ છે.ઉદ્ધવનું નિર્ગુણ જ્ઞાન અને ગોપીઓની શુદ્ધ પ્રેમલક્ષણા સગુણ ભક્તિ. ભક્તિ અને જ્ઞાન માં કંઈ અંતર નથી. ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે. સાધક આરંભમાં 'હું સેવક છું' એવી દૃઢ કરી ઈશ્વરની આરાધના કરે છે. એમ કરતાં સાધકને થાયછે કે,હવે ભગવાન મારા છે!પહેલા પોતે ભગવાનનો હતો,હવે ભગવાન એના છે. તે પછી અનુભૂતિ વધે છે. દેહભાન ભુલાય છે. હવે હું રહેતું નથી, હવે ભગવાન જ રહે છે. તે પછી થાય છે કે, હું જ ભગવાન છું.દાસોહમાંથી સોહમ્ થાય છે.ભક્તિએ જ્ઞાન છે અને જ્ઞાન એ ભક્તિ છે.જ્ઞાન અને ભક્તિ એક બને છે,ત્યારે જીવન સફળ થાય છે. જ્ઞાન ભક્તિ વગર પાંગળું છે અને ભક્તિ જ્ઞાન વગર આંધળી છે. ભક્તિ અને જ્ઞાન વૈરાગ્ય બંનેની જરૂર છે. કેટલાક જ્ઞાનીઓ માને છે કે, અમને ભક્તિની જરૂર નથી.તેઓ ભક્તિ નો તિરસ્કાર કરે છે.કેટલાકભક્તો માને અમને જ્ઞાન વૈરાગ્યની જરૂર નથી. તેઓ જ્ઞાન વૈરાગ્યનો તિરસ્કાર કરે છે. આ બંને વિચારો યોગ્ય નથી વૈરાગ્ય વિના ભક્તિ દૃઢ થશે નહીં જ્ઞાન વૈરાગ્ય વગર ની ભક્તિ કાચી છે.ભક્તિ વૈરાગ્ય સાથે જ્ઞાન સાથે આવે તો દૃઢ બને છે.ભક્તિને જ્ઞાનની અપેક્ષા છે. અને જ્ઞાનને ભક્તિની અપેક્ષા છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત શિયાળાની જમાવટ હવે તેજ ગતિએ આગળ વધી રહી છે. બોર્ડ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તબક્કાની પ્રક્રિયા ચાલી રહી છે તો વિદ્યાર્થી અવસ્થામાં જ આળસનો ત્યાગ કરી નિર્ધારિત ધ્યેય પ્રાપ્ત કરવા સઘન પ્રયત્ન કરો.

### ‘હું હવે ક્યારેય ઓડિશન નહીં આપું...’

# ભુવને વર્ણવી ગ્લેમરસ જીવનની વરવી વાસ્તવિકતા



તાજેતરમાં એક ઈવેન્ટમાં ભુવન બામે તેની કારકિર્દીની સફર વિશે વિગતવાર વાત કરી છે. આ દરમિયાન પણ દર્શકો તેના જવાબ પર જોરદાર અવાજ ઉઠાવતા રહ્યા હતા. ભુવન બામે ગ્રેટર નોઈડાની આખી જિંદગી બદલી નાખનારી ઘટના કહી છે. તેણે જણાવ્યું હતું કે, ‘હું રિયાલિટી શોના ઓડિશન માટે ગ્રેટર નોઈડા ગયો હતો. મારો વારો આવ્યો ત્યારે ઓડિશનનો સમય પૂરો થઈ ગયો હતો. પછી આયોજકોએ મને બીજા દિવસના ઓડિશન માટે ટોકન સાથે આવવા કહ્યું. પરંતુ બીજા દિવસ ટોકન મેળવવા યુવાનો એકબીજા સામે હરીફાઈ કરવા લાગ્યા હતા.’આ વાત કરતા તેણે જણાવ્યું હતુ કે, ‘ભીડને કાબૂમાં લેવા માટે માર મારવામાં આવી રહ્યો હતો. હું એક ખૂણામાં ઊભો હતો ભૂખ્યો અને તરસ્યો, સવારે ૬-૭ કલાક સુધી ઓડિશન માટે તેના વારાની રાહ જોતો હતો. તાજેતરમાં એક ઈવેન્ટમાં ભુવન બામે તેની કારકિર્દીની સફર વિશે વિગતવાર વાત કરી છે. પછી તે ત્યાંથી એ વિચારીને ચાલ્યો ગયો કે તે તેના જીવનમાં ક્યારેય ઓડિશનમાં ભાગ નહીં લે. પછી મે ઈન્ટરનેટ મીડિયા પર યુટ્યુબર તરીકે કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું હતું.’ભુવને વીડિયો બનાવવા અને તેના પર માતા-પિતાની પ્રતિક્રિયા અને રસપ્રદ કિસ્સો જણાવતા કહ્યું કે, ‘જ્યારે પપ્પા મારા જોક્સ પર હસી પડ્યા. તે યાદગાર ક્ષણ હતી. પછી ધીમે-ધીમે ઈન્ટરનેટ મીડિયાથી ઓટીટી સુધીની સફર કરી. આમાં ઘણા પડકારો ઊભા થયા. સૌથી મોટી લડાઈ ઓટીટી સુધી પહોંચવાની છે. સૌથી મુશ્કેલ બાબત એ છે કે સામેની વ્યક્તિને સમજાવવું કે આપણે તે કરી શકીએ છીએ.’આ ઈવેન્ટમાં ભુવન બામે જણાવ્યું હતુ કે, ‘ઈન્ટરનેટ મીડિયા પર ૨૧ અલગ-અલગ પાત્રો ભજવ્યા પછી હું વિચારતો હતો કે હું કેટલો સમય બંધ દરવાજા પાછળ કામ કરીશ. મુંબઈ જીને આગળ કામ કરવું પડશે. સિનેમા અને તેમાં કામ કરવાની રીતો વિશે જાણવા માંગતો હતો. હું ઈચ્છતો હતો કે ડિરેક્ટર મને પણ કામ માટે બોલાવે. ઘણાં વિચાર કર્યા પછી હું બાજી બનાવી શક્યો. હું યુટ્યુબ પર અપલોડ કર્યો કારણ કે હું બતાવવા માંગતો હતો કે હું ચાર દિવાલો સુધી મર્યાદિત નથી, જો તક મળે તો હું ઘણું આગળ વધી શકું છું.’ નોંધનીય છે કે, ભુવન બામ જાણીતો યુ ટ્યુબર છે.

### ધરપકડ સમયે અલ્લુ અર્જુનની પત્ની અલ્લુ સ્નેહા રેડ્ડી

# અલ્લૂ અર્જુન જેલથી મુક્ત થયા બાદ સુપરસ્ટાર ચિરંજીવીને મળવા પહોંચ્યા

### ભાઈ અલ્લુ સિરીશ અને પિતા અને નિર્માતા અલ્લુ અરવિંદ હાજર રહ્યા હતા



સાઉથ સિનેમાના સ્ટાર અભિનેતા અલ્લુ અર્જુન રવિવારે તેના કાકા મેગાસ્ટાર ચિરંજીવીના ઘરે પહોંચ્યો હતો. ચિરંજીવીના ઘરે જતા અલ્લુ અર્જુનનો વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર ખુબ વાઈરલ થઈ રહ્યો છે. અન્ય એક વીડિયોમાં અલ્લુ અર્જુન પત્ની સ્નેહા રેડ્ડી અને તેમના બાળકો સાથે તેના ઘરે પહોંચતો જોવા મળ્યો હતો. જેલમાંથી છૂટ્યા પછી ચિરંજીવીની પત્ની સુરેખા શનિવારે અર્જુનના જ્યુબિલી હિલ્સના ઘરે પહોંચીયા હતા. અગાઉ શુક્રવારે અર્જુનની ધરપકડ પછી તરત જ ચિરંજીવી અર્જુનના ઘરે મુલાકાત માટે પહોંચ્યા હતા.૪ ડિસેમ્બરે સાઉથ ઈન્ડિયન સ્ટાર અલ્લુ અર્જુનની પુષ્પા-૨ ફિલ્મની ચોથી ડિસેમ્બરે હૈદરાબાદમાં સંધ્યા થિયેટરમાં યોજાયેલી સ્ક્રીનિંગમાં ભારે ભીડ ઉમટી પડી હતી. એ વખતે ચાહકો અલ્લુ અર્જુનની એક ઝલક જોવા ઉમટી પડતાં નાસભાગ થઈ હતી. આ દરમિયાન એક ૩૫ વર્ષીય મહિલાનું મોત થયું હતું, જ્યારે તેનો નવ વર્ષનો પુત્ર બેભાન થઈ ગયો હતો. આ મામલે અલ્લુ અર્જુન વિરુદ્ધ પણ કેસ નોંધાયો છે. જેમાં મહિલાના પરિવારે ફરિયાદ કરતા અલ્લુ અર્જુન, તેની સુરક્ષા ટીમ, થિયેટર મેનેજમેન્ટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૧૧૮ (૧) હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી. ધરપકડ સમયે અલ્લુ અર્જુનની પત્ની અલ્લુ સ્નેહા રેડ્ડી, ભાઈ અલ્લુ સિરીશ અને પિતા અને નિર્માતા અલ્લુ અરવિંદ હાજર રહ્યા હતા. અર્જુનની ધરપકડ કરીને કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને ૧૪ દિવસની જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપવામાં આવ્યો હતો. અર્જુનને તે જ સાંજે હાઈકોર્ટમાંથી જામીન મળી ગયા હતા. પરંતુ તેને એક રાત જેલમાં વિતાવવી પડી હતી. અને શનિવારે સવારે તે પોતાના ઘરે પહોંચ્યો હતો.

# વિક્રાંતએ તેની ‘નિવૃત્તિ’ પોસ્ટ પર મૌન તોડ્યું

**વિક્રાંતની કારકિર્દી** ધ સાબરમતી રિપોર્ટ, કાર્ગો અને અ ડેથ ઇન ધ ગુંજ જેવી સફળ ફિલ્મોથી શરૂ





વિક્રાંત મેસીએ તાજેતરમાં તેની એક સોશિયલ મીડિયા પોસ્ટથી મૂંઝવણ ઊભી કરી હતી. વાસ્તવમાં, અભિનેતાએ તેની પોસ્ટમાં લખ્યું હતું કે તે ૨૦૨૫માં અભિનયમાંથી બ્રેક લઈ રહ્યો છે, જેના કારણે કેટલાક ચાહકો સમજી ગયા કે તે સંન્યાસ લઈ રહ્યો છે. જોકે, વિક્રાંતે આ બધી ગેરસમજ વિશે વાત કરી અને પોતાના નિવેદન પર સ્પષ્ટતા પણ આપી.એક ઈન્ટરવ્યુમાં વિક્રાંતે કહ્યું, “મેં વિચાર્યું ન હતું કે જીવનમાં આ બધું થશે. હું ૧૨મી ફેલમાં પાસ થયો, અને મારા કામની ખૂબ પ્રશંસા થઈ. મારું સપનું જીવનમાં ફિલ્મફેર મેળવવાનું હતું, તે પણ મને મળ્યું. વિક્રાંતે જણાવ્યું હતું કે, ખાસ કરીને મધ્યમ વર્ગની પૃષ્ઠભૂમિમાંથી આવતા વ્યક્તિ તરીકે તેમને જે ઓળખ મળી છે તેના માટે તે ખૂબ જ આભારી છે. તેમણે કહ્યું, “મધ્યમ-વર્ગીય પરિવારના વ્યક્તિ માટે, વડા પ્રધાનને મળવું, તેમને અને સમગ્ર કેબિનેટને ફિલ્મ જોવી એ મારા માટે ઘણું અર્થ છે, તે પહેલેથી જ એક મોટી ઉપલબ્ધિ છે.”વિક્રાંતે તેની કારકિર્દી પર પડેલી ભાવનાત્મક અને શારીરિક અસર વિશે ખુલીને વાત કરી. “શારીરિક રીતે, હું થાકી ગયો છું,” તેણે સ્વીકાર્યું. તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે અંગ્રેજીમાં લખેલી તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં થોડી મૂંઝવણ ઊભી થઈ છે. તેમણે કહ્યું, “મને લાગ્યું કે હવે સમય આવી ગયો છે કે વડાપ્રધાન એક એવી ફિલ્મ જોવા જઈ રહ્યા છે જે મારા હૃદયની ખૂબ નજીક છે, અને મેં વિચાર્યું કે અહીંથી જ વસ્તુઓ સારી થઈ શકે છે. પરંતુ જ્યારે વધુ સર્જનાત્મકતા બાકી ન હોય, ત્યારે તમારે પુનઃપ્રાપ્તિ કરવાની જરૂર છે, મેં પણ તે જ કરવાનો પ્રયાસ કર્યો, સમસ્યા એ હશે કે મેં વધુ પડતું અંગ્રેજી લખ્યું. હું તેને વ્યક્ત કરવા માંગતો હતો, પરંતુ મેં અંગ્રેજીમાં ઘણું લખ્યું છે, અને દરેક તેને સમજી શક્યા નથી.વિક્રાંતની કારકિર્દી તાજેતરના વર્ષોમાં ૧૨મી ફેલ, ધ સાબરમતી રિપોર્ટ, કાર્ગો અને અ ડેથ ઈન ધ ગુંજ જેવી સફળ ફિલ્મોથી શરૂ થઈ છે.

### રીલીઝ થયાના ૯માં દિવસે ૭૮૨.૨ કરોડની નોટો છાપી

# અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા-૨’નો બુખાર બીજા સપ્તાહે પણ બરકરાર

### ‘પુષ્પા ૨ઃ ધ રૂલ’ ભારતની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે

અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે. શાનદાર કલેક્શન સાથે, હવે ફિલ્મ આરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે.‘પુષ્પા ૨ઃ ધ રૂલ’ની ગતિ બોક્સ ઓફિસ પર અટકવાના કોઈ સંકેત દેખાડી રહી નથી. આ ફિલ્મ ૫મી ડિસેમ્બરે સ્ક્રીન પર રિલીઝ થયાને ૯ દિવસ થઈ ગયા છે. અલ્લુ અર્જુનની ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે અને દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે.અહેવાલ મુજબ, ‘પુષ્પા ૨ઃ ધ રૂલ’એ બોક્સ ઓફિસ પર ૧૭૪.૯૫ કરોડ રૂપિયાની ઓપનિંગ કરી હતી. શાનદાર દૈનિક કમાણી સાથે, ફિલ્મે પહેલા અઠવાડિયામાં ૭૨૫.૮ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે બીજા સપ્તાહમાં પણ ફિલ્મ જોરદાર કમાણી કરી રહી છે. નવમા દિવસે ‘પુષ્પા ૨ઃ ધ રૂલ’ એ કુલ ૩૬.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.‘પુષ્પા ૨ઃ ધ રૂલ’ આરઆરઆરને હરાવી દેશે?અલ્લુ અર્જુનની ફિલ્મે હવે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૭૬૨.૧ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. હવે આ ફિલ્મઆરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે.



**અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે**

### સમગ્ર ફિલ્મ ઉદ્યોગના કલાકારો હાજર

# કરિશ્મા કપૂરએ રણધીરને ટેકો આપીને પુત્રીની ફરજ નિભાવી



**કપૂર પરિવાર ઉજવી રહ્યો છે પીઢ અભિનેતા અને દિગ્દર્શક રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિ**

પીઢ અભિનેતા અને દિગ્દર્શક રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિ પર, તેમનો આખો પરિવાર તેમની ફિલ્મોની ઉજવણી કરવા માટે એક છત નીચે એક સાથે આવ્યો હતો. આ ખાસ અવસર પર, આલિયાનો તેની સાસુ અને ભાભી પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો, જ્યારે કરિશ્મા કપૂરે તેના પિતાની પુત્રી તરીકેની ફરજ ખૂબ જ સારી રીતે નિભાવી. કરિશ્મા કપૂર તેના પિતા રણધીર કપૂરને ચાલવામાં મદદ કરતી જોવા મળે છે. કરિશ્મા સતત તેના પિતાનો હાથ તેના ખભા પર રાખતી હતી.બોલિવૂડના ફેવરિટ કપલ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ શુક્રવારે દિવંગત ફિલ્મ સર્જક રાજ કપૂરની ઉજવણીમાં હાજરી આપવા પહોંચ્યા હતા. નીતુ કપૂર અને તેની પુત્રી રિદ્ધિમા કપૂર સાહની પણ તેની સાથે જોડાયા હતા. પરિવારે પાપારાઝી માટે પોઝ પણ આપ્યો હતો. નીતુએ આલિયાને જોતાની સાથે જ તેના લુકના વખાણ કર્યા હતા જ્યારે રિદ્ધિમાએ આવતાની સાથે જ તેને ગળે લગાવી હતી. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણી માટે પહોંચ્યા ત્યારે તેઓ હાથમાં હાથ મિલાવીને ચાલતા જોવા મળ્યા હતા. આલિયા સફેદ સાડીમાં સુંદર લાગી રહી હતી. તેણે ખાલી ગોલ્ડન નેકપીસ પહેર્યો હતો. આ દરમિયાન નીતુ કપૂર અને રિદ્ધિમા પણ તેમની સાથે તસવીરો માટે જોડાયા હતા. આલિયાએ સાસુ-સસરાને પ્રેમથી આવકાર્યા અને ગળે લગાડ્યા. આ પછી, તેણે રિદ્ધિમાને જોતાં જ તે દોડીને તેને ગળે લગાવી.નીતુ કપૂર લાઈટ બ્રાઉન કુર્તા સેટમાં જોવા મળી હતી, જ્યારે રિદ્ધિમાએ એથનિક વ્હાઈટ અને બ્રાઉન પ્રિન્ટેડ સૂટ પહેર્યો હતો. બીજું, એક ખૂબ જ ક્યૂટ ક્લિપ સામે આવી છે.

# બોલિવૂડ અભિનેતા વિવેક ઓબેરોયની લાઈફ સ્ટાઈલ આજે પણ સાદગીભરી

### ૩,૪૦૦ કરોડનો ધિરાણનો વ્યવસાય, છતાં ઇકોનોમી ક્લાસમાં સફર



વિવેક ઓબેરોયે વર્ષ ૨૦૦૨માં ગેંગસ્ટર ફિલ્મ કંપની દ્વારા અભિનયની શરૂઆત કરી હતી. આ પછી તે સાથિયા, ક્રિશ ૩, મસ્તી, ઓમકારા અને દમ જેવી ફિલ્મોમાં જોવા મળ્યો. જોકે, તેને શરૂઆતમાં જ સફળતા મળી હતી. તે અત્યારે ત્યાં નથી. તેમનો ૩૪૦૦ કરોડ રૂપિયાનો મની લેંડિંગ બિઝનેસ છે. હા, અભિનેતાએ પોતે મુંબઈમાં એક ઈવેન્ટમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે આજે તેનો સ્ટુડન્ટ લોન બિઝનેસ ૩૪૦૦ કરોડ રૂપિયાનો છે. ફ્રેન્ચાઈઝ ઈન્ડિયા યુટ્યુબ ચેનલ દ્વારા શેર કરવામાં આવેલા વિડિયોમાં, અભિનેતા કહે છે, મેં એક સ્ટાર્ટઅપ શરૂ કર્યું, જે શિક્ષણ ફીના નાણાં માટે હતું, તે પણ કોલેટરલ વિના. તે હવે ઘણો મોટો થઈ ગયો છે. અમે નેટવર્ક દ્વારા ૧૨૦૦૦ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને જોડ્યા છે.તે આગળ કહે છે, પરંતુ પછી અમે ગ્રાહક સાથે જોડાયા અને તે ડેટા અમારી પાસે રાખ્યો. અમે અમારા ગ્રાહકોને સીધા જ ઓળખ્યા, તેઓ ૪૫ લાખ લોકો હતા જેઓ શાળા કે કોલેજ જતા હતા.આ ખૂબ જ સારો ડેટા હતો, અને આ રીતે કંપનીનું મૂલ્ય લગભગ ઈ૪૦૦ મિલિયન (અંદાજે રૂ. ૩,૪૦૦ કરોડ) વધી ગયું છે.વિવેક ઓબેરોયે તેમના વ્યવસાયની સફળતાનો શ્રેય ધ્યાન આકર્ષિત કરવા માટે તેમની વ્યક્તિગત બ્રાન્ડના સ્માર્ટ ઉપયોગને આપ્યો. તેણે કહ્યું, “જ્યારે મેં મારી બ્રાંડનો લાભ લીધો, ત્યારે તેની સકારાત્મક સામાજિક અસર હતી, જે મારા વ્યક્તિત્વને અનુરૂપ હતી કારણ કે મને એવી વસ્તુઓ કરવી ગમે છે જે અમે બનાવેલી એક ઝીરો-સમ હતી. શૂન્ય-વ્યાજ ચૂકવણી યોજના હોવા માટે એક વિસંગતતા હતી પરંતુ તે ખૂબ જ સારી રીતે કામ કર્યું અને અમે કંપનીને ખૂબ જ સફળ બનાવી અને તેમાંથી મૂલ્ય બનાવ્યું. અભિનેતાએ ખુલાસો કર્યો કે તે તેની ટીમને કામ કરવા દેતો હતો અને મીટિંગ્સ જાતે જ સંભાળતો હતો. તેણે એ પણ જણાવ્યું કે તેના સ્ટાર્ટ-અપ બિઝનેસ માટે મુસાફરી કરતી વખતે, તે તેની ટીમના સભ્યો સાથે ઈકોનોમી ક્લાસમાં ઉડવાનું પસંદ કરે છે. તે કહે છે, “જ્યારે પણ હું વ્યક્તિગત રીતે મુસાફરી કરું છું, ત્યારે હું ફર્સ્ટ અને બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરું છું. પરંતુ જ્યારે પણ હું એવી કંપની માટે ઉડાન ભરું છું જેનો હું સહ-સ્થાપક છું, ત્યારે હું ટીમ-બિલ્ડિંગના આ પ્રતિધ્વનિ સાથે ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરું છું.” માત્ર ટીમના મનોબળમાં જ નહીં પરંતુ નાણાકીય શિસ્તની દ્રષ્ટિએ પણ તેની ભારે અસર પડે છે.

# તિષા કૃષ્ણન-સૂર્યા ૨૦ વર્ષ પછી ફરી સાથે કામ કરશે



દક્ષિણ ભારતીય અભિનેત્રી તૃષા કૃષ્ણન હાલ થલાપતિ વિજય સાથેના સંબંધને કારણે ચર્ચામાં છે. તેવામાં તેની કારકિર્દીને લગતી પણ એક માહિતી છે. તૃષા કૃષ્ણન ૨૦ વરસ પછી અભનેતા સૂર્યા સાથે કામ કરી રહી છે. ફિલ્મ સૂર્યા ૪૫ના સેટ પરથી બન્ને જણા શૂટિંગ કરી રહ્યા હોવાની તસવીરો વાયરલ થઈ છે. નિર્માતાઓએ પણ અભિનેત્રી તેમની ફિલ્મમાં કામ કરી રહી હોવાની હવે પુષ્ટિ કરી છે. તૃષાએ સોશયલ મીડિયા હેન્ડલ પર પોતાની એકતસવીર સેર કરી છે. જેમાં તે પોતાની ઉપલબ્દિનો જશ્ન મનાવી રહી છે. તેણે લખ્યું છે કે, ૨૨ વરસ સુધી સિનેમા નામના આ જાદૂનો હિસ્સો બનીને સમ્માનિત અનભવી રહી હોવાનું અને સાથેસાથે લોકોનો આભાર પણ માન્યો છે. ફિલ્મ નિર્માતા આરજે બાલાજીએ એક્સ પર સૂર્યા ૪૫ માટે એક ઓપચારિક પોષ્ટ શેર કરીને જાણ કરી છે. જોકે અભિનેત્રીના પાત્ર તેમજ ફિલ્મ વિશે કોઈ જ માહિતી આપ વામાં આવી નથી. તૃષાએ પોતાની ફિલ્મ કારકિર્દીના ૨૨ વરસ ૧૩ ડિસેમ્બરના રોજ પૂરા કર્યા છે. તૃષા વિશે પોસ્ટ શેર કરતાં આરજે બાલાજીએ લખ્યું છે કે, ૨૨ વરસના શાનદાર વર્ષો માટે વધામણી તૃષા અને અમે સૂર્યા ૪૫માં સાથે કામ કરી રહ્યા છીએ.

### કામઠી રાધિકાઃ માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી....

# કામઠી રાધિકાઃ માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી....



ન્યુબોર્ન બેબી સાથે રાધિકા આપ્ટેનો ફોટો વાયરલ થયો છે જેમાં તેણીબાળકના જન્મના ૮ દિવસમાં જ કામેં લાગી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે.રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે. થોડા સમય પહેલા જ તેણે પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. લગ્નના ૧૨ વર્ષ પછી તે માતા બની છે અને તેણે એક અઠવાડિયા પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે. રાધિકા આપ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર દિકરી સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, દીકરીના જન્મ પછી એક અઠવાડિયાના બાળક સાથે કામ ફરીથી શરૂ. જોકે રાધિકા કોમેન્ટમાં એવું નથી જણાવ્યું કે તેને દીકરીને જન્મ આપ્યો છે કે દીકરાએ. પરંતુ તેની એક મિત્ર સારા અફઝલે કોમેન્ટ કરી છે અને તેમાં તેણે લખ્યું છે સૌથી સારી છોકરીઓ.આ કોમેન્ટ પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાધિકા આપ્ટે એ દીકરીને જન્મ આપ્યો છે. મહત્વનું છે કે રાધિકા વર્ષ ૨૦૧૨માં બ્રિટિશ વાઈલીનીસ્ટ અને સંગીતકાર બેનેડીકટ ટેલર સાથે લગ્ન કર્યા હતા. રાધિકા આપ્ટે પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈફથી દૂર રાખે છે. રાધિકા આપ્ટેએ તેની પ્રેગ્નન્સી પણ પ્રાઈવેટ રાખી હતી.

# ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે કચ્છની સંસ્કૃતિની ઝલક દર્શાવતા ‘રણ ઉત્સવ’ પર વિશેષ આવરણ અને વિરૂપણ વિમોચન કર્યું

## ‘રણ ઉત્સવ’ પર વિશેષ કવર દ્વારા દેશ-વિદેશમાં તેનું વ્યાપક પ્રમોશન અને પ્રસારણ થશે - પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવ



। ધોરડો, તા.૧૬ ।

ગુજરાતના ધોરડો ખાતે રણોત્સવ અંતર્ગત આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ “કચ્છડો બારેમાસ” માં ભારતીય ટપાલ વિભાગે ‘રણ ઉત્સવ’ પર વિશેષ આવરણ અને વિરૂપણ વિમોચન કર્યું, જે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે મુખ્યમંત્રીને વિશેષ આવરણની પ્રથમ કોપી ભેટ તરીકે આપી. આ ખાસ કવરમાં કચ્છના ભરતકામ દર્શાવતી ટપાલ ટીકીટ લગાવી એનું અનોખું વિરૂપણ કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ૨૦૦૫માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ રણ ઉત્સવ આજે વૈશ્વિક ઉત્સવ બની ગયો છે. દેશ-વિદેશના લોકો આ ઉત્સવની આતુરતાથી રાહ જોતા હોય છે. પ્રકૃતિ, સંસ્કૃતિ, કલા, પરંપરા અને વારસાની આ ઉજવણીએ માત્ર સ્થાનિક અર્થવ્યવસ્થા ને વેગ આપ્યો નથી પરંતુ તેને વૈશ્વિક સાંસ્કૃતિક મંચમાં પણ પરિવર્તિત કર્યું છે. રણ ઉત્સવ પર ટપાલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા વિશેષ કવરની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે ટપાલ ટિકિટો અને વિશેષ કવર કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ અને વારસાને અન્ય ભાગો સાથે જોડીને સાંસ્કૃતિક આદાનપ્રદાનની સુવિધા આપે છે અને સાંસ્કૃતિક સંદર્ભ સ્થાપિત કરે છે. રણ ઉત્સવમાં હસ્તકલા અને કારીગરી દર્શાવતા વિવિધ સ્ટોલની મુલાકાત લેતી વખતે મુખ્યમંત્રીએ ઈન્ડિયા પોસ્ટ સ્ટોલની પણ મુલાકાત લીધી હતી અને ટપાલ સેવાઓની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે તેમને ગુજરાત થીમ પર વ્યક્તિગત માય સ્ટેમ્પ પણ ભેટ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગત વર્ષ ૨૦૨૩માં યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશને ધોરડોની જીવંતતા અને અનેક આકર્ષણોને ઓળખીને તેને “શ્રેષ્ઠ પ્રવાસન ગામ ૨૦૨૩”નું પ્રતિષ્ઠિત બિરુદ આપ્યું હતું.

પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે ‘રણ ઉત્સવ’ પર વિશેષ કવર એક અનોખા પ્રતીક તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. તે કચ્છના રણ, સફેદ મીઠાનું રણ, ટેન્ટ સિટી, સૂર્યાસ્ત, સુશોભિત ઊંટ અને સંગીતનાં સાધનોને સાચવતી જીવંત સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે. આ વિશેષ કવર પર રણ ઉત્સવ વિશે રસપ્રદ માહિતી પણ આપવામાં આવી છે, જે તેને વધુ માહિતીપ્રદ બનાવે છે. આમાં દર્શાવાયું છે કે તેની લોકપ્રિયતાને કારણે, વર્ષ ૨૦૦૫માં શરૂ થયેલો ત્રણ દિવસીય ઉત્સવ આજે કચ્છના રણ નજીકના ધોરડો ગામમાં ૧૦૦ દિવસના ઉત્સવમાં પરિવર્તિત થયો છે. સફેદ રેતી પર તંબુઓનું શહેર તેની રોમાંચકતાને કારણે દેશ અને દુનિયાના પ્રવાસીઓને આ-કર્ષિત કરે છે. ગુજરાતમાં કચ્છનું રણ તેની સફેદ ખારી રણની રેતી માટે પ્રખ્યાત છે અને તેને વિશ્વનું સૌથી મોટું ખારું રણ માનવામાં આવે છે.

પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે રણ ઉત્સવ એ માત્ર પ્રવાસન સ્થળ નથી પરંતુ તે કચ્છના આત્માની ઉજવણી પણ છે. આવી સ્થિતિમાં, પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક પ્રતીક તરીકે રણ ઉત્સવ પર બહાર પાડવામાં આવેલા આ વિશેષ કવર દ્વારા, યુવા પેઢી તેમની સંસ્કૃતિ અને વારસાથી માહિતગાર થઈ શકશે. આ વિશેષ કવર, ફિલેટલીનો અદ્ભુત ભાગ બનીને અને એની ઉપર ટપાલ ટિકિટ છપાઈને દેશ-વિદેશમાં જશે, જ્યાં તેઓ રણ ઉત્સવની કથા લોકો સુધી પહોંચાડશે. જેનાથી દેશ-વિદેશમાં પ્રવાસન ક્ષેત્રે પણ તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર થશે.

ઉલ્લેખનીય છે કે રણ ઉત્સવ કચ્છની સાંસ્કૃતિક જીવંતતા દર્શાવે છે. આ તહેવાર સંસ્કૃતિ, કલા, સંગીત અને સ્થાનિક હસ્તકલાનું અનોખું મિશ્રણ રજૂ કરે છે. તે કચ્છની પરંપરાઓને જીવંત બનાવે છે અને ભારતના વિવિધ ભાગોમાંથી આવતા પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે.

ટપાલ વિભાગના કચ્છ મંડળ ના સુપરિન્ટેન્ડન્ટ શ્રી એસ. આર. મિસ્ત્રી એ જણાવ્યું કે, ‘રણ ઉત્સવ’ પર વિમોચન કરાયેલ આ વિશેષ કવર ૨૫ રૂપિયામાં પોસ્ટ ઓફિસો થી મળી રહેશે. આ ઉપરાંત આ કવર ને રણ ઉત્સવમાં ટપાલ વિભાગના લાગેલ વિશેષ સ્ટોલ પરથી પણ પ્રાપ્ત કરી શકાશે.

આ પ્રસંગે મંત્રી (પર્યટન), શ્રી મુલુભાઈ બેરા, કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, પ્રમુખશ્રી જીલ્લા પંચાયત, શ્રી જનકસિંહ જાડેજા, જીલ્લા ભાજપ પ્રમુખ, શ્રી દેવજીભાઈ વરચંદ, ધારાસભ્ય ભુજ, શ્રી કેશુભાઈ પટેલ, ધારાસભ્ય રાપર, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, ધારાસભ્ય ગાંધીધામ, શ્રીમતી. માલતીબેન મહેશ્વરી, ધારાસભ્ય અબડાસા, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, ધારાસભ્ય અંજાર, શ્રી ત્રિકમભાઈ છાંગા, સચિવ (પર્યટન),શ્રી રાજેન્દ્ર કુમાર, મેનેજિંગ ડિરેક્ટર અને કમિશનર (પર્યટન), સુશ્રી સૈડિંગપુઈ છકછુક, કલેક્ટર કચ્છ, શ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારી કચ્છ, શ્રી એસ કે પ્રજાપતિ સરપંચ ધોરડો, શ્રી મીયા હુસેન અને કચ્છ ટપાલ વિભાગ ના અધિક્ષક, શ્રી એસ. આર. મિસ્ત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ નગરના મોક્ષધામની કામગીરીના બાકી નીકળતા રૂપિયા માટે કોન્ટ્રાક્ટર દ્વારા જિલ્લા સ્વાગતમા અરજી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં મોક્ષધામના નવીનીકરણ માટે ૨૦૧૫-૧૬ મા નગર પાલિકા દ્વારા કૈલાશધામનુ ટેન્ડરરીંગ કરવામાં આવ્યું હતું આ ટેન્ડરીંગમા તેમને સ્મશાનનો શેડ (ગૃહ) બનાવવાની કામગીરી જય કન્સ્ટ્રકશનને લાગેલ હતી. ટેન્ડરીંગ મુજબ તે સમયે આ કામગીરી કરવા માટે તેની રકમ ૨૫,૯૪,૦૦૦ હતી. કામગીરી પૂર્ણ થતાં પાલિકા દ્વારા ૧૫,૦૦,૦૦૦ નું બિલ ચૂકવી દેવામાં આવેલ છે પરંતુ બાકી નીકળતી ૧૦,૯૪,૦૦૦ રૂપિયા આજ સુધી જય કન્સ્ટ્રકશનને ચુકવવામાં આવેલ નથી.

આ અંગે જય કન્સ્ટ્રકશન દ્વારા લેખિત અને મૌખિક રીતે રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ તેમને તેમની બાકી નીકળતી રકમ મળેલ નથી જેથી જય કન્સ્ટ્રકશન દ્વારા આ રકમ મેળવવા માટે તાલુકા સ્વાગતમા અરજી કરવામાં આવેલ હતી. તાલુકા સ્વાગતમા તેમની અરજી આવતા આ અંગે નગરપાલિકા દ્વારા તાલુકા સ્વાગતમા લેખિત જવાબ આપ્યો હતો કે માનવ સેવા ટ્રસ્ટ પાસેથી નગરપાલિકાને આ રકમ લેવાની છે માનવ સેવા ટ્રસ્ટ આ રકમ ચૂકવશે ત્યારે આ રકમ આપવામાં આવશે. જય કન્સ્ટ્રકશનના પ્રોપરાઈટર અજય ભાઈના કહેવા મુજબ વર્ક ઓર્ડરમા આવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી જેથી તેઓ દ્વારા આ અંગે દાહોદ જિલ્લા સ્વાગતમા ન્યાય મળે તે માટે તારીખ ૧૨-૧૨-૨૦૨૪ ના રોજ અરજી કરવામાં આવેલ છે અને તેઓને આઠ વર્ષથી બાકી નીકળતી રકમ નથી મળી તો તેઓને સરકારના ધારા ધોરણ મુજબ વ્યાજ સાથે બાકી નીકળતી રકમ આપવામાં આવે તેવી માંગ કરેલ છે.

## ઝાલોદ વસંત મસાલા તેમજ રાજયોગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાત મંદ લાભાર્થીઓને કિટ વિતરણ કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

તા.૧૪/૧૨/૨૦૨૪ને રોજ રાજયોગ એજ્યુકેશન એંડ રિસર્ચ ફાઉંડેશન અને વસંત મસાલા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સહયોગથી પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે જરૂરિયાત મંદ લાભાર્થીઓને કીટ વિતરણનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં કુલ ૨૧૫ લાભાર્થીઓને કીટ વિતરણ બ્રહ્માકુમારીઝના મીતા દીદી તેમજ વસંત મસાલાના ઝાલોદ ફેક્ટરીના ઉપસ્થિત સ્ટાફના હસ્તે કરવામાં આવ્યો હતો. ઝાલોદ ખાતે પ્રોગ્રામ આયોજિત કરેલ જેમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને અનાજની કિટ વિતરણનો કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા અને લાભ લીધો હતો.

## ઝાલોદ તાલુકાની કોર્ટમાં ચાલતા કેસના ઝડપી નિરાકરણ અર્થે લોક અદાલતનો કાર્યક્રમ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

લોક અદાલતનો મતલબ લોકોની અદાલત. આ અદાલતમાં કોર્ટમા ચાલતા કેસ બે પક્ષોની સહમતી થી સમાધાન કરાવવામાં આવે છે. આવી લોક અદાલત યોજાવવા થી સૌથી મોટો ફાયદો એ છે કે કોર્ટમા ચાલતા કેસોમા કોઈને સજા નથી થતી તેમજ બંને પક્ષો રાજી રહેવાથી તરત કેસનો નિકાલ થઈ જાય છે. લોક અદાલતની સહુ પ્રથમ શરૂઆત ૧૪ માર્ચ ૧૯૮૨ ના રોજ કરવામાં આવી હતી. હવે આવી લોક અદાલત સમગ્ર ગુજરાતમાં દરેક કોર્ટોમા સમય મર્યાદામાં સમાવિષ્ટ થતી તારીખો મુજબ યોજાય છે.

તારીખ ૧૪-૧૨-૨૦૨૪ શનિવારના રોજ ઝાલોદ તાલુકાની કોર્ટે મારફતે લોક અદાલતનો કાર્યેક્રમ કોર્ટના રૂમમાં યોજવામા આવ્યો હતો. આ કાર્યેકૃમને પ્રિન્સિપાલ સિનિયર જજ અને એડીશનલ ચિફ જયુડી. મેજીસ્ટેટ ઝાલોદ દ્વારા દિવો પ્રગટાવીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.લોક અદાલતમાં નિકાલ માટે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આવેલ બે પક્ષોની સમજાવટ થી કોર્ટમા ચાલતા કેસના સમાધાન કરાવવામાં આવ્યા હતા. આ અદાલતમા બંને પક્ષોની સમજૂતી થી વકીલો સહીત અરજદારો અને ફરીયાદીઓને હાજર રહેલ હતા. ત્યારબાદ કોર્ટ દ્વારા બંને પક્ષોના વકીલો અને કેસ લડનારા વ્યક્તિઓને બંને પક્ષને રૂઢી અને પ્રથા મુજબની બંનને ગામોની પંચો મળીને બંનેને પક્ષોને સમજાવટ કરીને કેશોનો નિકાલ કરવામા આવ્યો હતો જેથી બને પક્ષકારોનો અને કોર્ટનો સમય બચે અને કોર્ટમાં કેસોનુ ભારણ ઘટે તેવા સુંદર આશય થી લોક અદાલત યોજવામાં આવી હતી.

## ઝાલોદ તાલુકામાંથી પસાર થતા નેશનલ કોરિડોર હાઇવેથી નુકશાની માટે લડત લડનાર ખેડૂત આગેવાન પોલિસ દ્વારા અટકાયત કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

આજરોજ તારીખ ૧૬-૧૨-૨૦૨૪ ના રોજ ઝાલોદ તાલુકા માંથી પસાર થતા નેશનલ કોરિડોર હાઈવે થી ૧૪ ગામોના ખેડૂતોનના ખેતરોમા પાણી ભરાઈ જવાથી જે નુકશાન થયેલ છે અને આ જમીનોમાં ફરી પાણી ન ભરાય તેવી સમતલ કરવાની માંગણી માટે ખેડૂત આગેવાન મૂકેશ ડાંગી દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી પરંતુ આ મુખ્ય માંગણી ન સંતોષાતા ૧૪ ગામોના ખેડૂતો દ્વારા મૂકેશભાઈ ડાંગીની આગેવાની હેઠળ નેશનલ કોરિડોર હાઈવેનું કામ આજરોજ ૧૬-૧૨-૨૦૨૪ ના રોજ બંધ કરાવનાર હતા ત્યારે ૧૪ ગામના ખેડૂત આગેવાન મૂકેશ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ડાંગીની લીમડી પોલિસ દ્વારા વહેલી સવારે અટકાયત કરી પોલિસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલિસ દ્વારા અટકાયત કરાયા બાદ આગેવાન મૂકેશ ડાંગીને છોડી દીધેલ હતા. ત્યારબાદ મૂકેશ ડાંગી દ્વારા ૧૪ ગામોના ખેડૂત આગેવાનોને સાથે રાખી પ્રાંત અધિકારીને મળવા આવેલ હતા પરંતુ પ્રાંત અધિકારી દ્વારા કાયદાની જોગવાઈ પ્રમાણે દરેક આ માંગ પુરી કરવા અમારા કાયદા હેઠળ નથી તેવું જણાવેલ હતું.તેથી ખેડૂતો દ્વારા તારીખ ૧૭-૧૨-૨૦૨૪ ના રોજ પોતાના પરિવારના ભરણ પોષણ માટે મીટિંગ કરવામાં આવનાર છે મીટીંગમાં આગામી કાર્યક્રમ ગોઠવી દરેક પુરાવા ભેગા કરી હાઈકોર્ટના દરવાજા ખખડાવશે તેમજ ગુજરાતના રાજ્યપાલને પણ મળશે અને આ અંગે રજૂઆત કરવામાં આવશે. ખેડૂત આગેવાન મૂકેશ ડાંગી એ વધુમાં કહ્યું હતું કે ખેડૂતોની જીવાદોરી સમાન જમીન પર જો અનાજ નહીં ઉગે તો ગરીબ પરિવારો ને જીવન જીવવું મુશ્કેલ થશે. આ વિસ્તાર આદિવાસી વિસ્તાર હોવાથી અહીંયા ગરીબ આદિવાસી પ્રજાનો મુખ્ય આવકનો સ્રોત ખેતી જ છે જો જમીનમાં પાક નહીં ઉગે તો ગરીબ ખેડૂત શું કરશે... પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરશે.. ખેડૂત આગેવાન મૂકેશ ડાંગી એ કહ્યું કે અમારી જમીનોમાં દિલ્હી મુંબઈ નેશનલ કોરિડોર બનતા ત્યાં જમીનોમાં પાણી ભરાઈ જાય છે જેથી ખેડૂતોનું પાક નિષ્ફળ જાય છે આગામી સમયમાં ખેડૂતોને યોગ્ય ન્યાય મળે તે માટેની લડત અમે ચાલુ રાખીશું તેમ જણાવ્યું હતું.

## ઝાલોદ બસડેપો પર એસ.ટી બસ ચાલકનું અગમ્ય કારણોસર મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

આજરોજ તારીખ ૧૬-૧૨-૨૦૨૪ ના રોજ અંદાજીત સવારે ૯:૩૦ વાગે એસ.ટી ડેપો પર ડેપો પર કામગીરી કરતા કર્મચારીઓની દોડાદોડ થઈ ગઈ હતી ત્યારે તપાસ કરતા માલુમ પડયું કે ઝાલોદ-રાજકોટ-જસદણ બસ જેનો નંબર **GJ-18-ZT-0171** જે સવારે ૬:૪૫ વાગે ઝાલોદ ખાતે આવેલ હતી તે બસના ડ્રાઈવર ગજેન્દ્રસિંહ.પી. ચાવડા બેભાન અવસ્થામાં જોવા મળેલ હતા તેથી તાત્કાલિક ૧૦૮નો સંપર્ક કરી તેમને ઝાલોદ નગરની સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા ત્યા લઈ જતા હાજર ડોક્ટર દ્વારા દર્દીની તપાસ કરતા તેમને મૃત જાહેર કરવામાં આવેલ હતા. એસ.ટી બસ ડ્રાઈવરના મોત થતાં તાત્કાલિક ઝાલોદ ડેપોના સંચાલક તેમજ પોલિસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલિસ દ્વારા આ ઘટના ક્યારે, કેવી રીતે બની તે માટે પી.એમ કરાવી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમને સમજાશે કે પ્રેમ બધી જ બાબતોને પાછળ મુકી શકે છે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે.

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. તમે જો એમ માનતા હો કે સમય જ નાણાં છે તે તમારે તમારી ઉચ્ચતમ ક્ષમતાએ પહોંચવા માટે જરૂરી પગલાં લેવાં જોઈએ.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. એ દરમિયાન જ થોડોક સમય આનંદ-પ્રમોદની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચો, જેથી વેગ જળવાઈ રહે તથા તમારૂં શરીર રિચાર્જ થાય.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

### મકર (ખ,જ) :

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.

## દક્ષિણ કોરિયાના પ્રમુખ સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર

। (એજન્સી) સિઓલ, તા.૧૬ ।

દક્ષિણ કોરિયાના પ્રમુખ યૂન સુક યેઓલ દેશમાં માર્શલ લૉ લાગુ કરવા બદલ ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે. હવે તેમની ખુરશી પણ જોખમમાં મૂકાઈ છે. સંસદમાં પ્રમુખ યુન સુક યેઓલ પર શનિવારે મહાભિયોગ ચલાવવાની દરખાસ્ત પર મતદાન કરવામાં આવ્યું હતું. જેમાં દરખાસ્તના સમર્થનમાં ૨૦૪ મત અને વિરોધમાં ૮૫ મત પડ્યા હતા. ૩ ડિસેમ્બરે માર્શલ લૉ લાગુ કરવાનો આદેશ આપ્યા બાદ યેઓલે બીજી વખત મહાભિયોગનો સામનો કરવો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે યેઓલના આ નિર્ણય બાદથી જ દક્ષિણ કોરિયાના રાજકારણમાં ખળભળાટ મચેલો છે.દક્ષિણ કોરિયાના બંધારણ મુજબ, સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ પસાર થયા બાદ યેઓલે કોર્ટની કાર્યવાહીનો સામનો કરવો પડશે. યૂનને પ્રમુખપદ પરથી હટાવવા કે કેમ તે નક્કી કરવા માટે કોર્ટ પાસે ૧૮૦ દિવસનો સમય છે.

## લોકોનું ધ્યાન વાળવા મોદી વારંવાર નહેરુને બદનામ કરે છે : કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કોંગ્રેસે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર જોરદાર શાબ્દિક હુમલો કર્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે જવાહરલાલ નહેરૂની પ્રતિષ્ઠાને ખરડવાનો અને ઓછા ઓછો લોકતાંત્રિક વહિવટ એ એકમાત્ર તેમનો આદર્શ બની ગયો છે. વડાપ્રધાન મોદી પોતાની નિષ્ફળતાઓથી અને હાલ તેમની સમક્ષ ઉભા થયેલા પડકારો બાબતે તેમણે સાધી લીધેલા મૌનથી લોકોનું ધ્યાન બીજે વાળવા વારંવાર દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂને બદનામ કરી રહ્યા છે. ભારતના બંધારણને પૂરાં થયેલા ભવ્ય ૭૫ વર્ષના વિષય ઉપર સંસદમાં થયેલી ચર્ચા દરમ્યાન વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. જેનો કોંગ્રેસે વળતો જવાબ આપ્યો હતો. ફ્રાન્સના પ્રખર વિચારક વોલ્તેરે કહ્યું હતું કે જો ઈશ્વર અસ્તિત્વ ના ધરાવતા હોય તો આપણે તેમને શોધી કાઢવા જરૂરી બનશે, સમાન રીતે જો નહેરૂ અસ્તિત્વ ના ધરાવતા હોત તો આપણને તેમની શોધ કરવાની ફરજ પડી હોત એમ કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું હતું. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે આપણા વડાપ્રધાનને નહેરૂના વળગણની જે બિમારી લાગી છે તે નહેરૂ ના હોત તો આપણા વડાપ્રધાન શું કરત? આપણા વડાપ્રધાન માટે પોતાની નિષ્ફળતાથી લોકોનું ધ્યાન બીજે વાળવા નહેરૂ જરૂરી બન્યા છે. આપણા વડાપ્રધાન સમક્ષ હાલ જે પડકારો ઉભા થયા છે તેના પગલે તેમણે જે હોઠ સીવી લીધા છે તેનાથી લોકોનું ધ્યાન બીજે વાળવા તેમના માટે નહેરૂ જરૂરી બની ગયા છે એમ રમેશે કહ્યું હતું.

### તબલાને કોઇનો પગ ન અડે તે માટે તેને ખોળામાં લઇને સૂતા હતા

# યુએસ પ્રમુખ બરાક ઓબામાએ ઝાકિર હુસૈનને કોન્સર્ટમાં આમંત્રિત કર્યા હતા

### ઝાકિર હુસૈન ૧૨ વર્ષના હતા ત્યારે તેમના પિતા અલ્લારખા સાથે એક કોન્સર્ટમાં ગયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।





તેમણે નાની ઉંમરમાં જ પિતાની સાથે કોન્સર્ટમાં જવાનું શરૂ કર્યું હતું. તેઓ અમેરિકામાં ખૂબ જ લોકપ્રિય હતા. વર્ષ ૨૦૧૬માં તેમને અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ ઓલ સ્ટાર ગ્લોબલ કોન્સર્ટમાં ભાગ લેવા આમંત્રિત કર્યા હતા. આ કોન્સર્ટમાં સામેલ થનાર ઝાકિર હુસૈન પ્રથમ ભારતીય સંગીતકાર હતા. અંગત જીવનની વાત કરીએ તો ઉસ્તાદ ઝાકિર હુસૈને એન્ટોનિયા મીન્નેકોલા સાથે લગ્ન કર્યા હતા, એ એક કથક ડાન્સર અને ટીચરની સાથે-સાથે તેમની મેનેજર પણ હતા. તેમને બે દિકરીઓ છે. ઝાકિર હુસૈનના અવસાનથી સંગીતવિશ્વની ધૂમ શાંત પડી ગઈ છે, અને તેમના ચાહકો સહિત સૌ કોઈ શોકમાં ગરકાવ થઈ ગયા છે. ૧૯૭૩માં તેણે પોતાનું પહેલું આલ્બમ 'લિવિંગ ઈન ધ મટિરિયલ વર્લ્ડ' લોન્ચ કર્યું.નાનપણથી ઉસ્તાદ ઝાકિર હુસૈન સપાટ જગ્યા જોઈને આંગળીઓ વગાડતા હતા. કોઈ પણ સપાટ જગ્યા જોઈને તે આંગળીઓ વડે ધૂન વગાડવા લાગતા. શરૂઆતમાં પરિવારના આર્થિક તકલીફવાળા દિવસોમાં મુસાફરીમાં પૈસાના અભાવે તે જનરલ કોચમાં ચડતા હતા. જો તેને બેઠક ન મળે, તો તે ફ્લોર પર અખબારો ફેલાવીને સૂઈ જતા. આ સમય દરમિયાન તબલાને કોઈનો પગ ન અડે તે માટે તે તેને ખોળામાં લઈને સૂઈ જતા હતા. ઝાકિર હુસૈને તેમના જીવનમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગના ઘણા મહાન ગાયકો, નૃત્યકારો અને અભિનેતાઓ સાથે પર્ફોર્મન્સ આપ્યું છે.ઝાકિર હુસૈન ૧૨ વર્ષના હતા ત્યારે તેમના પિતા અલ્લારખા સાથે એક કોન્સર્ટમાં ગયા હતા. પંડિત રવિશંકર, ઉસ્તાદ અલી અકબર ખાન, બિસ્મિલ્લાહ ખાન, પંડિત શામતા પ્રસાદ અને પંડિત કિશન મહારાજ જેવા સંગીતના દિગ્ગજોએ તે કોન્સર્ટમાં હાજરી આપી હતી. ઝાકિર હુસૈન તેમના પિતા સાથે સ્ટેજ પર ગયા હતા. તબલાંવાદન પુરુ થયા બાદ ઝાકીરને ૫ રૂ.નો પુરસ્કાર અપાયો હતો. બાદમાં એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે હું મારા જીવનમાં ઘણા પૈસા કમાયો છું, પરંતુ તે ૫ રૂપિયા સૌથી કિંમતી હતા. ઝાકિર હુસૈનને ઐતિહાસિક ફિલ્મ મુગલ-એ-આઝમ (૧૯૬૦)માં સલીમના નાના ભાઈની ભૂમિકાની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તે સમયે તેના પિતાએ તેને મંજૂરી આપી ન હતી.

### બાંગ્લાદેશના પદભ્રષ્ટ પીએમ પર આક્ષેપ

# શેખ હસીનાના ઇશારે લોકોને ગુમ કરાયા છે : બાંગ્લાદેશ કમિશન

### આ ઘટનાઓની તપાસ માટે રચવામાં આવેલા કમિશને અંદાજ લગાવ્યો છે કે આવા કેસોની સંખ્યા ૩,૫૦૦થી વધુ છે

। (એજન્સી) ઢાકા, તા.૧૬ ।



બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના શાસન દરમિયાન કથિત રીતે લોકોના ગુમ થવાના આશરે ૩૫૦૦ મામલાની તપાસ માટે દેશની વચગાળાની સરકારે પાંચ સભ્યોનું તપાસપંચ નીમ્યું હતું. આ તપાસપંચે તેના અહેવાલમાં જણાવ્યું છે કે લોકોના કથિત રીતે ગુમ થવા પાછળ પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના અને તેમના શાસનના ઉચ્ચ સૈન્ય અને પોલીસ અધિકારીઓની સંડોવણી હોવાના પુરાવા મળ્યા છે. આ કમિશને મુખ્ય સલાહકાર પ્રોફેસર મોહમ્મદ યુનુસને "સત્યનો ખુલાસો" શીર્ષક હેઠળનો પોતાનો વચગાળાનો અહેવાલ સુપરત કર્યો હતો અને ત્યારબાદ આ નિવેદન જારી કરવામાં આવ્યું હતું. આ ઘટનાઓની તપાસ માટે રચવામાં આવેલા કમિશને અંદાજ લગાવ્યો છે કે આવા કેસોની સંખ્યા ૩,૫૦૦થી વધુ છે. મુખ્ય સલાહકારના કાર્યાલયની પ્રેસ વિંગે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આયોગને પુરાવા મળ્યા છે કે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના નિર્દેશ પર લોકોને ગુમ કરી દેવામાં આવ્યા હતા. તેમાં જણાવવામાં આવ્યું છે કે રક્ષા સલાહકાર મેજર જમરલ (નિવૃત્ત) તારિક અહેમદ સિદ્દીકી, નેશનલ ટેલિકોમ સર્વેલન્સ સેન્ટરના ભૂતપૂર્વ મહાનિર્દેશક અને મેજર જનરલ ઝિયાઉલ અહસન, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ મોનિરુલ ઈસ્લામ અને મોહમ્મદ હારુન-ઓર-રશીદ અને અન્ય કેટલાક વરિષ્ઠ અધિકારીઓ પણ આ ઘટનાઓમાં સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ હાલમાં ફરાર છે. મનાઈ રહ્યું છે કે વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના બળવામાં ૫ ઓગસ્ટે શેખ હસીનાની અવામી લીગ સરકારને સત્તા પરથી ઉથલાવ્યા બાદ તેઓ દેશ છોડીને ભાગી ગયા છે.

## પ્રખ્યાત તબલા વાદક ઝાકિર હુસૈનનું નિધન, પરિવારના સભ્યોએ પુષ્ટી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

પ્રખ્યાત તબલા વાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધનની પુષ્ટી થઈ ગઈ છે. તેમની તબિયત નાજૂક હતી. રવિવારે તેમની તબિયત લથડતા તેમને તાત્કાલિક અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોની હોસ્પિટલમાં દાખલ કરાયા. જોકે પહેલા તેમના નિધનની અફવા ઉડી હતી અને પછી તેઓ સારવાર હેઠળ હોવાની વાત સામે આવી હતી. જોકે આજે સોમવારે તેમના પરિવારજનોએ આખરે તેમના નિધનની પુષ્ટી કરી દીધી હતી. મહત્વનું છે કે, જણાવી દઈએ કે, ૯ માર્ચ ૧૯૫૧એ મુંબઈમાં જન્મેલા ઝાકિર હુસૈનને ભારતના બીજા સૌથી મોટા નાગરિક પુરસ્કાર પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ, અને પદ્મ શ્રીથી સન્માનિત કરાયા હતા. ઝાકિર હુસૈનનું નામ આખી દુનિયામાં પ્રખ્યાત છે અને ભારત સહિત અનેક દેશોમાં તેમના કરોડો ચાહકો છે.ગંભીર હાલતના સમાચાર આવ્યાઆ અગાઉ પત્રકાર પરવેઝ આલમે X (અગાઉના ટ્વિટર) પર ઝાકિર હુસૈનની એક તસવીર શેર કરી હતી. આ સાથે તેણે લખ્યું હતું કે, 'તબલા વાદક, તાલ વાદક, સંગીતકાર, ભૂતપૂર્વ અભિનેતા અને મહાન તબલા વાદક અલ્લાહ રકખાના પુત્ર ઉસ્તાદ ઝાકિર હુસૈનની તબિયત સારી નથી.' જોકે બાદમાં તેમના નિધનના સમાચાર પણ ફેલાયા અને તેમની હાલત સ્થિર હોવાની જાણકારી અપાઈ પણ હવે તેમના પરિવારે નિધનની પુષ્ટી કરી દીધી છે.

ઝાકિર હુસૈનનો જન્મ મુંબઈમાં થયો હતો. ઝાકીરને બાળપણથી જ તબલાનો ખૂબ શોખ હતો અને તેણે તેના પિતા પાસેથી તેની ટ્રિક પણ શીખી હતી. માત્ર ત્રણ વર્ષની ઉંમરે, તેણે તાલ વગાડવાનું શીખવાનું શરૂ કર્યું. ઝાકિરનો પહેલો કોન્સર્ટ જ્યારે તે સાત વર્ષનો હતો ત્યારે કર્યો હતો. આ પછી, તેણે ૧૧ વર્ષની ઉંમરે પ્રવાસ કરવાનું શરૂ કર્યું. આ પછી, જ્યારે ઝાકિરને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ઓલ-સ્ટાર ગ્લોબલ કોન્સર્ટમાં ભાગ લેવા માટે વ્હાઈટ હાઉસમાં આમંત્રણ આપ્યું હતું.

## શિંદેને માંડ મનાવ્યાં । અમને બે મંત્રી પદ મળવા જોઈતા હતા : આઠવલે

### RPIના નેતા રામદાસ આઠવલેને મહાયુતિ સરકારમાં મંત્રી પદ મળ્યું નથી, જેના કારણે તેઓ નારાજ થયા છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી બાદ મુખ્યમંત્રી પદ અને કેબિનેટ વિસ્તરણ અંગે 'મહાયુતિ ગઠબંધન' ચાલી રહેલા વિવાદનો સુખઃદ અંત આવ્યો છે. ભાજપે શિવસેનાના પ્રમુખ એકનાથ શિંદેને મનાવી લીધા છે અને આજે ફડણવીસ સરકારના મંત્રીમંડળ પહેલું વિસ્તરણ થઈ ગયું છે, જેમાં ૩૯ ધારાસભ્યોએ શપથગ્રહણ કર્યા છે. બીજીતરફ કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાથી પક્ષ રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (RPI)ના નેતા રામદાસ આઠવલેને મહાયુતિ સરકારમાં મંત્રી પદ મળ્યું નથી, જેના કારણે તેઓ નારાજ થયા છે અને કહ્યું છે કે, 'અમારી ઉપેક્ષા કરવી યોગ્ય નથી. કેન્દ્રીય મંત્રી આઠવલેને રાજ્યમાં એકપણ મંત્રી પદ મળતા નારાજ થયા છે.

# ઈવીએમ માટે રડવાનું બંધ કરો, જે પરિણામ આવ્યા તેનો સ્વીકાર કરોઃ નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ અબ્દુલ્લાહ

। (માહિતી) જમ્મુ, તા.૧૬ ।



I.N.D.I.A બ્લોકમાં એક પછી એક પક્ષ કોંગ્રેસ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના રાજકીય ગઠબંધ મહા વિકાસ અઘાડીમાં સપા સાથે વિખવાદ બાદ વધુ એક મહત્ત્વપૂર્ણ સહયોગીએ કોંગ્રેસ સાથે છેડો ફાડવાની તૈયારીમાં હોય તેવો સંકેત આપ્યો છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાહે ઈવીએમ પર કોંગ્રેસ પક્ષના વિરોધને ફગાવતાં સલાહ આપી છે કે, ઈવીએમ માટે રડવાનું બંધ કરો, જે પરિણામ આવ્યા તેનો સ્વીકાર કરો. મીડિયા ઈન્ટરવ્યૂમાં અબ્દુલ્લાહે કહ્યું કે, જ્યારે તમારા ૧૦૦થી વધુ સાંસદો એક જ ઈવીએમથી ચૂંટાય છે, ત્યારે તમે તેને તમારા પક્ષની જીત તરીકે ઉજવો છો, બાદમાં થોડા મહિનાઓ પછી ફરી પાછો આક્ષેપ કરો છો કે, અમને ઈવીએમ દ્વારા મતદાન કરવું પસંદ નથી, કારણ કે હવે ચૂંટણીના પરિણામો તમારી ઈચ્છા વિરૂદ્ધ આવ્યા છે.' ઓમર અબ્દુલ્લાહની આ ટિપ્પણી ભારતીય જનતા પાર્ટીના વિચારો સાથે મેળ ખાય છે. ભાજપ પણ આ જ સલાહ આપે છે કે જ્યારે વિપક્ષ જીતે છે ત્યારે તેઓ ઈવીએમને સારું માને છે અને જ્યારે તેઓ હારે છે ત્યારે દોષનો ટોપલો ઈવીએમ પર ઢોળે છે. આ નિવેદનથી રાજકીય વિશ્લેષકો અંદાજ લગાવી રહ્યા છે કે, નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ વચ્ચે વિવાદ વધ્યો છે. તેમણે કહ્યું કે 'પાર્ટી લાઈનને અનુસરવાને બદલે હું સત્યને સત્ય અને ખોટાને ખોટું કહેવાનું પસંદ કરૂ છું. મારી સ્વતંત્ર વિચારસરણીનું ઉદાહરણ સેન્ટ્રલ વિસ્ટા જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને મારૂ સમર્થન છે. મને લાગે છે કે સેન્ટ્રલ વિસ્ટા દિલ્હીમાં ખૂબ જ સારો પ્રોજેક્ટ છે. હું માનું છું કે નવી સંસદ ભવનનું નિર્માણ એક તેજસ્વી વિચાર હતો. અમારે સંસદની નવી ઈમારતની જરૂર હતી. અગાઉની સંસદની ઈમારત જૂની હતી અને વર્તમાન જરૂરિયાતો માટે યોગ્ય નહોતી.' અબ્દુલ્લાહે વધુમાં જણાવ્યું કે, 'જો પાર્ટીઓને વોટિંગ સિસ્ટમમાં વિશ્વાસ ન હોય તો તેમણે ચૂંટણી ન લડવી જોઈએ. જો તમને ઈવીએમમાં સમસ્યા છે તો દરેક ચૂંટણીમાં તેની સાથે સમસ્યા થવી જોઈએ.' હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસે ઈવીએમની ભૂમિકા અને ચૂંટણી પરિણામો પર શંકા વ્યક્ત કરી છે. કોંગ્રેસના નેતાઓએ પેપર બેલેટથી મતદાન કરવાની હિમાયત કરી છે. ઓમર અબ્દુલ્લાહની તાજેતરની ટિપ્પણીઓ દર્શાવે છે કે તેમની નેશનલ કોન્ફરન્સ પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બધુ બરાબર નથી. તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી બંને પક્ષોએ ગઠબંધન કરીને લડી હતી.

## વિદેશ નીતિમાં બદલાવની શરૂઆત નરસિંહ રાવે કરી હતી : જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વિશ્વમાં બદલાતી જતી સ્થિતિને ધ્યાનમાં રાખીને વિદેશ નીતિમાં પણ પરિવર્તન જરૂરી હોવા પર ભાર મૂકીને વિદેશ પ્રધાન એસ જયશંકરે રવિવારે જણાવ્યું હતું કે વિકસિત ભારત માટે વિદેશી નીતિ હોવી જોઇએ. વિદેશ નીતિમાં પરિવર્તનને રાજકીય હુમલા તરીકે જોવું જોઈએ નહીં. વિદેશ નીતિમાં ફેરફાર કરવાની નરેન્દ્ર મોદીને જરૂરિયાત ઊભી થઈ ન હતી. તેની શરૂઆત નરસિંહ રાવ સરકારે કરી હતી. નવી દિલ્હીમાં 'ઈન્ડિયાઝ વર્લ્ડ' મેગેઝીનના લોકાર્પણ પ્રસંગે જયશંકરે જણાવ્યું હતું કે વિદેશ નીતિમાં બદલાવ શા માટે જરૂરી છે તે માટેના ચાર મુખ્ય પરિબળો છે. પ્રથમ એ કે ઘણા વર્ષો સુધી નેહરુ વિકાસ મોડલ હતું. તેનાથી નહેરુ વિદેશ નીતિનો જન્મ થયો હતો. ૧૯૪૦, ૫૦, ૬૦ અને ૭૦ના દાયકામાં વિશ્વ બે મહાસત્તા વચ્ચે વહેંચાયેલું હતું. આ પછી વિશ્વમાં એક મહાસત્તા એટલે કે એક ધ્રુવીય વિશ્વ બન્યું હતું. હવે આ બંને સ્થિતિ બદલાઈ ગઈ છે. આ ઉપરાંત છેલ્લાં બે દાયકામાં ખૂબ જ ઝડપથી વૈશ્વિકરણ થયું છે. તેનાથી એક દેશના બીજા દેશો સાથેના સંબંધો બદલાયા છે. જો આપણે ટેક્નોલોજીની અસરની વિચારણા કરીએ તો વિદેશ નીતિ, રાષ્ટ્રીય ક્ષમતાઓ પર અને આપણા રોજિંદા જીવન પર ટેક્નોલોજીની અસર થઈ છે. વિકસિત ભારતના વિઝન માટે વિકસિત ભારત માટેની વિદેશ નીતિની જરૂરિયાત હોવા પર ભાર મૂકીને તેમણે જણાવ્યું હતું કે જો આપણે વિકસિત ભારતની મહત્ત્વકાંક્ષા રાખીએ તો ચોક્કસપણે વિકસિત ભારત માટે વિદેશ નીતિ જરૂરી છે. એક દાયકા પહેલા આપણે અગ્રણી વૈશ્વિક તાકાત તરીકે આગળ વધવાની વિચારણા ચાલુ કરી હતી. આપણે કેવી રીતે વધુ મહત્વાકાંક્ષી બનવું, કેવી રીતે આગળ વધવું તેની વિચારણા કરી હતી.

## વિશેષ

### પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સુરક્ષાકર્મીઓ અને પ્રજાજનોએ સામુહિક યોગાભ્યાસ કર્યો

# આહવા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીના અધ્યક્ષ સ્થાને બે દિવસીય 'શિતકાલીન યોગ શિબિર' યોજાઇ

। (માહિતી) ડાંગ ।








દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાશોથી તારીખ ૨૧મી જુનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ સમગ્ર ગુજરાતના લોકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરીકને સ્વસ્ત જીવનશૈલી અને નિરોગી જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

યોગના આવા જ એક કાર્યક્રમ અંતર્ગત તારીખ ૧૫ અને ૧૬ ડિસેમ્બરના રોજ આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી અને યોગસેવક શ્રી શીશપાલજીના અધ્યક્ષ સ્થાને બે દિવસીય 'શિતકાલીન યોગ શિબિર' યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેને જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની દેન યોગને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સતત કાર્યશીલ છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત યોગ બોર્ડ દ્વારા રાજ્યભરમાં અત્યાર સુધી ૧.૫ લાખ જેટલા યોગ ટ્રેનરો તૈયાર કરવામાં આવ્યાં છે. આવનાર સમયમાં ૧૦ લાખ યોગ ટ્રેનરનો તૈયાર કરવાનો લક્ષ નિર્ધારીત કર્યો છે. આ તૈયાર થયેલા યોગ ટ્રેનરો મારફતે અન્ય લોકો સુધી યોગની પ્રવૃત્તિઓ થાય અને લોકો યોગ કરતા થાય તે માટે યોગ કલાસ શરૂ કરી સતત આરોગ્યલક્ષી પ્રયત્નો થઈ રહયા છે.

ડાંગ જિલ્લો પ્રાકૃતિક જિલ્લો છે. અહિ પ્રકૃતિની ગોદમાં વસતા આદિવાસીઓ લોકો યોગી બને નિરોગી અને સ્વસ્થ બને તે માટે ગુજરાત યોગ બોર્ડ સતત કાર્યશીલ છે. ગુજરાત રાજ્યના યોગ બોર્ડ દ્વારા પ્રધાનમંત્રીશ્રીના એક પેડ માં કે નામ, બેટી બચાવો બેટી પઢાવો, અને વ્યસન મુક્ત જેવા અભિયાનો પણ ચલાવવામાં આવી રહ્યા છે. તેમ યોગ બોર્ડના ચેરમેનશ્રીએ વધુમાં જણાવ્યું હતું. આહવા ખાતે તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ સાંજના ૦૫ થી ૦૭ કલાક અને તારીખ ૧૬ ડિસેમ્બરના રોજ સવારના ૬:૧૫ થી ૦૮:૧૫ કલાક દરમિયાન યોજાયેલ 'શિતકાલીન યોગ શિબિર' નો મુખ્ય હેતુ લોકોને માનસિક અને શારીરિક સ્વાસ્થયની સાથે સાથે આવનાર પેઢીમાં યોગ અંગે જાગૃતતા લાવવા તેમજ લોકો યોગ તરફ પ્રેરાય તે માટેનો હતો. આ કાર્યક્રમમાં આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌધરી, તેજસ્વિની સંસ્કૃતિ ધામના બ્રહ્મવાદિની સુશ્રી હેતલ દીદી, સુરત ઝોનના યોગ કો-ઓર્ડિનેટર શ્રીમતી પ્રિતીબેન પાંડે, ડાંગ જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર સુ.શ્રી પ્રિયંકાબેન ભોયે સહિત જિલ્લાના યોગ કોચ, યોગ ટ્રેનરો, સુરક્ષાકર્મીઓ અને પ્રજાજનોએ ઉપસ્થિત રહી સામુહિક સામુહિક યોગાભ્યાસ કર્યો હતો.





મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કચ્છના સફેદ રણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી પ્રતિવર્ષ યોજાતા રણોત્સવમાં સહભાગી થવા ધોરડોની મુલાકાતે છે. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા સાથે તેમણે રણોત્સવ સ્થળે ક્રાફટ બજારના વિવિધ હસ્ત કલાકારીગરીના સ્ટોલની વિઝીટ કરીને ગ્રામીણ મહિલા શકિત સહિત કારીગરો સાથે સહજ સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રી રણોત્સવ માણવા આવેલા અન્ય પ્રવાસીઓને પણ મળ્યા હતા અને સુવિધાઓ અંગે વિગતો જાણી હતી. વિશ્વના પ્રવાસન નકશામાં આગવી ઓળખ મેળવેલા કચ્છ રણોત્સવમાં દેશ અને દુનિયાના પ્રવાસન પ્રેમીઓ મોટી સંખ્યામાં આવે છે. પ્રવાસન વિભાગના એક અંદાજ મુજબ ગયા વર્ષે અંદાજે ૭ લાખ લોકો કચ્છના પ્રવાસે આવ્યા છે.

## ૩૧મી ડિસેમ્બરથી રેલવે ક્રોસિંગ નં. ૨૪૩ ડી-કેબિન ફાટક કાયમી ધોરણે બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ મંડળ પર અમદાવાદ-પાલનપુર સેક્શનના સાબરમતી-ખોડિયાર સ્ટેશન વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૨૪૩ ડી-કેબિન ફાટક (કિમી.૭૭૬/૪-૫) ની જગ્યાએ રોડ અંડર બ્રિજ (આરયુબી) નિર્માણ થઈ ગયું છે. તદનુસાર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ થી આ રેલ્વે ફાટક રોડ ટ્રાફિક માટે કાયમી ધોરણે બંધ કરવામાં આવશે. રોડ યુઝર્સ નવા બનેલા રોડ અંડર બ્રિજ (આરયુબી) દ્વારા અવર જવર કરી શકશે.

## વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી, સરદાર બાગમાં ચંદન ચોરોનો આતંક

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં પુષ્પારાજનો આતંક જોવા મળ્યો છે. અગાઉ ૨ દિવસ પહેલા ચોરોએ હેડ ઓફિસ પાછળ ૨ ચંદનના ઝાડની તસ્કરી કરી હતી. હવે વધુ ૩ ઝાડ કાપી ચોરીનો પ્રયાસ કર્યા હોવાનું સામે આવ્યું છે. તેમજ વૃક્ષોની સુરક્ષા અંગે પણ સવાલો ઉઠ્યા છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તેમજ સરદારબાગમાંથી પણ ૧ વૃક્ષની ચોરી થતા ખળભળાટ મચી ગયો છે. એમ એસ યુનિવર્સિટીમાં ચંદનનાં અંદાજે ૪૦૦થી વધુ ઝાડ વાવવામાં આવ્યા છે. બોટની વિભાગમાં પહેલા પણ ચોરીના પ્રયાસો થયા છે. યુનિવર્સિટીની હેડ ઓફિસ પાછળ રાત્રિના સમયે ચંદનનાં ૨ વૃક્ષને લોખંડની જાળી હોવા છતાં આધુનિક સાધનો વડે વચ્ચેથી કાપીને તસ્કરો ચોરી કરી ગયા હતા. એવું પણ જણાઈ રહ્યું છે કોઈ જાણભેદું તસ્કરીમાં સામેલ છે. માહિતી પ્રમાણે અગાઉ પણ યુનિવર્સિટીમાં ચંદનના ઝાડની ચોરી કરવામાં આવી છે. યુનિવર્સિટીમાં સફળતા ન મળતા ચોરો હવે મ્યુનિસિપાલિટી હસ્તગત સરદાર બાગમાં ચંદનના ૧ વૃક્ષની ચોરી કર્યાનું જાણવા મળ્યું છે.

## બનાસકાંઠાના પાલનપુરમાં યુવતીએ આત્મહત્યા કરી

। (એજન્સી) પાલનપુર, તા.૧૬ ।

બનાસકાંઠાના પાલનપુરમાં યુવતીએ આત્મહત્યા કરી છે. આત્મહત્યા પહેલા યુવતીએ માફી માંગતો વિડીયો બનાવ્યો છે. મૃતક યુવતીના મોબાઈલમાંથી વિડીયો મળ્યો છે. મોબાઈલમાં તેણે અજાણ્યા યુવક સાથે વાતચીત કરી હોવાનો ઓડિયો પણ મળ્યો છે. મૃતક યુવતીના મોબાઈલમાંથી યુવક સાથેની વાતચીતનો વિડીયો મળી આવતા કુટુંબીજનોએ પાલન પુર પશ્ચિમ પોલીસમથકે રજૂઆત કરી છે. તેઓએ આ ઓડિયામાં અજાણ્યા યુવકનો અવાજ સંભળાય છે તેની સામે ફરિયાદ નોંધી છે. તેના પગલે પોલીસે આ અજાણ્યા યુવક સામે ગુનો નોંધ્યો છે. પોલીસ કુટુંબીજનોની રજૂઆતના પગલે યુવતીનો મોબાઈલ તેના કબ્જામાં લીધો છે.

### ભૂપેન્દ્ર પટેલની સખી બહેનો સાથે પ્રેરણાદાયી મુલાકાત

# કચ્છના ધોરડોમાં રણોત્સવ સાથે “સખી ક્રાફ્ટ બજાર”નું આયોજન

। ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની લિમિટેડ દ્વારા સખી મંડળની બેહનો માટે દર વર્ષે માર્કેટિંગના ભાગ રૂપે રાષ્ટ્રીય કક્ષાના ૨ સરસ મેળા અને પ્રાદેશિક કક્ષાના ૧૦-૧૨ સરસ મેળાઓ કરવામાં આવે છે. પણ આ વર્ષે એમાં વધારો કરીને શોપિંગ ફેસ્ટિવલ, મોટા મોલમાં સખી માર્કેટ, ફ્લી માર્કેટ, ઈન્ડેક્સ્ટ-સીના મેળાઓ, ટૂરિઝમના કાર્યક્રમો વગેરેમાં પણ જગ્યા મેળવીને સખી મંડળો માટે વસ્તુઓના વેચાણ અને બ્રાન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ વખતે ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કચ્છના ધોરડોમાં ઉજવાતા રણોત્સવમાં ૧૪મી ડિસેમ્બર ૨૦૨૪ થી ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ સુધી સખી બહેનો માટે સખી ક્રાફટ બજારનું આયોજન કરવામાં આવ્યું છે. આ બજારમાં સ્વસહાય જુથના બહેનોની હાથ બનાવટની વસ્તુઓના વેચાણ માટે કુલ ૧૦૦ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે જેમાંથી ગુજરાત રાજ્યની સખી બહેનોના ૬૦ સ્ટોલ્સ અને અન્ય રાજયોની સખી બહેનોના ૪૦ સ્ટોલ્સ હશે, જે પરંપરાગત હસ્તકલા અને આધુનિક ડિઝાઈનના અનોખા સંયોજનને પ્રસ્તુત કરશે. સખી ક્રાફટ બજારનું આયોજન ત્રણ તબક્કામાં કરવામાં આવશે, જેમાં દર ૧૫ દિવસે સ્ટોલ બદલાશે, એટલે કે કુલ ૩૦૦ સ્વસહાય જુથને આ ઈવેન્ટ દ્વારા સીધું માર્કેટ મળશે.

અહીં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સખી ક્રાફટ બજારની મુલાકાત લેવામાં આવી



તેમજ સખી મંડળની બહેનો સાથે તેમના વિવિધ સ્ટોલ પર મુલાકાત લઈ તેમના કૌશલ્ય અને કાર્યને પ્રોત્સાહન આપ્યું. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં ગામડાની મહિલાઓ માટે અનેક યોજનાઓ અમલમાં મુકાઈ છે. સખી મંડળો દ્વારા મહિલાઓના જીવનમાં ભૌતિક અને આર્થિક પરિવર્તન લાવવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

દર વર્ષે અહીં દેશ વિદેશથી પ્રવાસીઓ રણોત્સવ માણવા આવે છે ત્યારે આ વર્ષે સખી ક્રાફટ બજાર તેમાં એક વિશિષ્ટ આકર્ષણ બનશે જ્યાં દેશભરમાંથી અનોખી હસ્તકળા, પરંપરા અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખતી કળાકૃતિઓનું સખી બહેનો દ્વારા વેચાણ કરવામાં આવશે.

સખી ક્રાફટ બજાર કળાપ્રેમીઓ, સંગ્રાહકો અને હસ્તકળાની વસ્તુઓને પસંદ કરનારા માટે ખજાનો સાબિત થશે. હસ્તકળા અને હાથવણાટથી લઈને માટીની વાસણો, જ્વેલરી અને હોમ ડેકોર જેવી અનેક પ્રકારની વસ્તુઓનું અહીં વેચાણ થશે.

**મુખ્ય આકર્ષણો : સખી ક્રાફ્ટ બજાર : શોપિંગ સાથે આનંદ અને અનુભવનો અનોખો સંમેલન**

૧. થીમ પેવેલિયનઃ સખી બહેનોની પ્રેરક સફળતા ગાથાઓ અને તેમના કારગત કાર્યનું પ્રદર્શન
૨. કિડ્સ ઝોનઃ બાળકો માટે મનોરંજક પ્રવૃત્તિઓ અને આનંદદાયક અનુભવ.
૩. કેફેટેરિયાઃ સ્વસહાય જૂથના બહેનો દ્વારા તૈયાર કરાયેલા સ્વાદિષ્ટ સ્થાનીય વાનગીઓ.
૪. લાઈવ વર્કશોપઃ
- માટીકામ અને હેન્ડીક્રાફટની વસ્તુઓનું નિર્માણ
- હેન્ડલૂમ ઉત્પાદનોની તૈયારી
- ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનો જેમ કે પેપર બેગ અને નારિયેળના છાલના શિલ્પો
- લોકલ ખાદ્ય પદાર્થોની પ્રત્યક્ષ બનાવટ વગેરે જેવી વર્કશોપ કરવામાં આવશે.

૫. સાંસ્કૃતિક કાર્યક્રમઃ લોકલ આર્ટિસ્ટ દ્વારા સંગીત નાઈટ, કોમેડી શો અને અન્ય આકર્ષક કાર્યક્રમો રજૂ કરાશે.
૬. પ્રેરણા પ્રવાસઃ સ્વસહાય જૂથના બહેનો માટે પ્રેરણાદાયી પ્રવાસનું આયોજન જેમાં નવા મંચ, નવી ટેકનિક વિશે જાગૃત કરવામાં આવશે.
૭. ગ્રામ વિકાસના વિવિધ પ્રોજેક્ટ, જેમ કે રણોત્સવમાં સફાઈ અભિયાન દ્વારા લોકોને જોડવા.

કચ્છમાં યોજાનાર સખી ક્રાફટ બજાર માત્ર એક બજાર નથી; તે હસ્તકલાકારોના ઊજવણી માટેનું મંચ છે. કચ્છના રણની અજોડ સુંદરતાની વચ્ચે ગામની બહેનોની ભૂલાવી ન શકાય તેવી હસ્તકળા માણવા જરૂર પધારો.

### દરવાજે ઊભા રહીને કહ્યું, ‘તલાક, તલાક, તલાક

## પ્રોફેસરે લગ્નના ૨૩ વર્ષ બાદ પત્નીને આપ્યા છૂટાછેડા

। અમદાવાદ, તા.૧૬ ।

ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ પ્રોફેસર દંપતીના લગ્ન વર્ષ ૨૦૦૧માં થયા હતા. તે સમયે તેનો પતિ કોઈ ધંધો કરતો ન હતો. લગ્નના પહેલા મહિનાથી જ પતિ તેની પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. દંપતીને ત્રણ બાળકો છે, જેમાંથી સૌથી મોટી ૨૧ વર્ષની પુત્રી છે, ત્યારબાદ ૧૬ વર્ષની પુત્રી અને ૧૨ વર્ષનો પુત્ર છે. ૨૦૦૧માં જ્યારે બંનેના લગ્ન થયા ત્યારે મસીહુજમા અંસારી કોઈ વ્યવસાય કરતા ન હતા. મસીહુજમા તેની પ્રોફેસર પત્નીના પગારમાંથી જ લક્ઝરી માણતો હતો. પ્રોફેસર જ્યારે ઈચ્છે ત્યારે પત્નીના એટીએમ કાર્ડ અને ચેકબુકમાંથી પૈસા ઉપાડી લેતા હતા. આરોપ છે કે પતિ મસીહુજમા અંસારીએ તેની બહેનના ભણતર અને લગ્નનો ખર્ચ તેની પ્રોફેસર પત્નીના પગારમાંથી ઉઠાવ્યો હતો. પ્રોફેસરની પત્નીએ પણ પોતાના પ્રોફેસર પતિ પર સંતાનોને લઈને ચોંકાવનારા આરોપો લગાવ્યા છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, પ્રથમ પુત્રીના જન્મ પછી, તે વર્ષ ૨૦૦૮ માં ફરીથી ગર્ભવતી થઈ, જ્યારે તેના પતિએ કહ્યું કે આ વખતે પુત્રીનો જન્મ ન થવો જોઈએ, જો પુત્રીનો જન્મ થશે તો તે તેણીને ખુશીથી જીવવા નહીં દે. આ પછી બીજી દીકરીનો જન્મ થતાં પ્રોફેસર પતિએ તેની પત્ની અને બંને બાળકોને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આ પછી વર્ષ ૨૦૧૨માં જ્યારે પ્રોફેસર પત્ની ત્રીજી વખત ગર્ભવતી થઈ ત્યારે પ્રોફેસર પતિએ તેની પત્નીને કહ્યું હતું કે જો આ વખતે દીકરીનો જન્મ થશે તો તે તેને અને તેની દીકરીઓને મારી નાખશે. આ પછી પ્રોફેસર પત્નીને એક પુત્ર થયો. પરંતુ તેમ છતાં પ્રોફેસર પતિના સ્વભાવમાં કોઈ ફેર પડ્યો ન હતો અને પ્રોફેસર પતિએ તેની પત્ની અને ત્રણ સંતાનોને નાની-નાની બાબતો પર અત્યાચાર ગુજારીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું હતું.

પ્રોફેસર મસીહુજમા અંસારી તેની પત્નીને કહેતો હતો કે, હું તને પસંદ નથી કરતી, તું મારા માટે બોજ બની ગઈ છે, મારે ફરીથી લગ્ન કરવા છે, તેથી મહિલા પ્રોફેસર મને છૂટાછેડા આપી દે તેના માતાપિતા અને ભાઈઓ સાથે આ બાબતે ચર્ચા કરી હતી. આ પછી, બધાએ પ્રોફેસર પાટીને સમજવાની કોશિશ કરી છતાં તેઓ માન્યા નહીં. પરંતુ મહિલા પ્રોફેસરે પોતાનું લગ્ન જીવન ટકાવી રાખવા માટે બધું સહન કરવાનું યોગ્ય માન્યું.

### ભૂલકા ભવન પાસે મધ્ય રાત્રીનો બનાવ બન્યો

## અડાજણમાં કાર સાથે બાઈક પુર ઝડપે અથડાઈ હોવાની ઘટના બની

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરતના અડાજણમાં કાર સાથે બાઈક પુર ઝડપે અથડાઈ હોવાની ઘટના બની છે. ભૂલકા ભવન પાસે મધ્ય રાત્રીનો બનાવ બન્યો હતો. કાર સાથે બાઈક અથડાતા બાઈકનો ભુક્કો થયો. ત્રણ સવારી કરતા બાઈક ચાલકો ઈજાગ્રસ્ત.

સુરતમાં અડાજણની ભૂલકા વિહાર શાળા પાસે અકસ્માતની ઘટના બની હતી. પૂર ઝડપે સ્પોર્ટ્સ બાઈક કાર સાથે અથડાઈ. યુ ટર્ન લેતી કાર સાથે પૂર ઝડપે આવતી સ્પોર્ટ્સ બાઈક અથડાઈ. બાઈક સવાર ત્રણેય યુવકોને ગંભીર રીતે ઈજા થઈ હોવાનું સામે આવ્યું હતું. ઘટના બાદ તાત્કાલિક યુવકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતમાં બાઈકનું કચ્ચરઘાણ નીકળ્યું. સમગ્ર મામલે અડાજણ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. બાઈક ચાલકનું નામ અંતિમ ગુપ્તા હોવાનું સામે આવ્યું છે. બાઈક ચાલકના શરીર પર ૨૨ જેટલા ટાંકા આવ્યા હોવાની પણ માહિતી સામે આવી છે. અન્ય ૨ મિત્રોને સામાન્ય ઈજા પહોંચી હતી. બાઈક તેમની નહોતી તેવી પણ માહિતી પરિજનો તરફથી જાણવા મળી છે.

### ૩૫૦થી વધુના નકલી દસ્તાવેજ થયા

## રાજકોટમાં અબજો રૂપિયા નું બોગસ જમીન કૌભાંડ

। (એજન્સી) રાજકોટ, તા.૧૬ ।

રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી ચર્ચાસ્પદ બનેલા જમીન કૌભાંડમાં પોલીસ દ્વારા તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. શહેરમાં નકલી દસ્તાવેજનો રાફડો ફાટ્યો છે. જેથી આ બોગસ જમીન કૌભાંડનો આંકડો કરોડોમાં પહોંચે તો નવાઈ નથી. ૨૦૦૧થી ૨૦૨૨ સુધીમાં ૩૫૦થી વધુ નકલી દસ્તાવેજ થયા હોવાનો ખુલાસો થયો છે. બોગસ જમીન કૌભાંડનો આંકડો ૨૦ હજાર કરોડ આસપાસ પહોંચી શકે છે. સરકારી વિભાગના અભિલેખાગાર, સબ રજીસ્ટ્રાર, મામલતદાર કચેરીનાં કર્મચારીઓની સંડોવણી હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે. શહેર પોલીસે આરોપી હર્ષ સોનીનાં ફ્લેટમાંથી સ્ટેમ્પ કબ્જે કર્યા છે. દસ્તાવેજ બનાવવાનાં મશીન, સિલ્વર પેપર, ૐ સહિતનું સાહિત્ય કબ્જે કરવામાં આવ્યું છે. ૨-૨ લાખ રૂપિયામાં નકલી લેખ ભૂમાફિયાઓને વેચવામાં આવતા હોવાની વિગત બહાર આવી છે. જેથી હવે ભૂમાફિયા સુધી આ તપાસ લંબાય તો નવાઈ નથી. શહેર સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ કૌભાંડની આશંકા સેવાઈ રહી છે.

## આબુ રોડ-માવલ સ્ટેશનો વચ્ચે એન્જિનિયરિંગ કામ માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૧૬ ।

ઉત્તર પશ્ચિમ રેલવે અજમેર મંડળના આબુ રોડ – માવલ સેક્સન વચ્ચે બ્રિજ નંબર ૭૯૭ કિમી ૬૦૧/૮-૯ પર આરસીસી બોક્સ લોન્ચિંગ કરવા માટેના પ્રસ્તાવિત બ્લોકને કારણે કેટલીક ટ્રેનોને અસરપ્રભાવિત થશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેન**

- ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, જોધપુરથી ચાલતી ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આબુ રોડ-સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.
- ૧૮ ડિસેમ્બર ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધુપર એક્સપ્રેસ આબુ રોડથી શોર્ટ ઓરિજીનેટ થશે અને સાબરમતી-આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

**રીશેડ્યુલ (લેટ) ટ્રેન**

- ૧૬મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ શ્રીગંગાનગરથી ચાલતી ટ્રેન નંબર ૧૪૭૦૧ શ્રીગંગાનગર-બાંદ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ શ્રીગંગાનગરથી ૪.૦૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે.
- ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લાલગઢથી ચાલતી ટ્રેન નંબર ૧૪૭૦૭ લાલગઢ-દાદર રણકપુર એક્સપ્રેસ લાલગઢથી ૨.૦૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે.
- ૧૭મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ભગત કી કોઠીથી ચાલતી ટ્રેન નંબર ૧૧૦૮૯ ભગત કી કોઠી-પુણે એક્સપ્રેસ ભગત કી કોઠીથી ૦૩.૩૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે.

**રેગ્યુલેટ (લેટ) ટ્રેન**

- ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, સાબરમતીથી ચાલતી ટ્રેન નંબર ૨૨૫૪૮ સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસને માવલ સ્ટેશન પર ૧૨ મિનિટ રેગ્યુલેટ થશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના, માર્ગ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

## ન્યૂઝ ૧૮ ગુજરાતી દ્વારા આયોજિત રાઈઝિંગ ગુજરાત ૨૦૨૪ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

### કેબિનેટ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને શ્રી ઋષિકેશ પટેલ તથા રાજયકક્ષા મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા અને હર્ષ સંઘવી વિવિધ સંવાદ સત્રોમાં રહ્યા ઉપસ્થિત

। અમદાવાદ, તા.૧૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ન્યૂઝ ૧૮ ગુજરાતી દ્વારા આયોજિત રાઈઝિંગ ગુજરાત ૨૦૨૪ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સંવાદ સત્રોમાં રાજ્ય સરકારના કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેબિનેટ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને શ્રી ઋષિકેશ પટેલ તથા રાજયકક્ષા મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા અને શ્રી હર્ષ સંઘવીએ ન્યૂઝ ૧૮ ગુજરાતી દ્વારા આયોજિત વિવિધ સત્રોમાં સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કારગીલ વિજય દિવસ નિમિતે સૌ જવાનોની સેવાઓને બિરદાવતા ઉદબોધનની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે વિકાસની રાજનીતિ થકી રાઈઝિંગ ગુજરાતનો પાયો નાખ્યો હતો. પાણી, વીજળી સહિતની માળખાગત સુવિધાઓના આયોજપૂર્વકના અમલીકરણ થકી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસયાત્રાની શરૂઆત કરાવી હતી. વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે દુનિયાભરમાં જાણીતી બની છે. આ સમિટ રાજ્યમાં ઉદ્યોગ ધંધાના વિકાસમાં સીમાચિહ્નરૂપ



બની છે. સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીને દેશમાં લાવવાનું બહુમાન પણ શ્રી નરેન્દ્રભાઈને જાય છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ચાલી રહેલા વિવિધ અભિયાનો અને યોજનાઓ વિશે વાત કરતાં કહ્યું હતું કે, વોટર કંઝર્વેશન માટે રાજ્યમાં અમૃત સરોવર તથા કેચ ધ રેઈન જેવી મુહિમ ચલાવવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ થકી આજે રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિ આવી છે. ‘એક પેડ માં કે નામ‘ અભિયાન આજે પર્યાવરણ સંરક્ષણનું અભિયાન બન્યું છે. આજે ગ્રીન એનર્જી જેવા નવીન ક્ષેત્રો સહિત તમામ ક્ષેત્રોમાં નવું ભારત જોશભેર વિકાસ સાધી રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. રાઈઝિંગ ગુજરાત થકી રાઈઝિંગ ભારતના નિર્માણમાં સૌએ સાથે મળીને આગળ વધવાનું છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ બનાવીને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો હતો.

## દેવગઢ બારીઆ તાલુકાની નદીઓમાંથી કાઢવામાં આવતી ગેર કાયદેસર રેતી...

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૬ ।

દેવગઢ બારીઆ તાલુકા મા આવેલ નદીઓમા થી મન ફાવે તેમ ગેરકાયદેસર કોઈ પણ પ્રકાર ની પરવાનગી વિના આડેધડ ખોદી રેતી કાઢવા માં આવે છે જેના કારણે આસપાસ ના ખેતરો ના બોર કુઆ મા જે પાણી ખેતી માટે વપરાય છે તે પાણી ના સ્તર નીચા જતા રહ્યા છે જેના કારણે ખેડૂતો ને ખેતી કરવા માં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે આ બાબત ની વારંવાર રજૂઆતો અને મૌખિક રજૂઆતો કરવા છતાં પણ કોઈ નિરાકરણ આવતું નથી અને રેતી પણ એટલી ઓવરલોડ ભરવા મા આવે છે જેથી ગ્રામ્ય તથા નગર ના રોડ ને ખુબ મોટું નુકશાન થાય છે અને પ્રજા તથા રાહદારીઓ ને ખાણખનીજ વિભાગ દ્વારા થોડા દિવસો પહેલા દેવગઢ બારીઆ તાલુકા ના ભુવાલ ગામ ની ઉજવવળ નદી માં થી હિટાચી મશીન સહિત મુદા માલ જપ્ત કરેલ જેમાં પણ કોઈ કાર્યવાહી કરવા માં આવી ના હોય મોટી રકમ લઈ તોડપાની કર્યો હોય તેવી લોકમુખે ચર્ચાઓ પણ થઈ રહી છે મુશ્કેલીઓ ભોગવવી પડે છે આ રેતીઓ ની ચાલતી ગેરકાયદેસર લીઝ બંધ કરાવવા માં તંત્ર ની ઉદાસીનતા કેમ લાગે છે કોઈ મોટા અધિકારી કે પછી રાજકીય નેતા નું દબાણ હોય તેવું સ્પષ્ટ સમજાઈ રહ્યું છે.